પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬૦ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

परम पूज्य पंन्यासश्री भद्रंकरविजयजी गणिवर्य महाराजा



मयि तद्रूपं सोऽहं ।
परमात्मानुं रूप मारामां छे अने ते ज हुं छुं.

आगमन : संवत १९५९ ने मागशर सुद त्रीज (ई.स.१९०२)
ऊर्ध्वगमन : सवंत २०३६ ने वैशाख सुद चौदस (ई.स.१९८०)

## સૌભાગ્યભાજસૂચક શ્રી પાંસઠીયા યંત્રરાજ

ૐ હ્રીં શ્રીં અર્હં...

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨<br>નેમિનાથાય<br>નમઃ। | ૩<br>સંભવનાથાય<br>નમઃ। | ૯<br>સુવિધિનાથાય<br>નમઃ। | ૧૫<br>ધર્મનાથાય<br>નમઃ। | ૧૬<br>શાંતિનાથાય<br>નમઃ। |
| ૧૪<br>અનંતનાથાય<br>નમઃ। | ૨૦<br>મુનિસુવ્રતસ્વામિને<br>નમઃ। | ૨૧<br>નમિનાથાય<br>નમઃ। | ૨<br>અજિતનાથાય<br>નમઃ। | ૮<br>ચંદ્રપ્રભનાથાય<br>નમઃ। |
| ૧<br>આદિનાથાય<br>નમઃ। | ૭<br>સુપાર્શ્વનાથાય<br>નમઃ। | ૧૩<br>વિમલનાથાય<br>નમઃ। | ૧૯<br>મલ્લિનાથાય<br>નમઃ। | ૨૫<br>ચતુર્વિધસંઘાય<br>નમઃ। |
| ૧૮<br>અરનાથાય<br>નમઃ। | ૨૪<br>મહાવીરસ્વામિને<br>નમઃ। | ૫<br>સુમતિનાથાય<br>નમઃ। | ૬<br>પદ્મપ્રભનાથાય<br>નમઃ। | ૧૨<br>વાસુપૂજ્યનાથાય<br>નમઃ। |
| ૧૦<br>શીતલનાથાય<br>નમઃ। | ૧૧<br>શ્રેયાંસનાથાય<br>નમઃ। | ૧૭<br>કુંથુનાથાય<br>નમઃ। | ૨૩<br>પાર્શ્વનાથાય<br>નમઃ। | ૪<br>અભિનંદનનાથાય<br>નમઃ। |

૨૪ તીર્થંકરો તથા તેઓના ધર્મશાસનને આ યંત્રરાજમાં આપેલ ક્રમ મુજબ નમન કરવાથી સૌભાગ્યપ્રાપ્તિ થાય છે.

**૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, શ્રી આરાધના ધામ તીર્થ મધ્યે 'Making of Hastakshar' નામે રજૂઆત થયેલ ૧૧ મીનીટની શોર્ટ ફિલ્મ**

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'Making of Hastakshar' શોર્ટ ફિલ્મ જોવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬૦ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 60**

Year 2022 / સંવત્ ૨૦૭૮
350 Copies / 224 Pages
For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Vadodara | Mumbai

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra

---

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




સાહેબજી પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી દરરોજ કંઈક ને કંઈક ચિંતન પોતાની દ્વિ-શતાધિક રોજનીશીઓમાં નિત્ય નોંધતા. નોંધવા સાથે અંતરાત્માને પણ સ્પર્શાવિતાં. એ ચિંતન એમના આત્માની જાગૃતિ માટે તો થયું જ પણ... આ રોજનીશીઓ એમના જ હસ્તાક્ષરમાં એક પછી એક વૉલ્યુમ રૂપે પ્રકટ થતાં, જૈન જગતમાં જાણે કે અધ્યાત્મભર્યા ભાવોની રસલ્હાણી થઈ રહી હોય, તેવું લાગે છે.

ઘણી વાર વિકટ પરિસ્થિતિમાં થાય કે હવે શું કરવું? આનું નિરાકરણ કેમ કરીશું? ત્યાં જ આ અક્ષયપાત્રોમાં એવા પદાર્થો વાંચવા મળી જાય કે મનનું સમાધાન તરત થઈ જાય! સામાન્યથી જોઈએ તો થોડા વખત પૂર્વે પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્યશ્રીએ કાળનો ધર્મ પામીને વિદાય લીધી, એ વિરહ મનને ખિન્ન તથા ઉદ્વિગ્ન બનાવતો હતો, બરાબર તે જ સમયે 'વિશેષ આવશ્યક ભાષ્ય'ની ૧૦૦૭મી ગાથાની ટીકાનો ભાગ સાહેબનાં ચિંતનરૂપે તેમની રોજનીશીમાં વાંચવામાં આવ્યોઃ

नामस्थापनाद्रव्यभावभेदाच्चतुर्विध आचार्यः, तत्राचार्योपयोगरूपी योऽसौ भावाचार्यः,

शिष्यस्य मनसि वर्त्तते, अतो गुरूविरहोऽपि अत्राऽसिद्ध एवेति ।

અર્થાત્ઃ નામાદિ ભેદથી આચાર્ય જે ચાર પ્રકારના છે, તેમાં આચાર્યના ઉપયોગરૂપે જે ભાવાચાર્ય છે, તે તો શિષ્યના મનમાં જ વર્તે છે, માટે ગુરુનો વિરહ જેમ સિદ્ધ થતો નથી, એ જ રીતે સાક્ષાત્ અરિહંતના વિરહમાં પણ અરિહંત પરમાત્માના ગુણોમાં ઉપયોગવાળા સાધકના દેહમાં ઉપયોગરૂપે ભાવઅરિહંત વર્તે છે, તેથી અરિહંત પ્રભુનો વિરહ પણ સાધકને હોતો નથી. ભાવપણે સર્વ જીવો સમાન છે, સત્તાએ સર્વ જીવો સિદ્ધ સમાન છે અને આત્મત્વજાતિથી સર્વ જીવો એક જ છે.

'ધ્યાન ટાણે પ્રભુ તું હોવે રે, અલખ અગોચર રૂપ;
પરાપશ્યંતી પામીને રે, કાંઈ પ્રમાણે મુનિભૂપ રે, ભવિયાં...'

સમાપત્તિ એટલે ધ્યાતાનું ધ્યેયાકારે પરિણમન થવું. ધ્યાતા જ્યારે સિદ્ધના સ્વરૂપનું ભાવન કરી તેમાં તન્મય બને, ત્યારે સિદ્ધ પરમાત્મા જેવા જ પોતાના આત્માને નિરંજન-નિરાકાર સ્વરૂપે તે અનુભવે છે. સર્વ દ્રવ્યોનો જ્ઞાતા આત્મા છે, તેથી જ્ઞાનસ્વરૂપ એવા આત્મા તેમ જ પંચ પરમેષ્ઠિનું ધ્યાન એ ભાવધ્યેય છે. દ્રવ્યધ્યેય = Objective, ભાવધ્યેય = Subjective અર્થાત્ ધ્યેયતુલ્ય ધ્યાનપર્યાય. ધ્યાતા જ્યારે સ્થિરતા ધારણ કરે છે, ત્યારે ધ્યેય પાસે ન હોવા છતાં જાણે સામે જ છે, એમ ધ્યાતાને જે ભાસ થાય છે, તે ભાવધ્યેય છે. જ્યારે બાહ્યપદાર્થનું ધ્યાન કરાય, ત્યારે તે 'દ્રવ્યધ્યેય' કહેવાય છે. ધ્યેયના બળે જ્યારે ધ્યાતા પોતાના શરીરને શૂન્ય કરી, દેહનું ભાન ભૂલી ધ્યેયસ્વરૂપમાં તન્મય બને છે, ત્યારે તે ધ્યેયરૂપને પામે છે, તેને જ 'સમરસીભાવ' કહેવાય છે અને તે વખતે ધ્યાતા - ધ્યેયનું એકીકરણ થાય છે. ઉપયોગરૂપે-ગુણરૂપે ભાવાચાર્ય છે, તેથી ગુરૂનો વિરહ થતો જ નથી.

આટલું વાંચતાં જ થયું કે અરે! ઉપયોગરૂપે-ગુણરૂપે તો પૂજ્ય સાહેબનો વિરહ પણ થયો જ નથી! આવું સમાધાન મળતાં જ મન પ્રસન્ન થઈ ગયું કેઃ 'સાચ્ચે જ સાહેબજી તો ગુણસ્વરૂપે હાજર જ છે. ગુણો શાશ્વત છે, આત્મા શાશ્વત છે, માત્ર પર્યાયમાં જ ફેરફાર થાય છે.' આમ વિચારતાં જ અંતરમાં સહજ આનંદ ઉદ્ભવ્યો!

આવા અધ્યાત્મપદાર્થોથી ભરપૂર 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' શ્રેણી ૬૦મા ભાગની સફર પૂરી કરે છે. આ અક્ષયપાત્રને અ-ક્ષય બનાવવાનું કાર્ય કરાવનારા પરમ ગુરૂભકત વડોદરા-મુંબઈના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની પરમ ગુરૂભક્તિભરી એકધારી ઉદારતા પ્રશસ્ય છે, ઉપરાંત રાજકોટના અમારા સુશ્રાવક શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** અને તેમના જૂથની જબરજસ્ત મહેનત અને ભક્તિની ફળશ્રુતિરૂપ આ અવિરત સર્જન શક્ય બની રહ્યું છે, તે પણ કેમ વિસરાય?

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.


# મહામૌનના શિખરેથી
# વહેલી આ પાવન શબદગંગા...



સૌને વિદિત છે અને હું ય નિરખતો કે ક્રાન્તદ્રષ્ટા ગુરૂમહારાજ બહુ જ ઓછું બોલતાં. કહેતાં: 'જે પૂણ્યથી વાચા મળી, તેને સંપૂર્ણ વાપરી નાંખવાની ક્યાં જરૂર હોય છે?' ...અને તેમના બહુધા મૌન રહેવાને કારણે જ કવચિત્ તેમનો બોલાતો પ્રત્યેક શબ્દ નાભિમાંથી - અંતરતમમાંથી પ્રગટેલો અનુભવાતો. આજે આ અક્ષયપાત્રોમાં તેમની કલમથી વહેલ ભાગ ૧ થી ૬૦ સુધીની શબદગંગામાં રોજેરોજ સદ્યસ્નાતા બનું છું, ત્યારે એવું લાગે છે કે જાણે પરાવાણીથી પણ પર એવી વાણીને તેઓએ અદ્દભૂત રીતિએ ઝીલી છે! તેમને કદાચ ક્યારેય શબ્દોને શોધવા જવું પડ્યું નથી, પણ અધ્યાત્મ શબદ જાણે આપમેળે તેમને શોધતાં આવી તેમની કલમમાંથી પ્રસર્યા છે!

નિર્વિચારતાની ઉચ્ચ ભૂમિકાનાં શિખરેથી જ અનુપ્રેક્ષાઓનો આવો ઝળહળ સૂર્ય ઉગી શકે, જે આજે આપણા સૌની જીવનઅટારીએ સૌનાં આંતરતિમિરને દૂર કરતો અનંત-અસીમ ઉજાસ પાથરી રહ્યો છે! નિત્યનૂતન છતાં ચિરંતન સત્યને પ્રગટાવનાર આવા ગુરૂમહારાજ મળ્યાં, તેથી ક્યારેક મારા જ પુણ્ય પરત્વે કૃત્કૃત્યતા અનુભવું છું, પણ તે પુણ્યબંધનમાં ય અંતે તો તેમની જ કૃપા સદૈવ ભાળું છું.

મારા આયુનું તો સંધ્યાટાણું થયું છે, વિદાયની પાવન ઝાલર પણ વાગે છે... કિન્તુ આપણા શાસનમાં તેમના અધ્યાત્મનો સૂરજ તો સદૈવ અનસ્ત જ રહેશે! અસ્તુ!



વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા












સ્તવનમેતદનેકગુણાન્વિતં, પઠતિ યો ભવિકઃ પ્રમનાઃ પ્રગે ।
સ સહસા મધુરૈર્વચનામૃતૈ-ર્નૃપગણાનપિ રઞ્જયતિ સ્ફુટમ્ ॥

મંત્ર : ૐ હ્રીં ક્લીં બ્લીં શ્રાઁ હસ્કલ્ર હ્રીં ઐં નમઃ ।

સં. ૨૦૩૧, ચૈત્ર વદી ૫, સોમવાર, તા. ૨૯-૪-૯૫

'ૐ નમઃ સિદ્ધં।'

પંચમંગલરૂપ આ પંચાક્ષર મંત્ર એ નવકારનો સાર છે.
'ૐ નમઃ સિદ્ધં।'નો સાર 'અર્હં' છે, જેમાં સરલ રેખા
નાદ છે, બિંદુ એ કલારૂપ અને કલા એ વક્રરેખારૂપ છે.

નાદ - બિંદુ - કલા

વર્ણોમાં સ્વર, વ્યંજન અને વિવિધ વર્ણોરૂપે દેખાય છે.
સાધક કલારૂપ નિજ શરીરની શક્તિ અનુસાર
બિંદુરૂપ શૂન્યમાં ધ્યાન અવસ્થિત કરી
નાદરૂપ ૐ અર્હંમાં પરમાત્મકનું ધ્યાન કરવું જોઈએ.
ધ્યાનની ઉચ્ચાવસ્થામાં તે નાદ
અનાહત ધ્વનિરૂપે અનુગુંજન કરશે.
ૐ એ નાદરૂપ, નમઃ એ બિંદુરૂપ, સિદ્ધં એ કલારૂપ છે.
'પ્રકર્ષેણ નવઃ ઇતિ સ પ્રણવઃ।' જેમાં પ્રચુર નવીનતા
છે, નિત્ય નવું સર્જન કરવાની ક્ષમતા છે, તે 'પ્રણવ' છે.
ૐ એ સિદ્ધબીજ છે,
નમઃ એ બિન્દુ છે, તેમાં ગુણગ્રાહકતા છે,
સિદ્ધિબીજનું ૐ વડે વપન કરી, નમનીય અવસ્થા વડે
સિંચન કરી સિદ્ધિપદની પ્રાપ્તિરૂપી ફળ મેળવી શકાય છે.

કેવળજ્ઞાન મેળવવા માટે ચારિત્ર આવશ્યક છે.
વર્ણમાળા એ શાશ્વત જ્ઞાનનું પ્રતીક છે.
'અહં' = મનોમલનું પ્રતીક, અર્હં = મનોમલનું વિશોધન.
અહં = શરીરસંજ્ઞાની, અર્હં = આત્મસંજ્ઞાની.
અહં = વ્યષ્ટિ, અર્હં = સમષ્ટિ. અહં = જીવ, અર્હં = શિવ.
'સિદ્ધ' શબ્દ એ અર્હંનું વાચ્ય છે.
અર્હંમાં હ = પુરુષ, અ = પ્રકૃતિ, ર્ = અગ્નિબીજ દ્વારા
પુરુષ અને પ્રકૃતિનો ભેદ મટી જાય છે.
અ = પૂરક, હ્ = રેચક, મ્ = કુંભક. 'ननु ऋकारेण
सह नव वर्गाः | 'ऋ'કારની સાથે ૯ વર્ગો થાય છે.
અ = ઉત્પાદ, ર્ = વ્યય અને હ્ = ધ્રૌવ્ય.

दुग्धे सारं यथा सर्पिः पुष्पे परिमलस्तथा |
तथा लोकेऽपि चैतन्यं तस्मिन् कैवल्यमुत्तमम् ||१||
जीवाजीवमयो लोकः कर्तास्मिन् परमेश्वरः |
स्वरूपस्य स्वयं धर्ता सिद्धः शुद्धः सनातनः ||२||
ॐकारः सिद्धवाचकः | अर्हंकारः सिद्धवाचकः |
सर्वसंगविनिर्मुक्तः सिद्ध - केवल - बोधनात् |
स एव परमेष्ठीति गेयोऽर्हं तात्त्विकैर्जनैः ||३||
स्फोटः ध्वनिः | - अर्हद्गीता |

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## બાળાક્ષરીનું માહાત્મ્ય

માતૃકાનું વૈખરી રૂપ સમસ્ત સંસારમાં વ્યાપ્ત છે.
બાળાક્ષરી વડે જાપ સુક્ષ્મતર થાય છે, તે
Pin-pointed થવાથી સત્વર ફલોપલબ્ધિ કરાવે છે.
જેમ વિવિધ પ્રકારના જીવોમાં એક જ ચૈતન્ય
અભિવ્યક્ત થઈ રહ્યું છે, તેમ બધા બાળાક્ષરો
એક ૐકાર બીજમાં જ સ્થિત છે.
'ૐ નમઃ સિદ્ધં'માં ૐ એ નાદનું અનંતરૂપ છે,
નમઃ બિંદુનું સેતુરૂપ છે અને સિદ્ધં એનું કલારૂપ છે.

બાળાક્ષર શું છે? વાક્બીજ યા વાક્ શું છે?

તે સર્વ સૃષ્ટિનું અનંત રૂપ છે.
ઉદાહરણ : વટવૃક્ષ, બીજનું સૂક્ષ્મ રૂપ બાળાક્ષર છે.
જેમ વટવૃક્ષના સૂક્ષ્મ બીજમાં વિશાળ વટવૃક્ષની
સંભાવના રહેલી છે, તેમ મંત્રબીજોમાં સૃષ્ટિતંત્ર કે
જે અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન છે,
તેના સ્વરૂપનું પરિસ્પંદન થઈ રહ્યું છે. વિસર્ગનું અનંત
રૂપ 'હ' છે, જે મહાપ્રાણ ધ્વનિ છે. હ્ = પ્રાણબીજ,
ર્ = અગ્નિબીજ (ચૈતન્યશક્તિ) તથા ઈં = ગતિ (નાદ).
અ = અનંત (અશેષ), ઉ = ઉપલબ્ધિ, મ્ = મહત્તા.

અશેષ મહત્તાની ઉપલબ્ધિ જેનાથી થાય,
તે એકાક્ષર મંત્ર ૐ છે.
(૧) બીજ (૨) મંત્ર અને (3) પલ્લવ,
તેમાં બીજ તે ધ્યાનાકર્ષક છે, મંત્ર વિશેષક છે.
તે વડે પોતાની દીનાવસ્થાનું પ્રદર્શન થાય છે અને
ઇષ્ટની શક્તિના માહાત્મ્યનું ભાન થાય છે.
પલ્લવ - દ્રવણાદિ સાધકની વિનયાવનત અવસ્થા,
કરુણાર્દ્રતા અને ઇષ્ટશક્તિની કરુણાદિ
આપ્લાવિત અનુગ્રહાવસ્થાનું અવતરણ થાય છે.
એ વડે સાધક અને સાધ્યનું સાધારણીકરણ થાય છે,
બંને એક જ ભૂમિકા પર અવતરિત થાય છે. સાધક
ઉપર ઇષ્ટાનુગ્રહની વૃષ્ટિથી વિગ્રહની સમાપ્તિ થાય છે.
મંત્રજાપ વડે સિદ્ધિની પ્રાપ્તિ કરવી હોય, તો
મનમાં ઉત્સાહ, ભાવનામાં નિશ્ચય, બુદ્ધિમાં વિશ્વાસ,
દૃષ્ટિમાં ધૈર્ય, હૃદયે સંતોષ, જનસમૂહથી એકાંત જોઈએ.
'નમો' એ બીજશોધક છે.
ૐ પ્રણવબીજ તથા સિદ્ધિબીજ છે. 'નમઃ' બિંદુ છે.
તે સિદ્ધિ અને સાધનાનાં મધ્યમાં સેતુ છે.
'સિદ્ધં' એ ફળ પ્રકૃતિ રૂપ છે.

વાસના વિષ છે, ઉપાસના અમૃત છે.

બિંદુ - નાદ - કલાત્મક 'ૐ નમઃ સિદ્ધં ।'

મંત્રની ઉપાસના કરવી જોઈએ.

વર્ણમાતૃકા વડે પરમાત્માનું જ્ઞાન મળે છે.

પ્રત્યેક વર્ણના ઉચ્ચાર રૂપે જે નાદ અનંત થાય છે, તેમાં મનની સ્મૃતિરૂપી વૃત્તિને એકાગ્રતાપૂર્વક જોડવાથી નાદાનુસંધાનપૂર્વક આત્માનુસંધાન થાય છે. 'ૐ નમઃ સિદ્ધં'ના પ્રસ્તુત વર્ણોચ્ચારમાં વાચ્ય ન હોવાથી વાચક નહિ, તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે. વર્ણની માતા નાદ અર્થાત્ ધ્વનિ હોવાથી તેના અનુસંધાન વડે સાધક સર્વ શ્રુતનો પારગામી થાય છે. શ્રુતજ્ઞાનાવરણીય કર્મોની નિર્જરામાં માતૃકાનું સંસ્મરણ એ અમોઘ ઉપાય છે અને સરલ ઉપાય પણ છે.

नकारं प्राणनामानं दकारमनलं विदुः ।
जात प्राणाग्नि संयोगात् तेन नादोऽभिधीयते ॥ અર્થાત્:

'ન'કાર = પ્રાણ, 'દ'કાર = અગ્નિ જાણવું. આ રીતે પ્રાણ અને અગ્નિના સંયોગથી 'નાદ' ઉદ્ભવે છે. જીવની મૂળ પ્રાણશક્તિ નાદ તે અવ્યક્ત ધ્વનિ છે. એ ધ્વનિ નાભિમાં વિકાસ કરે છે.

અવ્યક્ત નાદ જ્યારે અભિવ્યક્ત થવા માંગે છે, ત્યારે
હૃદય ગુફા આવે છે, ત્યાં બધા વિકલ્પોને પાર કરી
કંઠથી ઘોષ રૂપ પ્રાપ્ત કરી મુખથી વ્યક્ત થાય છે.
કંઠ એ બિંદુસ્થાન છે અને મુખ એ કળાનું સ્થાન છે.

વર્ણમાળાનું પરારૂપ અર્હં છે.

અર્હંમય નાદ નાભિકમળમાં અવ્યક્ત રૂપથી વિદ્યમાન છે.
નાદ અમાત્ર છે, બિન્દુ અર્ધમાત્ર - સેતુ છે અને
કળા એ ત્રિમાત્ર - ત્રિગુણાત્મક સંસાર છે.
એ પ્રકારે નાદ, બિંદુ, કળા પ્રણવાકાર - ઓંકારમય છે.
પ્રકૃતિ = ત્રિગુણમય પરાવાક્રૂપ પ્રણવાત્મક કુંડલિની શક્તિ.
ઉચ્ચારણ થવા પૂર્વે આ નાદ પર પ્રણવરૂપથી
નાભિમંડળમાં વ્યાપ્ત રહે છે.
જ્યારે તે નાદ જાગ્રત થાય છે,
ત્યારે ભ્રમરની સમાન ગુંજન કરતો હૃદયકમળમાં
વ્યંજનોની સાથે મળીને કંઠભાગમાં આવીને નિશ્ચિત
સ્વરૂપ - આકૃતિને ગ્રહણ કરી મુખકમળથી સ્થૂળરૂપમાં
પ્રવેશે છે. આમ આ નાદચૈતન્ય નાભિપ્રદેશમાં સુષુપ્તિ
રૂપે, કંઠપ્રદેશમાં બિન્દુરૂપે સ્પંદનવત્ આચરણ કરે છે
અને મુખસ્થાનમાં જાગ્રત થઈને શબ્દોચ્ચારણ કરે છે.

## સ્વપ્ન અવસ્થા અને સ્થિર ચિત્ત

'અસ્મિતા'માં સંયમ કરવાથી ચિત્ત તરંગરહિત મહાસાગર
જેવું શાંત, રજસ્તમો ગુણરૂપી તરંગ વિનાનું બને છે.
રાગ-દ્વેષાદિ વિકલ્પરહિત ચિત્તવાળા ચિત્તને ધ્યાનના
વિષયરૂપે લઈ ચિત્તમાં સાવધાનતાપૂર્વક જે યોગીઓ
ચિત્તને સ્થાપન કરે છે, તેનું ચિત્ત સ્થિરપણાંને પામે છે.
ધ્યેયચિત્ત જેવું રાગદ્વેષાદિરહિત છે, તેવું જ ધ્યાન કરનારું
ચિત્ત પણ થાય છે, એમ થવાથી ચિત્ત સ્થિરતાને પામે છે.
માત્ર મન વડે મનોહર પદાર્થોનું જ્ઞાન તે સ્વપ્ન અવસ્થા,
જેમાં બહારના અને અંદરના મનોહર પદાર્થોનું પણ
વિક્ષેપાભાવરૂપ આનંદનું અને ઉપરોક્ત બંને પદાર્થોના
અભાવનું જ્ઞાન થાય છે, તે સુષુપ્તિ - નિદ્રાવસ્થા છે.

સ્વપ્નવિષયક જ્ઞાન અને વિક્ષેપ વિનાની
સાત્ત્વિક સુષુપ્તિ - જેમાં ધ્યેયરૂપે નિજસ્વરૂપ છે, તેનું
આલંબન કરવાથી સાધકનું ચિત્ત સ્થિરતાને પામે છે.

નામ-રૂપાત્મક વ્યવહારિક પ્રપંચમાં તથા સ્વપ્નના
પદાર્થોમાં ક્ષણભંગુરત્વાદિ ધર્મોનું સમાનપણું છે.

જાગૃતમાં પણ સ્વપ્નદૃષ્ટિ રાખવાથી
વૈરાગ્ય દ્વારા ચિત્ત સ્થિર થાય છે.

સંકલ્પ તથા વિકલ્પાત્મક સ્થિતિને 'સ્વપ્ન' કહે છે.

દીર્ઘસ્વપ્નમિમં વિદ્ધિ દીર્ઘં વા ચિત્તવિભ્રમમ્ । અર્થાત્ઃ
આ જગતને મોટું સ્વપ્ન કે મોટો ચિત્તનો વિભ્રમ જાણો.
વળી પોતાના સ્વરૂપનું જેણે વિસ્મરણ કર્યું છે, એવા
સર્વ જીવોમાં ચિત્તને સુષુપ્તિ દેખાવાનું કારણ પણ
વૈરાગ્ય દ્વારા સ્થિરતાનો ઉદય થાય છે.

ચરાચરસ્ય દેવ પ્રસૂતમિહ પશ્યતાં ।
કિં મૃષાવ્યવહારેષુ ન વિરક્તં ભવેન્મનઃ ॥ અર્થાત્ઃ
ચરાચર વ્યાપ્ત આ જગતને સૂતેલાની જેમ જોતો હોવા
છતાં ખોટા વ્યવહારોમાં મન વૈરાગી કેમ થતું નથી?

વર્ણમાતૃકા અનાદિસંસિદ્ધ છે = કોઈએ બનાવેલી નથી.

તે બુદ્ધિમાન પુરુષોના શબ્દમય તેજનું જનન, પરિપાલન,
વિશોધન કરનારી સૌપ્રથમ માતાની જેમ જયવંતી વર્તે છે.

તેભ્યોઽક્ષરેભ્યઃ પ્રણતોઽસ્મિ બાઢમ્ ।
અર્થાત્ઃ સર્વ શાસ્ત્રો જેમાંથી વિસ્તાર પામે છે,
તે અક્ષરોને હું પુનઃ પુનઃ પ્રણામ કરું છું.

પરાવાણી બ્રહ્મમય છે, મધ્યમાવાણી મનોમય છે તથા
વૈખરીવાણી વર્ણોચ્ચારરૂપ છે, તે સ્થૂલ છે.
મધ્યમા સૂક્ષ્મ છે, પશ્યંતી સૂક્ષ્મતર તથા પરા સૂક્ષ્મતમ છે.

વૈખરીવાણી દ્રવ્યશ્રુત છે,
મધ્યમાવાણી શ્રુત જ્ઞાનોપયોગવાન ભાવશ્રુત છે અને
પશ્યંતીવાણી ક્ષયોપશમ લબ્ધિરૂપ છે, તે પ્રવચનરૂપ છે,
તે અનુક્રમે સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર, લબ્ધ્યક્ષર રૂપ છે.
તે ત્રણેનું ઉત્પત્તિ સ્થાન છે.
લબ્ધ્યક્ષરરૂપ પશ્યંતીમાતૃકા સર્વ સિદ્ધાંતોની જન્મભૂમિ છે.
'अ' ખંડ ચંદ્રમંડળ છે, 'क' ખંડ સૂર્યમંડળ છે અને
'र' ખંડ અગ્નિમંડળ છે.
શબ્દબ્રહ્મ બે પ્રકારનું છે : સ્થૂલ અને સૂક્ષ્મ.
શબ્દબ્રહ્મ આત્મગમ્ય સ્થાને પરા છે,
ઇંદ્રિયગમ્ય સ્થાને મધ્યમા છે અને મનોગમ્ય સ્થાને પશ્યંતી છે.
વૈખરી વ્યક્ત છે, મધ્યમા વ્યક્તાવ્યક્ત છે,
પશ્યંતી અવ્યક્ત છે અને પરા પરમ અવ્યક્ત છે.
તંત્રશાસ્ત્ર કહે છે કે
પરમાત્માના નામનું ઉચ્ચારણ જ્યારે
બિંદુ સહિત કરવામાં આવે છે, ત્યારે તે સર્વ
કામનાઓની પૂર્તિ કરે છે અને મોક્ષ પણ આપે છે.
ॐ = પ્રકૃતિવાચક અને अर्हं = ઉત્કૃષ્ટતાવાચક છે.
ॐથી આર્ત-રૌદ્રથી છૂટાય, अर्हंથી ધર્મ-શુક્લમાં જવાય છે.

પ્રભુનું નામ પાપનાશક છે, રૂપ પુણ્યોત્પાદક છે.

નામસ્મરણનું ફળ પ્રીતિ - રૂપદર્શનથી ભક્તિ વધે છે.

નામસ્મરણથી દુષ્કૃતગર્હા - રૂપદર્શનથી સુકૃતાનુમોદના થાય.

ૐ પરાક્રમવાચક છે, અર્હં સમુત્થાનવાચક છે.

પરાક્રમથી શક્તિનો સદુપયોગ થાય છે અને

સમુત્થાન એ સમ્યક્ પ્રયત્નરૂપ છે.

એક જપને મહદંશે બાહ્યશક્તિને વધારે છે તથા

બીજું વળી મહદંશે આંતરશક્તિને વધારે છે.

પ્રીતિ - ભક્તિ વડે થતું અનુષ્ઠાન

ગ્રન્થિભેદ કરાવી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવે છે.

'ૐ અર્હં' મંત્રમાં નાદનું મૂળ નામ ૐકાર છે અને

જ્યોતિનું મૂળ રૂપ તે અર્હંકાર છે.

ૐકારમાં ગુણનો પ્રકર્ષ છે, અર્હંકારમાં પુણ્યનો પ્રકર્ષ છે.

એ બે જેને મળ્યાં, તેનાં પુણ્યની કોઈ અવધિ નથી.

આત્માને જોવા-જાણવાનાં શ્રેષ્ઠ સાધનો = મૂર્તિ + મંત્ર.

૦ પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।
પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥૧॥
નાસ્તિ બુદ્ધિરયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના ।
ન ચાભાવયતઃ શાન્તિરશાન્તસ્ય કુતઃ સુખં ? ॥૨॥

(પરિશિષ્ટ-૨)

## રાતા મહાવીર તીર્થ, ચૈત્ર સુ-૫ થી સુ-૧૫

(૧) ભગવાનનો વિરત વિરતિની અપેક્ષાએ છે, સમકીતની અપેક્ષાએ દેશથી અવિરત છે.

(૨) અહિંસા મનને નિર્મળ, સંયમ મનને સ્થિર અને તપ તન્મય બનાવે છે, ત્રણે મળીને સમાપત્તિ થાય છે.

(૩) ભગવાનની પૂજામાં સર્વની પૂજા છે. ભગવાનનું નામ નાદમય છે તથા મૂર્તિ તેજોમય છે.

(૪) પ્રભુનું નામ અને રૂપ રાગીને રાગમય, ધ્યાનીને ધ્યાનમય અને ભક્તને ભક્તિમય બનાવે છે.

(૫) કર્મો આત્માના ગુણોને ઢાંકે છે, જિનશાસન તેને ઉઘાડવાનું કામ કરે છે. શાસન એટલે સંવર-નિર્જરા.

(૬) પ્રભુનું ધ્યાન ઉપયોગરૂપ છે. નામ-રૂપના આલંબને આપણો ઉપયોગ ભગવાનના ઉપયોગ સાથે જોડાય છે. ઉપયોગ લક્ષણ વડે સૌ જીવો સાથે સજાતીય સંબંધ છે. સજાતીય સંબંધનું ભાન જીવરાશિની ઉપર સ્નેહભાવ ઉત્પન્ન કરે છે, જેથી અનંત પુણ્યરાશિ એકત્ર થાય છે.

(૭) પ્રભુ શું આપે? સુખનું સાધન ધર્મ આપે, પ્રભાવે જેના બધું જ સુખ મળે. અહિંસા, સંયમ, તપ વડે ધર્મ નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા સધાવે છે.

અહિંસા દાનરૂપ છે, તેથી સમકિત નિર્મળ થાય છે,
સંયમ શીલરૂપ છે, તેથી જ્ઞાન સમ્યગ્ બને છે તથા
તપ ત્યાગરૂપ છે, તેથી ચારિત્ર વિશુદ્ધ થાય છે.

યોગની શુદ્ધિ વડે ઉપયોગની શુદ્ધિ થાય છે અને
અહિંસા - સંયમ - તપ દ્વારા યોગની શુદ્ધિ થાય છે.

સંક્લેશ = અશુભોપયોગ, વિશુદ્ધિ = શુભોપયોગ તથા
આનંદ = શુદ્ધોપયોગ.

અશુદ્ધ નયે આત્મા સંસારનો કર્તા તથા ભોક્તા છે.
શુદ્ધ નયે જીવ પોતાના ગુણોનો કર્તા તથા ભોક્તા છે.

સંયમી જીવનમાં છકાય જીવની રક્ષા થાય છે, તેથી
તે આજ્ઞાપાલનરૂપ ભાવપૂજા છે.

પંચાચારપાલનમાં સર્વ પ્રકારના યોગો સમાઈ જાય છે.

દેહાકાર ઉપયોગ દેહનું કારણ બને છે, તે જ ઉપયોગ
જો આત્માકાર બને, તો તે વિદેહનું કારણ થાય છે.

જેનામાં ઉપયોગલક્ષણ છે, તે જીવતત્ત્વની અપેક્ષા રાખો
અને જેમાં તે નથી, તે અજીવતત્ત્વની ઉપેક્ષા કરો.

અહિંસા એ કોમળતારૂપ છે, સંયમ એ સુવાસરૂપ છે
અને તપ એ નિર્લેપતારૂપ છે. તે ત્રણ સ્વરૂપી
ધર્મજહાજમાં બેઠાં વગર ભવસાગરને તરી ન શકાય.

અનુભૂતિનું લક્ષણ અથવા કાર્ય શું ?

જડ પ્રત્યે વૈરાગ્ય, જીવ પ્રત્યે મૈત્રી,

ભોગમાં રોગબુદ્ધિ અને યોગમાં મોક્ષબુદ્ધિ.

'મોક્ષ' એટલે આત્માનું પૂર્ણ આરોગ્ય.

જ્ઞાન એ વિષયતૃષા છીપાવે છે, માટે અમૃતજળ છે.

ક્રિયા કષાયભૂખ ભાંગે છે, માટે પરમાન્ન ભોજન છે.

ભૂખ - તૃષા છીપાવવા બંનેની જરૂર છે.

જે ઘાતક છે, તેનો સંસર્ગ કરવો, તે પાતક છે.

ઉપયોગ એ આત્મારૂપી ઘરની મિલ્કત છે,

તેનું સંરક્ષણ સંવર્ધન કરે, તે તીર્થ છે.

ઉપયોગ એ જળ છે, સંસાર એ અગ્નિ છે, તે

ઉપયોગરૂપી જળને તપાવે છે, તેનું ફળ ત્રિવિધ તાપ છે.

સ્વતંત્રતા = Freewill.

ભગવાન પણ તેની આડે આવતાં નથી,

માટે તેની જવાબદારી મોટી છે.

તે માટે જવાબદાર જીવ પોતે જ છે અને

પોતાના સિવાય કોઈ નથી.

પાંચ સમિતિ - ત્રણ ગુપ્તિનું પાલન સ્થિરતા લાવે છે.

સ્થિરતા એજ ચારિત્ર અને સ્થિરતા એજ આનંદ.

પુણ્યથી પાપ જાય છે, પાપ જવાથી જ્ઞાન ખીલે છે.
જ્ઞાનાવરણીયાદિ કર્મ જ કરે છે કે:
સત્તાથી આત્મા અનંત જ્ઞાની-અનંત બળી છે.
પુણ્યની પુષ્ટિ બીજાને સહાય કરવાથી જ થાય,
બીજાને વિઘ્ન કરવાથી પાપની પુષ્ટિ થાય.
પાપ એ કાંટો છે, પ્રાયશ્ચિત વડે તેને કાઢી શકાય છે.
વિનય એ સર્વ ગુણોની ખાણ છે.
જ્યાં વિનય છે, ત્યાં વિવેક છે.
૯ તત્ત્વને જાણીને પરમતત્ત્વ નવપદની ઉપાસના કરવી.
દેવની સેવા દેહરૂપે નહિ, દેવરૂપે થઈને કરવી જોઈએ.
દેહપૂજાના સ્થાને દેવપૂજા,
પુત્ર-પત્નીના પ્રેમ સાથે ગુરુ-સંઘ-સાધર્મિક સ્નેહ-ભક્તિ
અને ધનના મોહના સ્થાને ધર્મરત્નને સ્થાપવો જોઈએ.
સ્વાધ્યાય તપ છે, તપ ધર્મ છે, ધર્મ સુખ આપે છે.
ધ્યાનતપનું તેજ એક સાથે ઉગેલા ૧૨ સૂર્ય સમાન છે.
રાગ અને દ્વેષની ગ્રન્થિ છૂટે, તેથી ગ્રન્થિભેદ થાય તથા
ગ્રન્થિભેદથી ધર્મ થાય અને ધર્મથી ધર્મધ્યાન થાય.
તત્ત્વત્રયી = દેવ-ગુરુ-ધર્મ, વ્યવહાર રત્નત્રયી,
નિશ્ચયથી = આત્મશ્રદ્ધા - આત્મજ્ઞાન - આત્મરમણતા.

## ધર્મ એ કઈ રીતે મંગળ, ઉત્તમ અને શરણભૂત ?

गुणप्रकर्षरूपत्वात् = આદર્શ જીવન વડે મંગળ.

अचिन्त्यशक्तियुक्तत्वात् = તીર્થસ્થાપન વડે ઉત્તમ.

सर्वथा परार्थरसिकत्वात् = અચિંત્યશક્તિ વડે શરણભૂત.

નમસ્કાર વડે આત્માનો અનુબંધ પડે છે.

આત્મા આત્મગુણની ઐક્યતા અને સંવરની ઉપાદેયતારૂપ છે.

નમસ્કારથી ચિત્તશુદ્ધિ થાય છે, માટે તે અધ્યાત્મ છે.

સામાયિકથી ત્રિકરણ યોગ સુધરે છે, માટે યોગ છે.

અધ્યાત્મથી ચિત્તશુદ્ધિ, યોગથી ચિત્તસ્થિરતા સધાય છે.

નમસ્કારથી પરમેષ્ઠિમાં આત્મા અને
આત્મામાં પરમેષ્ઠિનું દર્શન થાય છે,
સામાયિક વડે જીવરાશિમાં પોતે અને
પોતાનામાં જીવરાશિ સધાય છે.

ૐ એ પ્રમોદસૂચક છે. अर्हं એ કારુણ્યસૂચક છે.

પ્રમોદભાવથી વિષયવૃત્તિ - કરુણાથી કષાયવૃત્તિ જાય.

જ્ઞાન = મંગળ, દર્શન = ઉત્તમ, ચારિત્ર = શરણ.

રાગ = અમંગળ, દ્વેષ = અધમ, મોહ = દુઃખ.

જ્ઞાન પરિચય કરાવે છે, નમસ્કાર સમર્પણ કરાવે છે.

જ્ઞાન એ વસ્તુતંત્ર છે, નમસ્કાર એ પુરુષતંત્ર છે.

'જાણવા સહિત નવકાર, કરવા સહિત સામાયિક.'
આથી વિવેક જે સૌથી વધુ જાણવા સહિત હોય, તે જાણવામાં - સૌથી વધુ કરવા સહિત હોય, તે કરવામાં છે.
આત્મભાવમાં પરિણમવું, તે દ્વાદશાંગનો અર્થ છે અને તે જ નમસ્કારનો મુખ્ય અર્થ છે.

'પરમાત્મા પોતે જ આત્મભાવમાં પરિણમેલા છે' એવી અનુભૂતિ કરવી, તે નવકાર છે.

સમસ્ય આયઃ સમાયઃ, સપ્રયોજનમસ્ય તત્ સામાયિકમ્।
અર્થાત્: તે અનુષ્ઠાન કે જેનું પ્રયોજન જીવનમાં સમતાને લાવવાનું છે, તે સામાયિક અનુષ્ઠાન છે.

સમત્વ = mental equilibrium - harmony.

સમસમ્યક્ - means rightness.

Nature of the Soul is Samatva. The ultimate end of the Soul is also Samatva. आया सामाइए, आया सामाइयस्स अट्ठे।

समय = आत्मा, जीव.

स्वसमय = Inner characteristics.

सामाइए = समाहि. साधक, साध्य, साधन - all 3 are equated with term સમત્વ.

Right knowledge, belief or conduct depends on the concept of આત્મા for its rightness. જ્ઞાન = સ્વરૂપ, વૈરાગ્ય = રંગ.

તે જ્ઞાન સાચું કે જે આત્મપોષક હોય,
તે શ્રદ્ધા સાચી કે જે આત્માને સ્થિર કરે અને
તે વર્તન સાચું કે આત્માને ક્રિયાશીલ બનાવે.

The application of આત્મા in the three aspects of our conscious activities:
knowing, feeling and willing.

ચાર પુરુષાર્થનો અર્થ

ધર્મ = વસ્તુસ્વભાવ. અર્થ = દ્રવ્ય, ગુણ, પર્યાય.
કામ = ચિત્તાભિલાષ. મોક્ષ = બંધાભાવ, અવિચલપદ.
સૌથી વડું માન માનવના મનમાં છે. માનને નમાવનાર નમસ્કાર છે. નમસ્કાર માટે પ્રથમ અનુષ્ઠાન છે, પછી વાંચના અને છેલ્લે ભક્તિ - કૃતોપકારની જરૂર છે.

આત્માનો આદર એ ભાવનમસ્કાર છે.

0 षड्जीवनिकायहितं परमात्मतत्त्वं ध्येयं।
सकलसत्त्वहिताशय-लक्षण-स्वात्मपरिणामो ध्यानं।
समस्तजीवराशि-स्नेहपरिणामो ध्यानलक्षणं।

(પરિશિષ્ટ-૩)

'નમો' એ સાધના છે, 'અરિહંત' એ સાધ્ય છે.

નમો અરિહંતાણં = અરિહંતોને તાત્ત્વિક નમસ્કાર.

'તાત્ત્વિક' શબ્દ અનેક રૂપે ઘટાવી શકાય.

જે તાત્ત્વિક હોય, તે જ ત્રિકાળાબાધિત હોય.

દ્રવ્ય - ભાવસંકોચ રૂપ નમસ્કાર એ

ઉપાસના અને પ્રણિધાનમાં ઘટી શકે.

મંત્રરાજ અર્હંકાર અને મંત્રાધિપ ૐકાર -

એક જ સિક્કાના બે પાસાં છે.

સ્થૂલક્રિયા માટે પ્રથમ અને સૂક્ષ્મક્રિયા માટે દ્વિતીય.

સ્થૂલથી પરતત્ત્વયોજન અને સૂક્ષ્મથી શિવતત્ત્વયોજન.

માતૃકાના સ્મરણ વિના પરતત્ત્વયોજન બહુ અશક્ય,

તેથી સૌ પહેલાં માતૃકાનું સ્મરણ.

'સુન્નમનાહતં |' નાદ - બિંદુ - કલાયુક્ત

શબ્દબ્રહ્મ - અનાદિતાસિદ્ધદેવ - એ કાર.

°

In fact, the letters of the alphabet

which are called अक्षर,

are nothing but the यंत्र of अक्षर

or imperishable Brahman,

માટે અનાદિતાસિદ્ધદેવને 'શબ્દબ્રહ્મ' કહી શકાય.

ભૂલ કોણ ભાંગી શકે? જ્ઞાની પુરુષો...

કે જે પોતાની ભૂલો ભાંગી ચૂક્યાં છે અને શરીરી હોવા છતાં અશરીરીભાવે ને વીતરાગભાવે રહે છે.

અશરીરીભાવ એ જ્ઞાનનું ભાજન છે.

જો દેહાધ્યાસ રૂપી અજ્ઞાનભાજન ભાંગે,

તો જ અશરીરીભાવ રૂપી જ્ઞાનભાજન પ્રગટે.

પોતાનો અહંકાર જ સામાની ભૂલોને દેખાડે છે.

જેની ભૂલ હોય, તે તેનો નિકાલ કરે.

જગતની ભૂલોથી આપણે જે દુભાઈએ છીએ, તે અજ્ઞાન દોષના કારણે. ટેકો ન મળે, તો તે ટકી શકતાં નથી. ક્યાંતો ક્રમાક્રમે કલ્પના અંત સુધી ભટકવું પડે. 'પોતે કોણ છે?' એવું ભાન હોય, તો જ ભૂલો જડે.

'ભોગવે તેની ભૂલ' એ રહસ્યમય છે.

આ જગત ન્યાયપૂર્ણ છે. ન્યાય વગરની એક ક્ષણ પણ નથી. ભૂલ છે, ત્યાં સુધી ભોગવટો છે, કેમકે સર્વ ન્યાયપુરઃસર છે. કોઈ જીવ કોઈનું કાંઈ કરી શકતો નથી, બધા જ સ્વતંત્ર છે, પોતે કરેલું જ પોતાને ભોગવવું પડે છે, એ ત્રિકાળ સત્ય - Eternal Truth છે.

o

The world is in order.

નવકારમંત્રના ૬૮ માત્રાના પ્રત્યેક અક્ષર તીર્થ છે:

નવકારના ૭ સંયુક્તાક્ષર ૭ નરક નિવારે છે.

નવકારના ૯ પદ ૯ ગ્રહોનું શમન કરે છે.

નવકારની ૮ સંપદા ૮ કર્મને ભેદે છે.

નવકારના ૫ પદો પંચમ ગતિ આપે છે.

નવકારની ચૂલિકાના ૪ પદો ૪ ગતિને છેદે છે.

જે મનોમય રાજ્યમાં મંત્રરાજ બિરાજીત છે,
તેને કદાપિ ઉપસર્ગનો સંસર્ગ થતો નથી.

મંત્રરાજનું સ્મરણ સર્વાર્થસાધક,
સર્વ પાપનિવારક અને સર્વ મનોવાંછિતદાયક છે.

જ્યાં પંચ નવકાર, સત્ય અને દયા છે,
ત્યાં શ્રી, વિજય અને ધર્મ વિદ્યમાન છે.

પારમાર્થિક અર્થમાં 'સ્વાહા' શબ્દ એટલે શું ?

સ્થૂળ અગ્નિમાં ગતિ - પ્રકાશ - દાહકશક્તિ છે. અગ્નિમાં
આહુતિ આપવાની સાથે જે 'સ્વાહા' શબ્દ બોલાય છે,
તે ત્યાગભાવના અર્થે છે.

'ઇદં ન મમ' એ 'સ્વાહા' શબ્દનો અર્થ છે.

અગ્નિ, તેમાં હોમવાલાયક વસ્તુ અને હોમવાવાળો -
એ બધું જેનું છે, તેને અર્પણ કરવાનું છે.

## નમસ્કાર સંબંધી 'યજ્ઞ'નો આધ્યાત્મિક અર્થ

યજ્ = to worship, યજ્ = to Sacrifice.
યજ્ઞમાં ત્યાગની, કુરબાનીની, સ્વાર્પણની ભાવના રહેલી છે.
વાસનાઓને હોમી, વિકારોનો અંત લાવ,
સંસ્કારી બનવા માટે ત્યાગ અને સંયમ કેળવવાના છે,
તે જ પારમાર્થિક યજ્ઞ છે. યજ્ઞઃ કર્મસુ કૌશલં।
ભક્તિઃ જ્ઞાન - ક્રિયાનો સમન્વય એ પણ યજ્ઞ છે.

## નમસ્કાર = દાન અને પૂજા

બુદ્ધિજીવી વર્ગ પોતાના બુદ્ધિબળ જ્ઞાનનું ગુમાન લાવી સર્વ ગુરુઓના પણ આદિ ગુરુ, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ શક્તિમાન, અજન્મા, અજર, અમર એવા પરમાત્મશક્તિની ઉપેક્ષા કરી રહેલ છે, તેથી જ સર્વ જ્ઞાનના આદિસ્રોત સમા શાસ્ત્રોની પણ ઉપેક્ષા કરે છે. શાસ્ત્રોની પ્રામાણિકતામાં થોડી પણ શ્રદ્ધા રાખનાર એ વાતને સ્વીકારે છે કે ભગવંત પ્રાણીસૃષ્ટિમાં બુદ્ધિપ્રધાન માનવને પોતાના જીવનવ્યવહારથી જીવનને શુભ કરી પોતે શુભ થવાના નિયમોને અને તેના જ્ઞાનને જ શાસ્ત્રોમાં વિસ્તારથી બતાવેલું છે. તેનો સંક્ષેપ દાન અને પૂજા છે, તેને જ સંક્ષેપથી 'યજ્ઞ' શબ્દ વડે સંબોધાય છે.

**દાન વડે ભવસૃષ્ટિ સાથે અને**
**પૂજન વડે જગદીશ સાથે અનુકૂળતાનો સંબંધ સધાય છે.**

દાન એટલે Sacrifice - પૂજન એટલે worship,
એ બે ક્રિયામાં ભજન ભજવાની કળાનો અદ્ભુત
સ્વભાવના સૂત્રનો સંગ્રહ થયેલો છે.

**'નમો' પદ પૂજા મૂળ અર્થમાં અને દાન અર્થમાં છે.**

તે મૂળ દ્રવ્ય - ભાવસંકોચ રૂપ છે અને
દાન એ સર્વ દાનોમાં શિરોમણિભૂત અને સર્વ પાત્રમાં
શિરોમણિભૂત પાત્ર એવા પરમાત્માને કરવામાં આવે છે,
તેનું જ નામ 'બ્રહ્માર્પણ' યા 'ઈશ્વરાર્પણ' છે.

**આપણા જીવને નવકાર ગણવા વિનંતી**

હે જીવ! દુર્લભ એવા પંચ નવકારનું તું સ્મરણ કર.
આ પંચ નવકાર રહિત એવા જીવોએ અનંત વાર
કોડો જન્મ - મરણ પ્રાપ્ત કર્યાં છે, પરંતુ યમરાજને
નાશ કરનાર આ પંચ નવકારને પ્રાપ્ત કર્યો નહિ,
તે મારા હૃદયપટને વિષે નિરંતર ટંકણાદિ આલેખાયેલ
વર્તે છે, તો યમરાજ શું કરશે? કાંઈ જ કરી ન શકે.
તજ્જપસ્તદર્થભાવનમ્ । ઈશ્વરપ્રાપ્તિનો ઉપાય છે:
ઓંકારનો નિત્ય જપ અને તેના અર્થનું રટણ કરીએ.

અહંકારને ન નમવું, તે નમસ્કાર પદાર્થ છે.
નમવા યોગ્યને નમવું અને 'નમવા યોગ્ય સમગ્ર વિશ્વ
-વ્યવસ્થા, છે' એમ માની પ્રત્યેક સારા-નરસાં બનાવો
પ્રત્યે નમ્રભાવ કે વિરોધનો અભાવ તે ભાવનમસ્કાર છે
અને ભાવનમસ્કાર જ આર્ત - રૌદ્રસ્વરૂપ દુર્ધ્યાનરૂપી
પિશાચોને ભગાવનાર છે. તેને અંગ્રેજીમાં નોન - રેઝીસ્ટન્સ
અથવા Total surrender કહે છે.

અહંકારથી સહન કરે અથવા તો અનિચ્છાએ સહન કરે,
તેના કરતાં નમસ્કારથી સહન કરે, તેમાં ઘણું કર્મ ખપે.
એક નમસ્કાર અકામ અને બીજો નમસ્કાર સકામ છે.
સકામપણે કર્મ સહે, તેને અસંખ્ય ભવનાં પાપ ખપે
અને અસંખ્ય ભવ ચાલે, તેવાં પુણ્ય બંધાય. કર્મભાર
ઉતારવાનો સહેલામાં સહેલો ઉપાય નમસ્કારભાવ છે.

સુખમાં અથવા દુઃખમાં વિશ્વવ્યવસ્થાને નમવું,
તે સમ્યગ્ જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ છે.

નવકારના પ્રથમ પદનો અર્થ નમ્રતા વડે નિર્ભયતા પ્રાપ્ત
કરવી અથવા કૃતજ્ઞતા દ્વારા સ્વતંત્રતાને મેળવવી.

o

Grace through gratitude or freedom
through humility or humbleness.

## સમાધિનાં દશ સ્થાન

(૧) ધર્મચિંતા (૨) સુસ્વપ્ન દર્શન (૩) જાતિસ્મરણ (૪) દેવદર્શન (૫) અવધિજ્ઞાન (૬) અવધિદર્શન (૭) મનઃ-પર્યવજ્ઞાન (૮) કેવળજ્ઞાન (૯) કેવળદર્શન (૧૦) નિર્વાણ.

નમો અને પ્રભુને ગમો. ન નમો અને ભવમાં ભમો.

'નમો જિણાણં જિઅભયાણં ।'

ભવભયને જીતનારા અને ભવભયને જીતાવનારા એવા શ્રી જિનેશ્વર ભગવંતોને નમસ્કાર થાઓ.

જાણવા લાયક બધી વસ્તુઓ નવકારમાં છે અને જોવા લાયક બધી વસ્તુઓ ભગવાનની મૂર્તિમાં છે.

જાણવા લાયક આત્મા છે. એક આત્માને જાણવાથી બધી વસ્તુઓનું જ્ઞાન થઈ જાય છે. જોવા લાયક એક આત્મા છે, એકને જોવાથી બધી વસ્તુઓ જોવાઈ જાય છે.

વધુમાં વધુ ૭ દિવસ બાદ ૧ જીવ સમકીત પામે જ, ૧૨ થી ૧૪ દિવસે એક જીવ દેશવિરતિ પામે, ૧૫ દિવસે ૧ જીવ સર્વવિરતિ, છ મહીને ૧ જીવ મોક્ષે જાય.

શલ્યાદિ નરક નિવારણ, સરલતાદિ તિર્યંચગતિ નિવારણ, સત્યાદિ માનવજન્મ તથા વિનયાદિ મોક્ષસુખની પ્રાપ્તિ.

વિશિષ્ટ ભક્તિ કર્મનિર્જરા, સામાન્ય ભક્તિ પુણ્યબંધ.

બોધિ = જ્ઞાન સમજણ, સમાધિ = સમજણનો અમલ.
જીવમાં જીવબુદ્ધિ = બોધિ, જીવમાં શિવબુદ્ધિ = સમાધિ.
જીવ = God creator, શિવ = God Protector.

**કર્મ કરતો જીવ, ધર્મ કરતો શિવ.**

પાપની રચના કરવાની શક્તિ કર્મમાં છે,
પાપને માફ કરવાની શક્તિ ધર્મમાં છે.
આત્મકેન્દ્ર વૃત્તિ અને વર્તન - તે અધ્યાત્મ છે.
પરમાત્મકેન્દ્ર રાગ અને ધ્યાન - તે યોગ છે.
યોગ અને અધ્યાત્મનું મૂળ આગમ છે.

औचित्याद्वृत्तयुक्तस्य वचनात्तत्त्वचिन्तनम् ।
मैत्र्यादिभावसंयुक्तं तदध्यात्मं प्रचक्षते ॥१॥

આગમવચનના ચિંતનના આધારે આત્મકેન્દ્ર વૃત્તિ - વર્તન રાખનારો યોગ - અધ્યાત્મ - આગમનો આરાધક બને છે.

**આગમમાં મૂર્તિનું મહત્વ શા માટે?**

પ્રભુનું બિંબ શાખા - ચંદ્ર ન્યાયે

પ્રભુના અરૂપી ગુણોનું અને આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન કરાવે છે. રૂપાતીત ધ્યાનનું પ્રબળ નિમિત્ત પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ ધ્યાન છે. પરમાત્માના બિંબ વડે એ ચારે પ્રકારનું ધ્યાન શક્ય બને છે.

## પોતાના પરમાત્મા સમીપે...

સત્શાસ્ત્રના સતત ચિન્તન - મનન - પરિશીલન તથા
તપ - જપ - ધ્યાનાદિની પ્રક્રિયામાંથી પસાર થયા પછી,
જ્યારે લયઅવસ્થા - ઉન્મનીભાવ પ્રાપ્ત થાય છે,
ત્યારે સ્થૂલ ચિત્તવૃત્તિઓ શાંત થઈ જવાથી
મન ધ્યેયાકાર - પરમાત્મસ્વરૂપને ગ્રહણ કરે છે
અર્થાત્ પરમાત્માનું જે સાકાર અથવા નિરાકાર સ્વરૂપ
ચિન્તવવામાં આવે છે, તે જ સ્વરૂપે પોતાને પણ
જુએ છે. ઘણે દૂર રહેલાં પરમાત્મા પણ ધ્યાતાને
ધ્યેય - ઉપયોગ રૂપે અતિ સમીપ લાગે છે.

અથવા પરમાત્મા સર્વ જીવોના સત્તાગત, શુદ્ધ સ્વરૂપને
સતત અને પ્રત્યક્ષ નિહાળી રહ્યા છે, જાણી રહ્યા છે.
જ્યાં સુધી સાધક પરમાત્મા સાથે તન્મય નથી બનતો,
ત્યાં સુધી પોતાના સત્તાગત પૂર્ણાનંદમય સ્વરૂપનો
અટલ, અફર, સુદૃઢ નિશ્ચય નથી કરી શકતો, પરન્તુ
અત્યાર પણ જો ધ્યાન દ્વારા પ્રભુ સાથે તન્મયતા
સિદ્ધ કરે, તો તે અવશ્ય પોતાના પૂર્ણાનંદ સ્વરૂપને
ઓળખી લે છે, અનુભવમાં લાવી શકે છે, તે જ
આત્મસાક્ષાત્કાર છે, નિશ્ચયથી સમ્યગ્દર્શન પણ તે જ છે.

અલ્પવાર પણ જો આ રીતે આત્મદર્શન થઈ જાય, તો તે સાધકને ભેદાભેદના સ્વરૂપનું સત્યદર્શન કરાવવા માટે સમર્થ બને છે. નિત્ય એમ ધ્યાવવું કે:

સૌ પ્રથમ ઉત્કૃષ્ટ ૧૭૦, જઘન્ય ૨૦ વિહરમાન તીર્થંકરો તથા અન્ય ૯ ક્રોડ કેવળજ્ઞાનીઓ અને ૨ ક્રોડ કેવળજ્ઞાનીઓ જાણે સામે જ ઊભા રહી સર્વ જીવોના સાથે સાધકના પણ પૂર્ણાનંદમયી સત્તાને જોતાં જણાય છે. તે જ રીતે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભગવંતો ૯૦ અબજ કે ૨૦ અબજની સંખ્યામાં તથા સાધ્વીજીઓ, દેશવિરતિધરો, અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ જીવો પણ મારી આત્મસત્તાને જોતાં રહ્યા તેમ દેખાય છે, તે પછી પરમ જ્યોતિર્મય સ્વાત્મા સાથે સર્વ પરમેષ્ઠિઓ તથા સત્તાએ શુદ્ધ સ્ફટિક સમ નિર્મળ એવા આત્મસ્વભાવના ધારક સર્વ જીવોના આત્મસ્વરૂપની સાથે એકતા અનુભવાય છે, અનાદિની અવિદ્યા નષ્ટ થઈ અજ્ઞાનદૃષ્ટિ દૂર થાય છે, તત્ત્વદૃષ્ટિ પ્રગટે છે. તત્ત્વ એટલે વસ્તુનું સ્વરૂપ. આત્મતત્ત્વનું સ્વરૂપ સત્તાએ અને શક્તિરૂપે પરમ શુદ્ધ - શાશ્વત જ્ઞાનાદિ ગુણસંપન્ન છે.

તા. ૨૯-૪-૯૫, શ્રી રાતા મહાવીર, ચૈત્ર વદી ૧/ શનિ

## ધ્યાનની ક્રિયા શા માટે આવશ્યક ?

બાહ્યજગતનું અસ્તિત્વ વિસરીને - મિટાવી દઈને
આંતરજગતમાં જ્યાં સુધી સ્થિર ન થવાય,
ત્યાં સુધી માનવને પરમ શાંતિ કે આનંદ મળતો નથી,
તે માટે ધ્યાનની ક્રિયા આવશ્યક છે.

ક્રિયા - ભાવનાપૂર્વકનો સ્થિર અધ્યવસાય, તે ધ્યાન.
ક્રિયા = અધ્યાત્મયોગ, ભાવના = ભાવનાયોગ,
સ્થિર અધ્યવસાય = ધ્યાનયોગ.
ધ્યાનયોગનું ફળ સમતાયોગ અને તેનું ફળ
વૃત્તિસંક્ષયયોગ = ભવ અને શરીરરહિત થવાનો માર્ગ.

## નિર્ભય બનવાના ચાર ઉપાય

સમ્યગ્દર્શન = ભવરાશિ ઉપર સ્નેહના પરિણામ.
સમ્યગ્જ્ઞાન = પર વસ્તુ પ્રત્યે વૈરાગ્યના પરિણામ.
સમ્યક્ચારિત્ર = આત્મૌપમ્યવૃત્તિ અને વર્તન.
સમ્યક્તપ = પરમાત્માના સ્વરૂપનું ધ્યાન અને લય.
આત્મતુલ્ય - પરમાત્મતુલ્ય વૃત્તિ અને તુલ્ય વર્તન.

श्रुतेऽन्यस्याऽसतोऽप्यर्थो गुणान् दोषांश्च दुर्जनः ।
तुल्योऽप्यसत्त्वे किन्त्वेको गच्छेदूर्ध्वमधोऽपरः ॥१॥

(પરિશિષ્ટ-૪)

## યોગાભ્યાસ શા માટે ?

યોગ = જીવાત્મા અને પરમાત્માને ભેગા કરવાની પ્રક્રિયા.
યોગ એટલે શરીર, મન, આત્માનું સર્વાંગી સ્વાસ્થ્ય.
યોગ એ ચિત્તની એકાગ્ર થવાની શક્તિને વધારે છે.
યોગાભ્યાસ દ્વારા શરીર અને મનની અશાંતિ તથા બેચેની દૂર થાય છે. યોગ એ ચિત્તવૃત્તિના નિરોધ વડે આત્માનું આત્મસ્વરૂપ સાથે સંધાન કરી આપે છે.
કુંભક દ્વારા પ્રાણની ગતિને અંકુશમાં લાવવામાં આવે, ત્યારે આપણું મન નિરાધાર બની જાય છે.

### અષ્ટાંગ યોગક્રિયાના ૬ કર્મ

(૧) ધોતિ = પેટ સાફ કરવાની ક્રિયા.
(૨) બસ્તી = મળવિસર્જનનો નૈસર્ગિક ઉપચાર.
(૩) નેતિ = નાસિકારંધ્રોની વિશુદ્ધિ.
(૪) ત્રાટક = અનિમેષપણે જોવું તે.
(૫) નૌલિ = પેટનું મંથન.
(૬) કપાલભાતી = પ્રાણાયામ વડે નાકની શુદ્ધિ.

એ ઉપરાંત આસનો અને મુદ્રાઓ વડે શરીર તંદુરસ્ત, હળવું, દૃઢ અને સ્થિર થાય છે.
હઠયોગ વડે શરીર અને પ્રાણનું નિયમન થાય છે.

## સિદ્ધિઓનું દ્વાર : ધારણા, ધ્યાન, પ્રત્યાહાર, સમાધિ

સાંખ્યદર્શન જ્ઞાન દ્વારા મોક્ષ મળે, એમ કહે છે,
યોગ એ ધારણા, ધ્યાન, સમાધિ દ્વારા મોક્ષ માને છે.
અહિંસા = તત્ત્વથી અદ્વેષ. ઇંદ્રિયોને તેમના વિષયોથી
પાછી વાળીને આત્માભિમુખ કરવી, તે પ્રત્યાહાર છે.
એક વિષય ઉપર મનને કેન્દ્રિત કરવું, તે ધારણા.
એ ધારણા દીર્ઘકાળ પર્યંત ટકી રહે, તે ધ્યાન કહેવાય.
એ ધ્યાન અતિશય ઊંડું - ઉત્કટ બને કે ધ્યાતા - ધ્યેય
એક બની જાય, ત્યારે 'સમાધિ સધાઈ' એમ કહેવાય.
મન આ અવસ્થામાં ધ્યેયરૂપ બની રહે છે.
યોગાભ્યાસનું લક્ષ્ય સમાધિ જ છે.
શરીર અને મન ત્યારે બહારનાં બધાં જ સંસ્પર્શોથી
અલિપ્ત બને છે. બાહ્યજગત સાથેના સંબંધનો સંપૂર્ણ
વિચ્છેદ થઈ જાય છે અને અલૌકિક શાંતિમાં તેવા
વખતે યોગી પ્રવેશ કરે છે. ધ્યાતાથી જુદા એવા
ધ્યેય વિષયનું સ્પષ્ટ ભાન રહે, તે સંપ્રજ્ઞાત અને
આ ભાન પણ અદૃશ્ય થાય, તે અસંપ્રજ્ઞાત સમાધિ.
અહીં રજસ્ - તમસથી સત્ત્વ સદંતર મુક્ત બને છે,
અહીં ચિત્તવૃત્તિઓનો સર્વથા વિલય થયો હોય છે.

'વૃત્તિ' એટલે મનઃશરીરનું એક વમળ.

પ્રત્યેક વૃત્તિ પોતાની પાછળ પોતાના સંસ્કાર, પોતાની છાપ ચિત્ત ઉપર મૂકતી જાય છે. અવસર પામતાં જ આ સંસ્કાર ચિત્તસાગરની સપાટી પર પ્રત્યક્ષ થાય છે. અસંપ્રજ્ઞાત સમાધિમાં અવિદ્યાદિ ક્લેશાત્મકોનો નાશ આત્યંતિક રીતે થાય છે. સૌ ક્લેશોનું મૂળ અવિદ્યા છે,

અવિદ્યાનું પહેલું સંતાન અહંકાર છે.

રાગ-દ્વેષ અહંકારમાંથી જ જન્મે છે. ક્રિયાયોગ એટલે તપ, સ્વાધ્યાય, ઈશ્વરનું પ્રણિધાન, તપ, જપ, ધ્યાન.

મૈત્રી - મુદિતા એ ચિત્તમાં પ્રસાદ જન્માવે છે.

ઈશ્વરપ્રણિધાનથી સમાધિ સિદ્ધ થાય છે.

અભ્યાસ અને વૈરાગ્ય

'અભ્યાસ' એટલે વિષયો તરફ વળતાં મનને ત્યાંથી વાળીને આત્માભિમુખ કરવાનો પ્રયત્ન કર્યા કરવો તે. તે દીર્ઘકાળ સુધી, અખંડપણે અને ભક્તિભાવપૂર્વક કરવાથી દૃઢ બને. ચિત્ત એ તૃષ્ણાઓના સમુદ્રરૂપ છે. વૈરાગ્યનો અભ્યાસ એ જ તૃષ્ણાઓનો છેદ કરે છે.

વૈરાગ્ય મનને નિર્વિષયતા તરફ લઈ જઈને
એ જ મનને સંતૃપ્ત બનાવે છે.

જીવનનું લક્ષ્ય છે...

પ્રકૃતિના પાશમાંથી મુક્ત થવાથી, મુક્ત બને તે.
મુક્તિને 'કૈવલ્ય' શબ્દથી સંબોધવામાં આવે છે,
તે વખતે દૃષ્ટા પોતાના સ્વરૂપમાં સ્થિત થાય છે.
વિવેકખ્યાતિ દ્વારા અવિદ્યાનો નાશ થાય છે.
કૈવલ્ય વખતે પાંચે ક્લેશોનો નાશ અને
ત્રણે ગુણોનું શમન થાય છે.
સ્વરૂપમાં સ્થિતિ કરવી, એ જ કૈવલ્ય છે.
God the creator = જીવ - જીવનો ઉપયોગ.
જીવનો ઉપયોગ ઉપર આધાર યોગનો છે.
યોગની શુદ્ધિથી ઉપયોગની શુદ્ધિ થાય છે.
યોગ આચારપ્રધાન છે, ઉપયોગ વિચારપ્રધાન છે.
વિચારની અસર જેટલી આચાર ઉપર છે,
તેનાથી અધિક અસર આચારની વિચાર ઉપર છે, તેથી
વિચારને સુધારવા આચારને સુધારવાની પ્રથમ જરૂર છે.
દુઃખની જવાબદારી પોતે જ લેવી જોઈએ, કારણ કે
અશુભ ઉપયોગ આપણે જ કરીએ છીએ.
શુભ ઉપયોગ સદાલંબનોથી થાય છે,
તેથી તેમાં બાહ્ય આલંબનોનો ઉપકાર છે.

'આપણે અશુભથી જ બચેલાં છીએ,' તેવી પ્રતીતિ અશુભોપયોગ કરાવે છે, કેમકે તે સ્વયમેવ ઉત્પન્ન થાય છે, બીજાની સહાયની તેમાં જરૂર રહેતી નથી. અશુભોપયોગ પવિત્રને પણ અપવિત્ર બનાવે છે. જેમ શરીર પોતે અશુચિમય હોવાથી તેના સંબંધમાં આવનાર શુચિ પદાર્થોને પણ અશુચિ બનાવે છે, તેમ સંસારી જીવો અશુભોપયોગથી ઓતપ્રોત હોય છે, તેથી તેમનું આલંબન લેનાર અને તેમના સંબંધમાં આવનાર શુભ ઉપયોગ પણ અશુભ ઉપયોગ બની જાય છે. જેમ જલ-માટી વગેરે શરીરની અશુચિને શુદ્ધ કરે છે, તેમ અશુભ ઉપયોગવંત જીવને શુભ બનાવનાર શુદ્ધ ઉપયોગવંત પરમેષ્ઠિ ભગવંતો છે.

તેમના આલંબનને જ જીવનો ઉપયોગ અશુભ મટીને શુભ અને શુભ મટીને શુદ્ધ થઈ શકે છે, તેથી નવકાર અને નવપદનું આલંબન જ જીવને તારનારું છે, એ પ્રતીતિ દૃઢ કરવી. વિનયને સર્વ શુભનું મૂળ કહે છે. સુખમાં જે લાભ મળે, તે દુઃખ વખતે પાછું થાય છે. કૃતજ્ઞતા કેળવવા નવકાર-સ્વતંત્રતા મેળવવા સામાયિક. નવકાર બોધિ અર્પે છે, સામાયિક સમાધિ અર્પે છે.

આજકાલ સાંસ્કૃતિક કહેવાતો કાર્યક્રમ
વાસ્તવમાં વિષય-કષાયપોષક કાર્યક્રમ હોય છે.
તેના સ્થાને શાસ્ત્રના નિયમોને અનુસરતો
આધ્યાત્મિકતાને પોષક નિર્મળ કાર્યક્રમ હોવો જોઈએ.
સાચો અહિંસકભાવ = સૌ પ્રત્યે પ્રેમ, સદ્ભાવ રાખવો.

ધર્મનો સાચો અર્થ છે...

માનવજીવનને આધાર આપનાર ગુણો, વિચારો અને ભાવનાઓ દ્વારા જીવનને સંયમમાં રાખવાનો પ્રયત્ન.

તેમાં દુનિયાના પ્રાય: બધા ધર્મોનો સંગ્રહ થઈ જાય છે.
બધા ધર્મો મુખ્યત્વે માનવને સંયમી બનાવે અને સહુના કલ્યાણ માટે પ્રયત્નશીલ બનવાનું જ શીખવે છે.
પશ્ચિમના આચાર-વિચારે ભારતના આધુનિક જીવન ઉપર એક પ્રકારનું ભૌતિકતાનું આક્રમણ કરેલું જણાય છે.
એવે વખતે ભગવાનના સિદ્ધાંતોને યથાશક્તિપણે જીવનમાં ઉતારી, તેને આચરણને ભાવિ પેઢીને વારસામાં આપતાં જઈએ, તો ઉજવણી સાચી રીતે ઉજવ્યાનો સંતોષ લઈ શકીએ. ઉજવણીના પ્રકાર ગમે તે હોય,
પરન્તુ ઉજવણીનો આત્મા તો કેવળ
અહિંસા અને કરુણા જ બની શકે.

ઉપયોગના કેન્દ્રમાં અહિંસા અને કરુણાની ભાવનાને
જ્યારે મુખ્ય સ્થાન આપવામાં આવશે,
માત્ર તો જ અત્યારના વિશ્વમાં વ્યાપક બનતાં જતાં
અજંપાને થોડાં ઘણાં પ્રમાણમાં દૂર કરી શકાશે.

આ યુગ અહિંસા અને કરુણાની ભાવનાને
ચરિતાર્થ કરી બતાવવાનો યુગ છે અને
તેમાં જૈનધર્મ ઘણો મહત્ત્વનો ફાળો આપી શકે છે.

શ્વાસ એ શ્વાસ છે, વિશ્વાસ એ વિશિષ્ટ શ્વાસ છે.
વિશ્વાસનું જ બીજું નામ શ્રદ્ધા છે.
શ્વાસ દ્રવ્યપ્રાણને ટકાવે, શ્રદ્ધા ભાવપ્રાણને ટકાવે છે.
શ્વાસરૂપી બાહ્યપ્રાણ વિના મનુષ્ય જીવી શકતો નથી,
તેમ શ્રદ્ધારૂપી ભાવપ્રાણ વિના આત્મા એક ક્ષણ પણ
ન જીવી શકે, આપ્ત પુરુષના શ્રદ્ધાબળે જ જીવ જીવે.

णाणी तिहिं गुत्तो । अगुत्तो अण्णाणी ।
અહીં ગુપ્તિથી ગુપ્ત તે જ્ઞાની છે, અગુપ્ત અજ્ઞાની છે.
ગુપ્તિ વડે યોગનિગ્રહ - જ્ઞાન વડે ઉપયોગશુદ્ધિ થાય.
યોગ અને ઉપયોગ પરસ્પરપૂરક અને સહવર્તી છે.
'જ્ઞાન - ક્રિયાભ્યાં મોક્ષઃ ।' નો અર્થ છેઃ
ઉપયોગ અને યોગ ઉભયની શુદ્ધિથી મોક્ષ થાય છે.

ઉપયોગ એ જ્ઞાનગુણ છે અને યોગ એ વીર્યગુણ છે.
જ્ઞાનની અશુદ્ધિ વીર્યને મલીન કરે છે અને
વીર્યની અશુદ્ધિ જ્ઞાનની અશુદ્ધિને કરે છે.
ઉપયોગની શુદ્ધિ ચતુર્થ ગુણસ્થાનકે છે તથા
યોગની શુદ્ધિ ત્રયોદશ ગુણસ્થાનકે છે.
ચૌદમે ગુણસ્થાનકે અયોગી અવસ્થા છે,
ત્યાર બાદ સિદ્ધત્વમાં માત્ર શુદ્ધ ઉપયોગ રહે છે.

<u>પંચશીલ ચરણ...</u>

અહિંસા, સત્ય, અસ્તેય બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.
ભગવાન મહાવીરે સમસ્ત વિશ્વને
પંચશીલના આ સિદ્ધાંતની અમૂલ્ય ભેટ આપી છે.

<u>શેનું ફળ શું ?</u>

ગુરૂ પર્યુપાસનાનું ફળ શ્રવણ છે, શ્રવણનું ફળ જ્ઞાન.
જ્ઞાનનું ફળ વિજ્ઞાન (વિવેક જ્ઞાન) છે.
વિજ્ઞાનનું ફળ પ્રત્યાખ્યાન એટલે કે પાપનો ત્યાગ છે.
પ્રત્યાખ્યાનનું ફળ સંયમ તથા આસ્રવ દ્વારોનો રોધ છે.
સંયમનું ફળ છે તપશ્ચર્યા, તપશ્ચર્યાથી કર્મનિર્જરા.
તેનું ફળ યોગનિરોધ અને યોગનિરોધનું ફળ મોક્ષ છે.
- ભગવતી શતક૨, ઉદ્દેશા ૫

હે માનવ! આ નરદેહ રૂપી નાવડું તારું મળ્યું છે, એનો
સદુપયોગ કરી લે. ભજન કરવામાં નાણું પડતું નહિ
પણ અવસર ગુમાવ્યા પછી તને એ મળવાનો નહિ.
શાંત ચિત્તે વિચાર. મનની દ્વિધા તારી મેળે નહિ મટે.
સંતસેવામાં મન અને શરીરને પરોવ.
સેવા કરતાં અંતરમાં અજવાળું થશે, દેહ સાર્થક થશે.
માયામાં મન અટકિયું બધું પરોવાઈ ગયું છે કે તું
અવિદ્યામાં પડી તારા અંતરનાં અજવાળાને ભૂલી ગયો છે,
માટે સમજ અને તેનો વિચાર કર કે
આ સંસારમાં તું શા માટે આવ્યો છે?
અમૃતને મૂકીને ઝેર પીવું, તેના જેવું છે આંબો છોડીને
બાવળને ઉગાડવું. ભગવાનને છોડી માયાને વળગવું,
તે છે સમતાને તજી મમતાને ભજવા જેવું.
પ્રપંચમાં પરોવાઈ જવું, કામ અને ક્રોધને વશ પડવું,
ઠગારી આશામાં અટવાઈ જવું,
ભગવાનમાં ભાવ ઉત્પન્ન ન કરવો, ભજન-સ્મરણ
વિસારે પાડવું, ભક્તિને અળગી કરવી, ભક્તિ પદાર્થનું
ભાન જ ન રહેવું, સન્માર્ગને છોડી અવળે માર્ગે જવું,
તે સર્વ ઉલટી ક્રિયા છે, આત્માના પતનની એંધાણી છે.

સત્નું ધ્યાન કરો. સત્નું ધ્યાન એજ સત્ય છે.
ચેતનાનાં ઊંડાણમાં રમમાણ કરવું, એજ બ્રહ્મચર્ય છે.
સમતાનો અભ્યાસ એ સામાયિક વ્રત છે અને
આત્મોપાસના એ પૌષધ વ્રત છે.
સમતાની સાધના કરે, તે શ્રમણ છે તથા
જે બ્રહ્મચર્યની સાધના કરે, તે બ્રાહ્મણ છે.
જ્ઞાનની આરાધના કરે, તે મુનિ છે અને
જે તપની આરાધના કરે, તે તપસ્વી છે.
આત્માથી ભિન્ન કોઈ ઈશ્વર નથી, કેમકે
એજ સાધના દ્વારા કર્મમુક્ત થઈને ઈશ્વર બને છે.
વ્યક્તિ - વ્યક્તિમાં સૂતેલાં પરમાત્માને જગાડવો,
એજ ઉપદેશનું તાત્પર્ય છે.
જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી, ઈંદ્રિયો ક્ષીણ થઈ નથી
અને શરીર ઉપર રોગનું આક્રમણ આવ્યું નથી,
ત્યાં સુધી સંયમની સાધનામાં વીર્ય ફોરવો.
મૂળ તત્ત્વ બે છે : જીવ (આત્મા), અજીવ (અનાત્મા).
શરીરબદ્ધ અવસ્થાનું નામ 'જીવ' છે અને
શરીરમુક્ત દશાનું નામ 'શિવ' યા સિદ્ધ પરમાત્મા છે.
આત્મામાંથી પરમાત્મા બનવાનું સાધન ધર્મ યા સમતા છે.

## સમ્યગ્દર્શનનું મૂળ શું ?

સત્યાગ્રહીનો અર્થ પરંતુ સત્યગ્રાહી છે.
સત્યગ્રાહી બનવું એ જ સમ્યગ્દર્શનનું મૂળ છે.
બધા જીવો સ્વરૂપથી અને સત્તાથી સમાન છે,
ફક્ત વિકાસની દ્રષ્ટિએ જ જીવો ભિન્ન ભિન્ન છે.
અનેકાન્ત એ વિચારની - સ્યાદ્વાદ એ વાણીની તથા
સંયમ એ કાયાની અહિંસા - light of world છે.
અહિંસા અને સમતા - બન્ને અવિભક્ત છે.
સત્યાદિ વ્રતો અહિંસાનાં સાધન છે. પાંચ સમિતિ તથા
3 ગુપ્તિ સહિત મહાવ્રતોનું પાલન એ ધર્મનો અમલ છે.
તાત્વિક મુક્તિ = કામ - ક્રોધાદિ ષડ્રિપુઓથી મુક્ત થવું.

જિન = જેતા = વિજેતા.

આત્મા પર વિજય મેળવનાર જિનનો અનુયાયી તે જૈન.
જિનમાર્ગનું અનુસરણ કરનાર અને
સ્વધર્મનું પાલન કરનાર સમ્યક્ત્વી - સમદ્રષ્ટિ તે જૈન.
હરિકેશી ચાંડાલ હતો, અર્જુનમાલી - રૌહિણેય ચોર હતાં,
ઇંદ્રભૂતિ બ્રાહ્મણ અને શ્રેણિક બિંબિસાર ક્ષત્રિય હતાં
તથા ચંદના નારી હતાં. જન્મથી નહિ, કર્મથી જૈન બનીને
કુંભકાર અને માળીના સ્થાનોમાં ચાતુર્માસ કર્યાં હતાં.

ધર્મ સમસ્ત લોકનું કલ્યાણ કરનાર છે, માટે મંગળરૂપ છે,
'મંગળરૂપ છે' અને અહિંસા - સંયમ - તપરૂપ છે, તેથી
ધ્રુવ - સત્ય - અવિચ્છિન્ન - અટલ - અચલ - શાશ્વત છે.

ધર્મ એ વસ્તુસ્વભાવરૂપ છે.

આત્મા પોતાના સ્વભાવને સમજીને પ્રકટાવી - પામી શકે,
એ માટેનો પ્રયત્ન, તે 'ધર્મ' છે.

જીવનમાં સમતાની પ્રતિષ્ઠા કરવાનો પુરુષાર્થ કરવો તથા
સદાકાળ સમતામાં નિમગ્ન રહેવું, એ જ
સાચા સુખ - શાંતિ - આહ્લાદ અનુભવવાનો રાજમાર્ગ છે.

મૂર્છા તુ મમત્વપરિણામઃ, લોભસ્તુ હિંસા - પર્યાયઃ ।
પરિમિતિ પરિગ્રહઃ, તતોઽધિકેષુ નિઃસ્પૃહતા । (પરિશિષ્ટ-૫)

કર્મ એ પ્રારબ્ધવાદ નહિ, ખરા અર્થમાં પુરુષાર્થવાદ છે.
કર્મ બાંધનાર અને ખપાવનાર જીવ પોતે છે.

'સમયાએ સમણો હોઇ ।' અર્થાત્: સમતાથી શ્રમણ થવાય છે.
સમભાવભાવિ અપ્પા લહઇ મુક્ખં ન સંદેહો । અર્થાત્:
સમતાવાન આત્મા નિઃસંદેહપણે મોક્ષને પ્રાપ્ત કરે છે.

'સમયા સવ્વ ભૂએસુ, સત્તુમિત્તેસુ વા જગે ।'
સમો ય જો સવ્વપાણભૂતેસુ સે હુ સમણો । અર્થાત્:
જેઓ સર્વ પ્રાણી - ભૂત પ્રત્યે સમાન થાય, તે શ્રમણ.

સમ્યગ્દર્શન એટલે જીવરાશિ ઉપર સ્નેહપરિણામ.

માંગણી કે સ્નેહરાગ એટલે...

પોતા પ્રત્યે બીજા સ્નેહ કરે, તેવી ઇચ્છા.

લાગણી કે સ્નેહભાવ એટલે...

બીજા પ્રત્યે આપણે સ્નેહ કરીએ તે.

એવો સ્વાભાવિક પરિણામ સમ્યગ્દૃષ્ટિ જીવને હોય કે:

જીવ માત્ર સ્નેહને ઝંખે છે, તેને એ

આપણે પૂરો ન પાડીએ તો આપણું જીવ્યું ધૂળ છે.

સ્નેહ માંગે તે મિથ્યાદૃષ્ટિ અને આપે તે સમ્યગ્દૃષ્ટિ.

મુક્તિમાર્ગનો સાધક તે છે કે જે

અનંતાનંત જીવોને સ્નેહ આપે છે અને

ભવમાર્ગનો સાધક તે છે કે જે બધાનો સ્નેહ માંગે છે,

પરન્તુ તે સ્નેહ આપતો કોઈને નથી.

માંગણી એ ગ્રન્થિ છે, લાગણી એ ગ્રન્થિભેદ છે.

સ્નેહરાગ એ રોગ છે, સ્નેહભાવ એ એનું ઔષધ છે.

વીતરાગ પણ ગુપ્ત બ્રહ્મચારી હોય છે અર્થાત્

નવગુપ્તિ સનાથ બ્રહ્મવ્રતને ધારણ કરનારા હોય છે.

ગુપ્તિનો ભંગ તે બ્રહ્મચર્યનો ભંગ છે.

નવગુપ્તિનું પાલન તે બ્રહ્મચર્યનું પાલન છે.

માંગનારાને આપે, તે દયા અથવા અનુકંપા છે અને
ન માંગે તેને પણ આપે, તે ભક્તિ અથવા પૂજા છે.

## નવપદ એ નવનિધાન કઈ રીતે છે?

સમ્યગ્દર્શન આનંદનો તથા સમ્યગ્જ્ઞાન સદ્વિચારનો
ભંડાર છે, સમ્યક્ચારિત્ર એ સદાચારની ખાણ છે,
સમ્યક્તપ એ સંતોષ - સુખનો સાગર છે.
સાધુ સહાયના ભંડાર છે, ઉપાધ્યાય વિનયના ભંડાર છે,
આચાર્ય એ સદ્ગુણના ભંડાર છે,
સિદ્ધ પરમાત્મા એ પરમ આનંદના ભંડાર છે અને
અરિહંત એ કરુણાના - પરોપકારગુણના ભંડાર છે.
કીર્તન દ્વારા દર્શનનિર્મળતા, વંદન વડે જ્ઞાનસ્થિરતા
અને પૂજન વડે ચારિત્રની તન્મયતા પ્રાપ્ત થાય છે.
દર્શનનિર્મળતાદિ પ્રાયશ્ચિત, જ્ઞાનસ્થિરતાદિ વિશુદ્ધિ અને
ચારિત્રરૂપી તન્મયતાદિ વિશલ્યીકરણ શક્ય બને છે.
ઈર્યાપથિકી સૂત્રાદિ અંતરાત્મભાવમાં આવી એક બાજુ
બહિરાત્મભાવનો ત્યાગ - બીજી બાજુ પરમાત્મભાવનું
ભાવન થાય છે. પ્રાયશ્ચિત્તકરણાદિ બહિરાત્મભાવનો ત્યાગ,
વિશુદ્ધિકરણાદિ અંતરાત્મભાવનો લાભ અને
વિશલ્યીકરણાદિ પરમાત્મભાવનો સંબંધ અખંડ થાય છે.

## શ્રુતજ્ઞાનનું માહાત્મ્ય

શ્રુતજ્ઞાન સ્વપરનું પ્રકાશક છે.
સ્વપ્રકાશક હોવાથી શ્રુતજ્ઞાનથી આત્મા પ્રત્યક્ષ થાય છે.
તે પ્રત્યક્ષ અનુભૂતિનો વિષય છે,
તેથી જ શ્રુતજ્ઞાનમાં અનુભવજ્ઞાન પણ છૂપાયેલું છે.
સ્વપ્રત્યક્ષપૂર્વકનું પરપ્રત્યક્ષ જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે.
શ્રુતજ્ઞાનનો પ્રયોગ જે માત્ર બીજાને જણાવવા માટે જ
કરાય છે, તે પોતાને જાણવા માટે પણ થવો જોઈએ,
કેમકે શ્રુતજ્ઞાન સ્વપર - ઉભય પ્રકાશક છે.
સમ્યગ્દૃષ્ટિને અનેકાન્ત સાપેક્ષ હોવાથી
મિથ્યાશ્રુત પણ સમ્યક્ બને છે.
સમ્યગ્દર્શનપૂર્વકનું જ્ઞાન અનંત જીવો સાથે
સંબંધ બંધાવી આપે છે, કેમકે તે સંબંધદર્શક જ્ઞાન છે.
જ્ઞાન સ્વરૂપદર્શક બોધ છે,
દર્શન તેને સંબંધદર્શક બનાવે છે. જીવાદિ નવતત્ત્વોનું
હેયોપાદેય સંબંધરૂપે જ્ઞાન થવું, તે સમ્યગ્દર્શન છે.
તે કેવળ Informatory નથી,
કિન્તુ relationને પણ સમજાવે છે.
તેને knowledge of relativity કહી શકાય.

## કઈ રીતે first thing first ?

કાયમ રહેનારી વસ્તુને પ્રથમપણું આપવું જોઈએ. જગની બધી વસ્તુઓનો અંત છે, આત્માનો અંત નહિ, તેથી દરેક કાર્યમાં પ્રથમ સ્થાન આત્માને મળવું જોઈએ. આત્માનું કાર્ય સૌથી પહેલું કરવું જોઈએ, કારણકે તે કાયમ રહેનારું તત્ત્વ છે. મોઢામાં પહેલું આવી જ આવનાર ઉપયોગ છે, માટે તેને સુધારવાનું કાર્ય પહેલું કરવું જોઈએ અને તે નવપદના ધ્યાનથી થાય છે.

## મનની સરળતાનું ઘણું માહાત્મ્ય કેમ ?

કાળ બધાનો ભક્ષક છે,
તે બધા જ જીવોનું બલિદાન ગાળી નાંખે છે.
પાદ વડે પ્રભુનું, પ્રભુ વડે મનનું અને
મન વડે કાળનું ભક્ષણ થાય છે,
તેથી સર્વ પ્રકરણ મંત્રપદ અને શ્લોકપાદમાં
મનની સરળતા એ સર્વભક્ષક ગણાઈ છે.

o દુનિયામાં એક મુસાફરની જેમ રહો.
જે દયા કરતો નથી, તેને દયા મળતી નથી.
દોલતની વૃદ્ધિમાં ઉદારતા નથી,
દિલની ઉદારતા એજ ખરી દોલત છે.

કર્મનો નિયમ ન્યાયપૂર્ણ છે, ધર્મનો નિયમ દયાપૂર્ણ છે.

આત્મા સર્જનહાર છે, પરમાત્મા રક્ષણહાર છે.

એક ન્યાયી છે, બીજો દયાળુ છે.

વિશ્વ પર પ્રભુત્વ કર્મસત્તાનું છે, કેમકે ન્યાયપૂર્ણ છે.

કર્મસત્તા ઉપર પ્રભુત્વ ધર્મસત્તાનું છે, કેમકે દયાપૂર્ણ છે.

જે આત્મા ભક્તિને પાત્ર છે, તેની ભક્તિ ન કરવી,

એ પણ આશાતનાનો જ એક પ્રકાર છે.

અનન્યતાપૂર્વકની સમાનતા પણ ક્વચિત્

નિષ્કામતાનું કારણ બને છે, તેમ અનન્ય ભાવપૂર્વકની

સમાનભક્તિને પણ ક્વચિત્ વખાણી છે.

રસનિવૃત્તિ માટે મત્પરાયણતા જરૂરી છે.

ફલપ્રાપ્તિની તાલાવેલી એ વિઘાતક ધ્યેય છે.

તેને 'ફલાશય' પણ કહે છે. ક્રોધ = કષાય.

કામ = અનલ = न अलम् इति अनलः ।

o चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयम् ।
अखंडज्ञानराज्यस्य तस्य साधोः कुतोभयम् ॥

o नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो अ एअं जीवस्स लक्खणं ॥

- જ્ઞાનસાર તથા નવતત્ત્વ (પરિશિષ્ટ-૬)

ષટ્સંપત્તિ યા સમ્યક્ત્વના પાંચ લક્ષણો

'મોક્ષ' એટલે સ્વસ્વભાવની પ્રાપ્તિ.

જીવની અમરતાનું ભાન અથવા
શ્રદ્ધાગુણનો વિકાસ તે આસ્તિક્ય છે.

દુઃખી જીવના દુઃખને દૂર કરવાની બુદ્ધિ અથવા
દયાગુણનો વિકાસ તે અનુકંપા છે.

સેવા કોઈ બીજા જીવોને માટે નહિ, કિન્તુ
પોતાના અંતઃકરણની શુદ્ધિ માટે જ કરવાની હોય છે.

જીવમાત્રના ભવદુઃખનિવારણ કરવાની બુદ્ધિ અથવા
વૈરાગ્યગુણનો વિકાસ તે નિર્વેદ છે.

જીવમાત્રને મોક્ષનું સુખ મળે, તેવી બુદ્ધિ અથવા
ભક્તિગુણનો વિકાસ તે સંવેગ છે.

ક્ષમાગુણનો વિકાસ તે ઉપશમ છે.

એ રીતે શ્રદ્ધા, દયા, વૈરાગ્ય, ભક્તિ અને ક્ષમા -
એ પાંચ મળીને પણ સમ્યક્ત્વને ઓળખાવે છે.
ઇતરો તેને 'ષટ્સંપત્તિ' પણ કહે છે.

ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્નસંશયાઃ ।
જે કાર્ય મૌનથી થાય છે, તે વાણીથી નથી થતું. વાણી
કરતાં મૌન મારફત વધારે ઊંડું, ગહન કાર્ય થાય છે.

મોટી શાંતિના પદોનું રહસ્યોદ્‌ઘાટન : તા. ૧૪-૧-૭૫

કઈ રીતે ચાતુર્વર્ણ્ય રૂપ જનતાનું રક્ષણ અભિપ્રેત છે?

ૐ મુનયો મુનિપ્રવરા ........ રક્ષન્તુ વો નિત્યં સ્વાહા।

(૧) મુનયો મુનિપ્રવરા = તીર્થંકર ભગવંતો.

(૨) રિપુવિજયે = ક્ષત્રિયો દુશ્મન સામે પોતાનો બચાવ કરતાં હોય, ત્યારે તેની રક્ષા કરો.

(૩) દુર્ભિક્ષે = બ્રાહ્મણોને જ્યારે ભિક્ષા મળવી દુર્લભ હોય, ત્યારે તેની રક્ષા કરો.

(૪) કાન્તારેષુ = વૈશ્યો જ્યારે અટવામાં વણઝાર લઈ જતાં હોય, ત્યારે લૂંટાં ન પડે, તેવી રક્ષા કરો.

(૫) દુર્ગમાર્ગેષુ = શૂદ્રોને વેઠને કારણે ઝાડી - કોતરોમાં પસાર થવાનું હોય, ત્યારે હિંસક પશુઓ આદિથી રક્ષા કરો.

ૐ આચાર્યોપાધ્યાય........પુષ્ટિર્ભવતુ।

આ મંત્રથી શ્રમણસંઘમાં ચાતુર્વર્ણ્યની શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ માટેની પ્રાર્થના અભિપ્રેત છે. શાંતિથી અશુભનો સંહાર, તુષ્ટિથી પાલનક્રિયા અને પુષ્ટિથી અનુગ્રહ લઈ શકાય.

શાંતિ - સંહારક્રિયાકારિત્વ.

તુષ્ટિ - પાલનક્રિયાકારિત્વ.

પુષ્ટિ - અનુગ્રહક્રિયાકારિત્વ.

अर्हं सुबहुसुआणं, सव्वपयत्थेसु पुच्छणिज्जाण ।
नाणेण जोऽवयारे सिद्धिं पि गएसु सिद्धेसु ॥

छाया : अर्हं बहुश्रुतेभ्यः, सर्व पदार्थेषु प्रच्छनीयेभ्यः ।
ज्ञानेन येऽवतारयंति सिद्धिमपि गतान् सिद्धान् ॥

અર્થઃ સર્વ પદાર્થોના વિષયમાં પૂછવા યોગ્ય તે મહાગીતાર્થ બહુશ્રુત જ્ઞાની ભગવંતોનું કલ્યાણ થાઓ, કે જેઓ પોતાના નિર્મળ શ્રુતજ્ઞાન વડે સિદ્ધિગતિને પ્રાપ્ત થયેલાં સિદ્ધ ભગવંતોનું પણ પ્રત્યક્ષ દર્શન કરાવે છે.

'नमो अरिहंताणं ।'

मैत्री पवित्र पात्राय । मुदिता मोदशालिने ।
कृपोपेक्षा प्रतीक्षाय । तुभ्यं योगात्मने नमः ।

મૈત્રી વડે આર્તધ્યાનનાશ, મુદિતા વડે રૌદ્રધ્યાનનાશ, કરુણા વડે ધર્મધ્યાનોત્પાદ તથા માધ્યસ્થ્યભાવ વડે શુક્લધ્યાનલાભ. આમ દુર્ધ્યાનરૂપી પિશાચોનો અંત લાવનાર ધર્મધ્યાન - શુક્લધ્યાન રૂપી શુભધ્યાનનો સંચય કરાવનાર મૈત્ર્યાદિ ચાર ભાવનાઓના પાત્ર એવા શ્રી જિનેશ્વર ભગવંતોને નમસ્કાર છે, જેનું સ્વામિત્વ નમસ્કાર કરનારનું નહિ પણ નમસ્કાર્ય પરમેષ્ઠિઓનું છે.

## પંચ પરમેષ્ઠિ ગુણસ્તુતિ

અરિહંત = પુણ્યના ભંડાર, રૂપવાન છતાં શીલવાન.
સિદ્ધ = અવિનાશી સુખભંડાર, બળવાન છતાં ક્ષમાવાન.
આચાર્ય = પરોપકારભંડાર, ધનવાન છતાં ઔદાર્યવાન.
ઉપાધ્યાય = વિનયગુણભંડાર, બુદ્ધિમાન છતાં વિનયવાન.
સાધુ = સહાયના ભંડાર, વાત્સલ્યવાન છતાં સહાયવંત.

(૧) સાધુજન પ્રિય છે, કેમકે સર્વને સહાય કરનાર છે.

(૨) ઉપાધ્યાય નમ્ર છે, કારણકે જ્ઞાની છે.
આખું જ્ઞાન વિનયમાં - નમ્રતાગુણમાં છૂપાયેલું છે.
નમ્રતામાં શાંતિ છૂપાયેલી છે અને
નિર્ભયતામાં શક્તિ સંગ્રહાયેલી છે.

(૩) આચાર્ય ઔદાર્યવાન છે, કેમકે સંપત્તિમાન છે.
આખી સંપત્તિ ઔદાર્યગુણમાં રહેલી છે.

(૪) સિદ્ધ ક્ષમાવાન છે, કેમકે અનંત શક્તિમાન છે.
આખું બળ - વીર્ય ક્ષમાગુણમાં રહેલું છે.

(૫) અરિહંત શીલવંત છે, કેમકે અનંત રૂપસંપન્ન છે.
આખું રૂપ તથા સૌંદર્ય શીલગુણમાં રહેલું છે.

પંચ પરમેષ્ઠિમાં રૂપ, બળ, ગુણ, જ્ઞાન અને સેવા -
ઉત્કૃષ્ટ કોટિની છે, તેથી તેઓ જ સેવનીય છે.

નવકારના ૯ પદો એટલે...

(૧) અરિહંતપદ = સમવસરણની ધર્મદેશના.

(૨) સિદ્ધપદ = સિદ્ધશિલાનો એકાંત આનંદ.

(3) આચાર્યપદ = પંચાચારની સુવાસથી ભરેલું નંદનવન.

(૪) ઉપાધ્યાયપદ = બ્રહ્માંડના સૂક્ષ્મ વિજ્ઞાનની સિંધુમસ્તી.

(૫) સાધુપદ = પંચ મહાવ્રતના આંતરસામર્થ્યનો મહામેરૂ.

(૬) ચૂલિકાના પહેલાં બે પદ એટલે...

સર્વ પાપોનો એકાંતિક - આત્યંતિક ક્ષય.

(૭) ચૂલિકાના છેલ્લાં બે પદ એટલે...

ઉત્કૃષ્ટ મંગળના મહાપ્રપાતનું અવતરણ.

જેનો અંત ભવ્ય, તેનો આરંભ પણ ભવ્યાતિભવ્ય માનવો જોઈએ, કારણકે અંતના અસ્તિત્વનો એકમાત્ર અનિવાર્ય આધાર શરૂઆત હોય છે. વળી પરંપરાગત શ્રદ્ધાને પ્રયોગાત્મક પ્રતીતિમાં પણ ભાવવા જોઈએ.

નવકારવાળીનું માહાત્મ્ય

માળા વડે એક કરોડ જાપ થાય, તો માળામાં દિવ્યતા આ સ્થાપના આવે છે. મંત્ર, મૂર્તિ, માળા બદલવા નહિ. પ્રત્યેક મંત્રમાં દિવ્ય શક્તિ રહેલી છે, તેથી જે મંત્ર પ્રાપ્ત થયો હોય, તેમાં દૃઢ નિષ્ઠા રાખી જાપ કરવો.

આત્મતત્ત્વમાં લય થવા એકમાત્ર નમસ્કાર મહામંત્ર.

અનુપ્રેક્ષા દ્વારા તેના શબ્દાર્થ અને ભાવાર્થ શોધી શકાય,
કિન્તુ રહસ્યાર્થ તો ધ્યાન - લય અને સમાધિના
ત્રિવેણીમાં ખીલતી પ્રજ્ઞા દ્વારા જ ખોળી શકાય.
ધ્વનિઓના સંઘર્ષ દ્વારા બ્રહ્મવિદ્યુતનો જે પ્રવાહ જન્મે,
તે જ એક મહામંત્રના રહસ્યાર્થોને ખોલી દેવા સમર્થ છે.
તે દ્વારા ઉત્પન્ન થતાં ઋતંભરા પ્રજ્ઞા અને પ્રાતિભ
જ્ઞાનથી જ શક્ય છે. મંત્રના જાપ દ્વારા ધ્વનિઓનો
દારૂણ સંઘર્ષ થાય છે અને તેમાંથી જ બ્રહ્મવિદ્યુતનું
રસઝરણું પ્રગટે છે, તે દ્વારા શાસ્ત્રોનાં ગહન રહસ્યો
સ્વાનુભવની સપાટી ઉપર આપમેળે પ્રગટવા લાગે છે.

રૂપકેન્દ્રોમાં પ્રગટતી બ્રહ્મવિદ્યુતની મહાઅગ્નિમાં
સમગ્રલોકના સર્વ જીવોના કાર્મિક અણુઓને ભસ્મીભૂત
કરવાની તાકાત છે, તે કેવળ વિતંડાવાદથી ન જ સમજાય,
મહામંત્રના વિધિયુક્ત જાપ વડે જ ત્યાં સુધી પહોંચી
શકાશે. પછી જ શુભ ધ્યાનોનો રસાસ્વાદ એક સાથે
માણવાનો અવસર નવકારજાપ દ્વારા મેળવી શકાય છે.
પછી તે પિંડસ્થાદિ કે આજ્ઞાવિચયાદિ ધર્મસ્વરૂપ હો,
કે પૃથક્ત્વ એકત્વ વિતર્કાદિ શુક્લરૂપ હો.

દરેક ધ્યાનના મૂળમાં
આત્મતત્ત્વનું શોધન અને અનુસંધાન જ છે. દરેક
ધ્યાનો એનું ધ્યાનત્વ આત્મમયતાને કારણે પામે છે.
શુદ્ધ આત્મતત્ત્વમાં લય થવાનો અવકાશ, અટલ અને
અતૂટ પંથ એક માત્ર નમસ્કાર મહામંત્ર છે.
અનેક પર્યાયોમાં અનુસ્યૂત એક દ્રવ્ય = ઊર્ધ્વતાસામાન્ય.
અનેક દ્રવ્યોમાં અનુસ્યૂત એક ગુણ = તિર્યક્સામાન્ય.
ચૈતન્ય = પરસામાન્યથી એકતા.
ઊર્ધ્વતાસામાન્યનું પ્રત્યક્ષ ઓંકાર.
તિર્યક્સામાન્યનું પ્રત્યક્ષ અર્હંકાર.
એક નિર્ગુણ - નિષ્કલ, બીજો સગુણ - સકલ.
અનાસક્તતા - ચિત્તપ્રસન્નતા બહિર્મુખથી ભિન્ન છે.
તેનો ઉદ્ગમ ક્રિયા અંતરની પવિત્રતા અહિ
ભાવવિશુદ્ધિ - ચારિત્રબળ - જ્ઞાનની તેજસ્વિતામાં છે.
Divine grief of eternal Seperation.
Kingdom of Heaven = ચિત્તપ્રસન્નતા.
ક્રિયામાં શિસ્તબદ્ધ એટલે કે Soldier બનવું અને
જ્ઞાનમાં પ્રયોગવીર એટલે કે Scientist બનવું.
બહાર વિપુલતા - અંદર સૂક્ષ્મતા.

## 'ॐ अर्हं नमः ।' મંત્રની મહત્તા

ચિત્તપ્રસન્નતા પેદા કરવાનું
અમોઘ સાધન છે મહામંત્રાધિરાજનો જપ.
ચિત્તપ્રસન્નતા તે બાહ્યસુખ નહિ, કિન્તુ
આંતરઆનંદ છે, આત્મરમણતાની મસ્તી છે.
ઓંકારમાં ધ્વન્યાત્મક પ્રાણશુદ્ધિ છે
યાને Sound vibration છે અને
અર્હંકારમાં mental purification - ચિત્તશુદ્ધિ છે.

યોગોપયોગમાં જીવવું ।

ઓંકાર યોગાત્મક છે - અર્હંકાર ઉપયોગાત્મક છે.
ૐકાર સૂર્યના સ્થાને - અર્હંકાર એ ચંદ્રના સ્થાને છે.
વિજ્ઞાનની દૃષ્ટિએ સૂર્ય એ સ્વપ્રકાશક છે - ચંદ્ર એ
પરપ્રકાશ્ય છે. આત્મારૂપી સૂર્યનો પ્રકાશ પામીને
ગુરૂ રૂપી ચંદ્ર પ્રકાશ્ય બને છે.
અરિહંત - સિદ્ધ દેવ, આચાર્ય - ઉપાધ્યાય - સાધુ ગુરૂ છે,
તેમ પરમ દેવ છે સિદ્ધ પરમાત્મા અને
પરમ ગુરૂ છે અરિહંત પરમાત્મા.
ૐકાર = સિદ્ધનું પ્રતીક. 'ॐ अर्हं नमः ।' સંપૂર્ણ મંત્રમાં
સાધ્ય, સાધન અને સાધક - એ ત્રણેનો સમુચ્ચય છે.

# નમસ્કાર મહામંત્ર દ્વારા સમાપત્તિ

(a) જેમ જગતમાં શરણ, રોગમાં ચિકિત્સા અને
વિષમાં મંત્ર ઉપાય છે, તેમ
ભવભયથી ત્રસ્ત, કર્મરોગથી પીડિત અને
મોહવિષથી મૂર્છિત જીવને નમસ્કાર એ
શરણ - ચિકિત્સા - મંત્રનું કાર્ય એકીસાથે કરે છે.
અરિહંતાદિ પરમેષ્ઠિઓ ભવભયથી મુક્ત છે,
કર્મવ્યાધિથી રહિત અને મોહવિષથી મુક્ત થયેલાં છે,
તેથી ભવથી, ભવના કારણરૂપ કર્મથી અને
સર્વ કર્મના મૂળ એવા મોહથી મુક્ત થવા માટે
અરિહંતાદિ પાંચને શરણે જવું જોઈએ.
નમસ્કાર દ્વારા તે શરણ પમાય છે.
નમસ્કાર શરણાગતિરૂપ પણ છે, ધ્યાનતપરૂપ પણ છે
અને સ્વાધ્યાય રૂપી મંત્રસ્વરૂપ પણ છે.
નમસ્કારનો સ્વાધ્યાય મોહવિષને હણે છે, નમસ્કારનું
ધ્યાન કર્મરોગની ચિકિત્સા કરે છે, નમસ્કાર રૂપી
વિનય - બહુમાનનો પરિણામ ભવભયથી ત્રાણ - શરણ
- રક્ષણ કરે છે. વિનય ઉપરાંત બહુમાનથી નિર્મળતા,
સ્વાધ્યાયથી સ્થિરતા, ધ્યાનથી તન્મયતા પ્રાપ્ત થાય છે.

(b) 'નમો' દ્વારા નિર્મળતા, 'અરિહં' દ્વારા સ્થિરતા અને 'તાણં' દ્વારા તન્મયતા સિદ્ધ થાય છે.

(c) કર્મયોગ = વૈખરી વડે નમોનું ઉચ્ચારણ થાય તે. તે ચિત્તની નિર્મળતા કરે છે.

ભક્તિયોગ = મધ્યમા વડે નમોનું ઉચ્ચારણ થાય તે. તે ચિત્તની સ્થિરતા કરે છે.

જ્ઞાનયોગ = પશ્યંતી વડે નમોનું ઉચ્ચારણ થાય તે. તે ચિત્તની તન્મયતા કરે છે.

એ રીતે નવકારના કોઈ એક પદની ભક્તિમાં પણ નિર્મળતા - સ્થિરતા - તન્મયતા કરવાનું સામર્થ્ય છે.

<u>અમૃતક્રિયાનાં લક્ષણો</u>

(a) તદ્ગત ચિત્ત - તન્મયતાકારક છે.

(b) સમયવિધાન - શુભભાવવૃદ્ધિ તથા સ્થિરતાકારક છે.

(c) ભવભય, વિસ્મય, પુલક, પ્રમોદ નિર્મળતાકારક છે.

ભવભય દ્વારા ધર્મક્રિયા કરતી વખતે જે વિસ્મય, પુલક, પ્રમોદ ઉપજે છે, તે ચિત્તની નિર્મળતાસૂચક છે.

સર્વ ધર્મક્રિયાના પ્રારંભમાં વિસ્મય થવો જોઈએ કે: 'અહો! ભવચક્રમાં મને આ દુર્લભ વસ્તુઓનો કેવો તો સુંદરતમ સંયોગ થયો?'

સર્વ ધર્મક્રિયાની મધ્યમાં યુક્ત કરવો જોઈએ અને
દરેક ક્રિયાના અંતમાં પ્રમોદ કરવો જોઈએ, કે જેનાથી
શુભભાવની વૃદ્ધિ થાય અને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર
કાળ તથા વિનયાદિ આચારને અનુષ્ઠાન કરાય છે, તેથી
ચિત્ત સ્થિરતાને પામે છે અને તે પછી ચિત્ત જ્યારે
ધ્યેયાકારે પરિણમે, ત્યારે તન્મયતા પ્રાપ્ત થાય છે.

## નામાદિ ચાર નિક્ષેપ

ભાવનિક્ષેપ સાધ્ય છે તથા નામાદિ ૩ તેનાં સાધન છે.
(a) નામ અને સ્થાપના દ્વારા ચિત્તની નિર્મળતા
(b) દ્રવ્યનિક્ષેપના ધ્યાનથી ચિત્તની સ્થિરતા અને
(c) ભાવનિક્ષેપના ધ્યાનથી ચિત્તની તન્મયતા.
જ્યારે ચિત્ત વિશુદ્ધ - સ્થિર - તન્મય બને છે,
ત્યારે જ સમાપત્તિ = સંપૂર્ણપણે આત્માર્પણ થાય છે.

કહ્યું છે કે:

આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ,
પરમપદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસપોષ - સુમતિ૦

o

*In the beginning was the word,*
*the word was with god and*
*the word was god.*

## ગંભીર રહસ્યમય 'નમો' પદ

નમસ્કાર મંત્રના 'નમો'ના મર્મમાં ઉપગ્રહનું તત્ત્વ છે.

'નમો' એ અનુગ્રહસૂચક પદ છે.

નમ્રતા એ વિનયનું મૂળ તથા સમતા, સરળતા અને સમન્વયનું અપૂર્વ સાધન છે, પ્રેમ - સ્નેહનું કેન્દ્ર છે. તે ક્રોધ - માનનાશક અને માયા - લોભને દૂર કરનાર છે. 'નમો' સત્કારનું અમૃત અને અનુગ્રહનો ભંડાર છે. અનુગ્રહનો પ્રારંભ જ નમ્રતાના ભાવથી થાય છે. નમો ભાવમાંથી સમતાનો સાગર અને સ્નેહનું ઝરણું પ્રગટે છે,

તેથી નમસ્કાર મંત્રનું મંગલકારીપણું પામીને

જીવ સર્વ કર્મોનો ક્ષય કરનાર થાય છે.

સર્વ જીવને સર્વ કાળે - સર્વ રીતે 'નમો' પદ અને તેમાં રહેલ નમ્રતા, વિનય, ભક્તિ, બહુમાન, સમર્પણ જેવા ઉમદા ભાવો પરમ કલ્યાણ - મંગલ કરનારા છે. 'નમો' પદમાં જીવનો પૂર્ણ વિકાસ સંગ્રહાયેલો છે, તે ધર્મ, અર્થ, કામ, મોક્ષનું મૂળ - જિનશાસનનો સાર છે.

'નમો' એ ત્રણે જગતનો આધાર છે.

તે વ્યવહાર - નિશ્ચયનું સર્વોપરી સાધન છે, પુણ્યનો ખજાનો છે, ગુણનું નિધાન છે, આરાધનાનો અર્ક છે.

'નમઃ' પદ સાધનાનું સાધન છે, સર્વ સારનો સાર છે,
તે સર્વનું નિવારણ અને મમનું મારણ છે,
તે કામ - ક્રોધનું વારણ અને ભવ જલધિનું તારણ છે,
મંગલ અને કલ્યાણનું કારણ છે તથા મુક્તિનું મૂળ છે.
નમઃથી પરમ પદ પ્રગટે છે. 'નમઃ' ભાવ પામેલો જીવ
સર્વના હિત, ભલા અને સુખમાં નિમિત્ત બને છે.
નમઃ એ ઉપયોગની શુદ્ધિ કરવા માટેનું મહારસાયણ છે.
અંતરાત્મા ઈશ્વરાભિમુખ રહેવો જરૂરી છે અને તે
'નમઃ' વડે શક્ય બને છે. નમઃ એ શુભ ભાવ છે.
ભાવ = ઉપયોગ, જે ઈશ્વરાભિમુખ થતાં શુભ બને છે.
શુભોપયોગ એ અશુભોપયોગને ટાળવા શુદ્ધોપયોગ તરફ
લઈ જાય છે. યોગ એટલે ભક્તિ કરતાં કરતાં પ્રભુ
સાથે જોડાઈને રહેવું તે. જે માયા કે અપૂર્ણતાઓ છે,
તે બધી પ્રભુમાં સમાઈ જવાથી જ દૂર થવાની છે.
વ્યક્તિગત જીવને શુદ્ધ રાખવા ઈશ્વરસમર્પિત રહેવું.
ઉપયોગ લક્ષણ જડ - ચેતનનો ભેદદર્શક તથા ઉપગ્રહ
લક્ષણ ચેતન - ચેતનની સાથે સંબંધ બતાવનાર છે.
સંબંધના ભાન વિનાનું સ્વરૂપનું ભાન એ
વિષયપ્રતિભાસ ભાન છે.

જ્યારે સંબંધનું જ્ઞાન અને તેનો સ્વીકાર થાય છે,
ત્યારે તે જ્ઞાન પરિણતિવાળું બને છે.
આપણી વૃત્તિને સુધારનાર પરિણતિવાળું જ્ઞાન જ છે.
તે જ્ઞાન જ્યારે ભાવિત બને, ત્યારે પ્રવૃત્તિને સુધારે છે.
વ્યવહારથી જીવ-જીવમાં ભેદ છે, નિશ્ચયથી અભેદ છે.
જીવો પોતાના શુભ - અશુભ ભાવો અને
વ્યવહારો દ્વારા પરસ્પર હિતાહિતમાં નિમિત્ત બને છે.
પોતાનું અનિષ્ટ ચિંતવનાર અથવા પ્રતિકૂળ વર્તનાર
જીવો પ્રત્યે પણ શુભભાવ ટકાવી રાખવા માટે
એ વિચાર કરવો જોઈએ કે:
'આ જીવ મારા જ પૂર્વે બાંધેલા કર્મનો ભાર હળવો
કરવાનો પ્રયાસ કરે છે અને તે માત્ર નિમિત્ત છે.
મારા જ પૂર્વબદ્ધ કર્મનું દેવું ચુકતે કરવા માટે જ
આ જીવ નિમિત્ત બની મને મારા પોતાના દેવામાંથી
મુક્ત કરવામાં સહાયક બની રહ્યો છે,
તેથી એક દૃષ્ટિએ તે જીવ તો મારો ઉપકારી છે.
હું પોતે અશુભ વ્યવહાર દ્વારા અશુભ ભાવ અને
અશુભભાવ દ્વારા અહિતને પામું છું, શુભ વ્યવહાર
દ્વારા શુભભાવ અને શુભભાવ દ્વારા હિતને પામું છું.'

સં. ૨૦૩૪, માગસર વદ ૧૧ના શ્રી જંબુવિજયજી લખે છે:

શ્રી આચારાંગ સૂત્રના મનન પછી તથા
પ્રભુની સાક્ષાત્ વાણી વાંચ્યા પછી એમ લાગે છે કે
પ્રભુનો માર્ગ - પ્રભુના ધર્મનું ખરું સ્વરૂપ સમજાયું.
આજનો યોગ શાંતિ દ્વારા સમાધિની વાત કરે છે,
જ્યારે ભગવાનનો યોગ વિરક્તિ દ્વારા
પાપરહિત થવાપૂર્વક સમાધિની વાત કરે છે, એટલે
શાંતિ અને સમાધિ તથા પવિત્રતા - બધું
અત્યંત સરળ લાગે - સહજ લાગે એવા બને છે.
આજે કહેવાતાં યોગમાં શાંતિ કસરતરૂપે જ દેખાય છે.
ભગવાનના યોગમાર્ગે શાંતિ સહજ છે. પ્રભુવાણીનું
ચિન્તન કરશું, તો પ્રભુ જાણે અમૃત પીવા જેવું છે.

યોગથી પરમ સમાધિની યાત્રા

યોગથી સમાધિ સુધીની યાત્રા શરૂ થાય વિરક્તિથી.
વિરક્તિથી વિરતિ, વિરતિથી શાંતિ, શાંતિથી સમાધિ.
યોગાભ્યાસ દ્વારા શાંતિ અને શાંતિ દ્વારા સમાધિ.
પાપાશ્રવ અટકે પાપને ન આદરવાની પ્રતિજ્ઞા રૂપી
વિરતિ દ્વારા મળતી શાંતિ અને સમાધિ
એ સહજ છે - સરળ છે - સ્થિર અને સ્થાયી છે.

## સકલ સિદ્ધિનું બીજ છે 'અર્હં'

'અર્હં' બીજમાં અ થી હ પર્યંત વર્ણમાળા ઉપરાંત મધ્ય રેફ વડે રત્નત્રય, કલા દ્વારા ચૈતન્યશક્તિ અને બિંદુ વડે કેન્દ્રમાં રહેલ ચિન્મયતત્ત્વનું ધ્યાન થાય છે. તે ધ્યાન નિર્વિકલ્પ - ચિન્માત્ર સમાધિમાં પરિણમીને સકલ સિદ્ધિનું બીજ બને છે તથા પરમાત્મશક્તિ રત્નત્રય રૂપે પ્રકટ થઈ સમગ્ર વર્ણમાળા અને તે દ્વારા સમગ્ર વિશ્વના આવિર્ભાવમાં કારણ બનીને સૃષ્ટિ + સંહાર ક્રમે ધ્યાનનું પરમ આલંબન બને છે.

## ધ્યાનમાં શ્રદ્ધાનું પરમ સ્થાન

ધ્યાનસાધના દરમ્યાન શ્રદ્ધા એ તો અતૂટ દીપક છે. સાધકે સાધનામાં અતૂટ વિશ્વાસ રાખવો જોઈએ કે:

'ધર્મચક્રવર્તીના પાદપદ્મમાં મને સ્થાન મળ્યું,
પછી મારી આત્માની દરિદ્રતા ક્ષણભર પણ ટકે નહિ.'

ધર્મની પ્રત્યેક ક્રિયા અતૂટ શ્રદ્ધાપૂર્વક થવી જોઈએ, જેમ કે દેવદર્શન, ગુરુવંદન, શાસ્ત્રનું શ્રવણ - મનન, નિદિધ્યાસન વગેરે જીવંત શ્રદ્ધાથી થવાં જોઈએ. સાધ્ય પ્રત્યે બિનશરતી સમર્પણ રાખવું જોઈએ. જેટલી વિશ્વાસની અધિકતા, સાધ્યસિદ્ધિ તેટલી અવિલંબે થાય.

આત્મવિશ્વાસપૂર્વક અખંડપણે એમ થવું જોઈએ કે:
'સાધક તરીકે આ ધર્મક્રિયાથી મારો મોક્ષ અચૂક છે. હું
પ્રતિપળ ધર્મની આરાધના વડે મોક્ષ તરફ ખેંચાઈ રહ્યો છું.'

ક્રિયા ઉપરની શ્રદ્ધા આપણો પ્રાણવાયુ છે.

'ધર્મને અને મોક્ષને સીધો સંબંધ છે' એ શ્રદ્ધા જ
મનુષ્યના મનથી નિર્મિત સૌથી મહાન ચમત્કાર છે.

શ્રદ્ધા વિના જીવનમાં કેવળ અંધકાર છે.

શ્રદ્ધા જ પ્રકાશને પાથરનાર પરમ દીપક છે.

ખરી બુદ્ધિમત્તા = શ્રદ્ધેય વસ્તુ પ્રત્યે શ્રદ્ધા ધારણ કરવી.

જે વસ્તુ શ્રદ્ધા મૂકવા લાયક છે, તેના ઉપર
શ્રદ્ધા ન મૂકવી, એ આધ્યાત્મિક રીતે મહાન ગુનો છે.

'સંસારની તુચ્છ વસ્તુઓ મને સુખ આપશે'
એમ શ્રદ્ધાપૂર્વક માનનારો માનવી જ્યારે
સંસારના પારને પામેલા, પામનારા અને પમાડનારા
દેવ, ગુરુ, શાસ્ત્ર અને ધર્મ ઉપર
શ્રદ્ધા મૂકવા તૈયાર ન થાય, ત્યારે તે એક મહાન
ગુનાહિત કાર્ય કરે છે, એમ તેને લાગવું જોઈએ.

નિર્દોષ અને નિરપરાધી જીવનનું પહેલું લક્ષણ
શ્રદ્ધેય વસ્તુ ઉપર શ્રદ્ધા ધારણ કરવી, તે જ છે.

## ભગવાનની આજ્ઞાનું પાલન શા માટે ?

आज्ञा = आ समन्तात् ज्ञायते अनयेति आज्ञा.
જેનાથી સઘળું જણાય, તે આજ્ઞા છે. આપ્તનું વચન,
આપ્તવચન વડે થનારું સમ્યગ્જ્ઞાન અને
ઇચ્છારૂપી રોગનું રસાયણ આજ્ઞા છે. કર્મરોગનું મૂળ
ઇચ્છા છે, તેને જીતવાનું એકનું એક સાધન આજ્ઞા છે.
તે આજ્ઞા શ્રુતરૂપ પણ છે અને ચારિત્રરૂપ પણ છે.
ઉભયરૂપ આજ્ઞાના પાલનમાં જ ધર્મ છે અને
ધર્મનું પાલન એજ સર્વ ઉન્નતિનું મૂળ છે.
આજ્ઞાના આરાધનથી સર્વ અપાયોનો અપાય થાય છે,
તે જ અપાયવિચય ધ્યાન છે.
આજ્ઞાના વિરાધનથી સર્વ અપાયોનું આગમન થાય છે.
એ અપાયોના વિપાકનું ચિંતન તે વિપાકવિચય ધ્યાન છે.
આજ્ઞાના વિરાધનના વિપાકરૂપે જે કષ્ટો ભોગવવા પડે છે,
તેનું સ્થાન ચૌદ રાજલોકનું પરિભ્રમણ છે અને
તેનું ચિંતન તે સંસ્થાનવિચય ધ્યાન છે.
આજ્ઞા એ મહાવિષ નિવારણનો મહામંત્ર છે અને
તે મંત્રનું સ્મરણ પુનઃ પુનઃ થયા કરે,
તે માટે સંસ્થાનવિચય આદિ ધર્મધ્યાનનું ચિન્તન છે.

'આજ્ઞાવિચય ધર્મધ્યાન'માં આજ્ઞા એટલે
અન્ય પ્રમાણોથી અબાધિત, પરસ્પર વચનોથી અવિરુદ્ધ
અને કોઈથી પણ ખંડિત ન થઈ શકે એવું જિનવચન.
ધર્મધ્યાન એટલે જિનવચનને આગળ કરી
જીવ વગેરે પદાર્થોને ચિંતવવા તે.
આપ્ત = પક્ષપાતરહિત પ્રમાણભૂત અર્થોને કહેનારા તે.
વાક્ય બે પ્રકારનું : આગમવાદ અને હેતુવાદ.
શબ્દોથી પદ અને પદાર્થની સ્વીકૃતિ, તે આગમવાદ છે
અને અન્ય પ્રમાણો, હેતુઓ તથા દૃષ્ટાંતોની મદદથી
યથાર્થ સ્વીકૃતિ કરવી, તે હેતુવાદ છે.
નય - પ્રમાણોથી સિદ્ધ, પરસ્પર અવિરુદ્ધ, અન્ય પ્રબળ
શાસ્ત્રોથી પણ અપ્રતિહત, સર્વ નયોના સમૂહરૂપ,
મનુષ્યો અને દેવો વડે પૂજિત, દ્રવ્યથી નિત્ય,
પર્યાયથી અનિત્ય, સ્વરૂપથી સત્, પરરૂપથી અસત્ અને
સ્યાદ્વાદ ન્યાયથી યુક્ત વચનનું અવલંબન લઈને
પદાર્થનું ચિન્તન કરવું, તે આજ્ઞાવિચય ધર્મધ્યાન છે.
પ્રભુના પિંડ - પદ - રૂપ - ગુણનું ધ્યાન મનને સ્થિર
કરે છે અને ભગવાનની આજ્ઞા મુજબ અપાય -
વિપાક - સંસ્થાનાદિનું ચિન્તન મનને નિર્મળ કરે છે.

પ્રથમ મનને નિર્મળ કરી સ્થિર કરવું જોઈએ.
પછી તે મનને ચિન્તનરહિત બનાવી ઉન્મન કરવું જોઈએ.
તે ઉન્મની ભાવનું જ બીજું નામ 'સમાહિતાવસ્થા' છે.

'છાન્દોગ્યોપનિષત્'માં કહ્યું છે કે:

એષ સંપ્રસાદો ઽસ્માચ્છરીરાત્ સમુત્થાય પરમ-
જ્યોતીરૂપં સંપદ્ય સ્વેન રૂપેણાભિનિષ્પદ્યતે । અર્થાત્:
આ કૃપાપાત્ર જીવ શરીરની ઉપર ઉઠીને પરમ જ્યોતિને
પ્રાપ્ત કરી પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે.

આત્માને કરનાર પરમાત્માના પિંડસ્થાદિ ધ્યાનપૂર્વક
આત્માનું આરાધન કરવાનું વિધાન છે.

પિંડ - પદ - રૂપ અને ગુણો વડે પરમાત્માનું
અત્યંત ધ્યાન કરવું જોઈએ અને ધ્યાન દ્વારા તેમનો
અનુગ્રહ પ્રાપ્ત કરીને આત્માનું આરાધન કરવું જોઈએ.
તેથી રાગાદિ દોષોનો હ્રાસ, જ્ઞાનાવરણાદિ વગેરે કર્મોની
પ્રકૃતિઓનો છેદ તથા લોકના મસ્તક ભાગે સિદ્ધશિલા
ઉપર સાદિ અનંતકાળ માટે અવસ્થાન પ્રાપ્ત થાય છે.
આત્માનું આરાધન મોક્ષ માટે અને આત્માનું વિરાધન
સંસાર માટે થાય છે. સ્વચ્છઃ સ્થિતિપ્રવાહો વૈશારદ્યં ।
અર્થાત્: બુદ્ધિનો સ્વચ્છ - સ્થિર પ્રવાહ તે વિશારદતા છે.

'આજ્ઞા'નો ટૂંકો અર્થ ઔચિત્યનું પાલન છે.
સ્વસ્વ ભૂમિકોચિત વર્તન એ જ પ્રભુઆજ્ઞા છે.
'ગીતા'ની પરિભાષામાં એ જ સ્વધર્મ છે.

'સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ।' અર્થાત્ આત્મધર્મમાં મૃત્યુ કલ્યાણકારી છે, પરધર્મ ભયાવહ છે.

શિષ્યનો - ગુરુનો - પિતાનો - પુત્રનો - પતિનો - પત્નીનો ધર્મ ભિન્ન જુદો હોય, એ જ રીતે સમ્યગ્દૃષ્ટિનો ધર્મ જીવરાશિ પ્રત્યે મૈત્રી, ગુણાધિક પ્રત્યે પ્રમોદ, દુઃખાધિક પ્રત્યે કરુણા તથા પાપાધિક પ્રત્યે માધ્યસ્થ્ય હોય છે.

પુદ્ગલ માત્ર પ્રત્યે વિરાગ, મુક્તિ પ્રતિ અનુરાગ, ભવ પ્રત્યે ખેદ ઇત્યાદિ ભિન્ન ભિન્ન પ્રકારનો ધર્મ છે, તે સમજીને તેનું યથાયોગ્ય પાલન તે પ્રભુની આજ્ઞા છે.

## આત્મસ્વરૂપની ભાવનાનું માહાત્મ્ય

યો - વિહાયાત્મનો રૂપં, સેવતે પરમેષ્ઠિનઃ ।
સ બધ્નાતિ પરં પુણ્યં, ન કર્મક્ષયમશ્નુતે ॥૧॥
અર્હદાદૌ પરાભક્તિઃ, કારુણ્યં સર્વજન્તુષુ ।
પાવને ચરણે રાગઃ, પુણ્યબન્ધનિબન્ધનમ્ ॥૨॥
નિન્દકત્વં પ્રતીક્ષ્યેષુ, નૈર્ઘૃણ્યં સર્વજન્તુષુ ।
નિન્દિતે ચરણે રાગઃ, પાપબન્ધ - વિધાયકઃ ॥૩॥

(પરિશિષ્ટ-૭)

## અર્થપંચક = પાંચ તથ્યો

(૧) તમે કોણ ? ઉત્તર : સ્વસ્વરૂપ (જીવ).

(૨) ઈશ્વર શું ? ઉત્તર : પરસ્વરૂપ (ઈશ્વર).

(3) બંને વચ્ચે ભેદ પાડનાર કોણ ?
ઉત્તર : વિરોધિ સ્વરૂપ (માયા).

(૪) છૂટવાનો રસ્તો શું ? ઉત્તર : ઉપાસ્ય સ્વરૂપ (સાધન).

(૫) છૂટવાથી શું થાય ? ઉત્તર : ફલસ્વરૂપ મોક્ષ.

જીવ, જગત અને ઈશ્વર - ત્રણે અનાદિ છે.
જીવને જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે
તે માયામાં ફસાતો અટકે છે અને મોક્ષને પામે છે.

ધ્યાનથી મનઃશુદ્ધિ થાય છે.

ધ્યાનમાં એકાગ્રતા ન થાય, તો નામસ્મરણ કરવું જરૂરી.
જગતમાં કોઈ મૂર્ખ નથી, બધા જ ઈશ્વરનાં અંશ છે.
જે બીજાને મૂર્ખ માને, એ પોતે જ મૂર્ખ છે.

શરીરના વિકાર જાય પણ મનના વિકાર
ગુરુકૃપા અને સંતસેવા વિના જતાં નથી. તે વગર
સર્વમાં પરમેશ્વર દેખાતાં નથી. બુદ્ધિ જ્યાં સુધી પ્રભુને
ન વરે, ત્યાં સુધી તેને સંતપતિને આધીન રાખવી.
જે સંત તમને પાપથી અટકાવે, તેને આધીન રહેવું.

## સૌથી શ્રેષ્ઠ - આત્માનુસંધાન

શબ્દાનુસંધાન વડે નાદાનુસંધાન અને
અર્થાનુસંધાન વડે આત્માનુસંધાન થાય છે.
મંત્રયોગનું ફળ વર્ણવિચ્યુતિ - અનાહત - અનક્ષર છે.
મંત્રનો અભિધેય અર્થ આત્મા છે, તેની સાથે
અનુસંધાન થવાથી સ્વરૂપાનુસંધાન સમાધિ પ્રાપ્ત થાય છે.

(૧) સ્થાનયોગ - મુદ્રા
(૨) વર્ણયોગ - નાદાનુસંધાન
(3) અર્થયોગ - જ્ઞાનાનુસંધાન
(૪) આલંબનયોગ - સાકારોપયોગ
(૫) અનાલંબનયોગ - નિરાકારોપયોગ.

સર્વ અર્થોમાં શિરોમણિભૂત અર્થ આત્મા છે,
તેથી અર્થયોગ વડે સીધું આત્માનુસંધાન થાય છે.

## 'અરિહંત' શબ્દજાપ વડે શેનું ધ્યાન થાય?

સર્વ શબ્દોમાં શ્રેષ્ઠ શબ્દ
પ્રભુનું નામ છે - 'અરિહંત' શબ્દ છે,
તે શબ્દ વડે પ્રભુના ચારે અતિશયોનું ધ્યાન થાય છે.
अरि + हंत = અપાયાપગમાતિશય,
अरिहं + त = પૂજાતિશય, વચનાતિશય, જ્ઞાનાતિશય.

મૈત્રીના પ્રકર્ષ દ્વારા અપાયાપગમાતિશયના ધ્યાનથી આર્તધ્યાનનું નિવારણ, પ્રમોદના પ્રકર્ષ વડે રૌદ્રધ્યાનનું નિવારણ, કરુણાના પ્રકર્ષ વડે ધર્મધ્યાનનું આરાધન અને માધ્યસ્થ્યના પ્રકર્ષ વડે શુક્લધ્યાનનું સેવન થાય છે. મૈત્રી પરહિતચિન્તા છે, તે સ્વાર્થમાંથી મુક્ત કરે છે. કરુણા પરદુઃખવિનાશની છે, તેથી ધર્મધ્યાન બને છે. મુદિતા પરગુણતુષ્ટિરૂપ હોવાથી પરાર્થપ્રવૃત્તિ કરાવે છે અને ઉપેક્ષા પરદોષ પ્રત્યે માધ્યસ્થ્ય પરિણતિ રૂપ હોવાથી આત્મરમણનું કારણ થાય છે. તેનો અર્થ કે:

મૈત્રીનો અભ્યાસ ક્રોધ-માનથી મુક્ત કરાવે છે અને વૈરાગ્યનો અભ્યાસ માયા-લોભથી છોડાવે છે.

માયા-લોભ જવાથી કામદોષથી પણ મુક્ત થવાય છે.

ચૌદ અભ્યંતર પરિગ્રહ એટલે...

મિથ્યાત્વ, ૪ કષાય, હાસ્યાદિ ૬ અને વેદાદિ 3.

હાસ્ય, રતિ અને કામ એ રાગવેદનીયનો ઉદય છે, અરતિ, ભય અને શોક એ દ્વેષવેદનીયનો ઉદય છે. તે સર્વનો નાશ એક મૈત્રીભાવથી શક્ય છે. જ્યાં મૈત્રી સ્નેહપરિણામ છે, ત્યાં ગુણ પર પ્રમોદ, દુઃખ પર કરુણા અને દોષ ઉપર માધ્યસ્થ્ય સહેજે પ્રગટે છે.

સ્નેહનું અવતરણ વાત્સલ્ય છે. વાત્સલ્ય એ સર્વમાં
સમાન હોવાથી કરુણતાનો પરિણામ નૈસર્ગિક છે.
કરુણતામાંથી મધુરતા - તેમાંથી મધ્યસ્થતા સહેજે જાગે છે.
ॐ મંત્ર વડે પ્રભુતાનું અનુસંધાન થાય છે અને
અર્હં મંત્ર વડે કરુણતાનું અનુસંધાન થાય છે.
પ્રભુતા પરમેશ્વરનું પ્રત્યક્ષ - કરુણતા જગદાત્માનું પ્રત્યક્ષ છે.
બંને મળીને ધર્મ પૂર્ણ બને છે.
કરુણતા વડે દાનધર્મનું પોષણ થાય છે અને
પ્રભુતા વડે પૂજાધર્મનું પ્રતિપાદન થાય છે.
દાન અને પૂજા મળીને ધર્મ પરિપૂર્ણ બને છે.

प्रायो दुरन्तपर्यन्ता संपदाऽपि दुरात्मनां ।
भवन्ति हि सुखोदर्का विपदाऽपि महात्मनां ॥(परिशिष्ट-८)

## નવપદોનું ધ્યાન હૃદયકમળમાં કેમ કરવું?

જેમ કમળનો સ્પર્શ કોમળ, ગંધ સુગંધી અને ગુણ નિર્લેપતા છે, તેમ નવપદજીનું ધ્યાન કરનાર સાધકનું હૃદય અહિંસા વડે કોમળ, સંયમ - શીલ વડે સુગંધિત અને તપ વડે અલિપ્ત હોવું જોઈએ અથવા હૃદયમાં જ ત્રણે ગુણો રહેલાં છે: લાગણીની કોમળતા, સ્નેહની સુગંધ - આશંસાનો અભાવ.

લક્ષની ઉત્પત્તિ હૃદયમાં છે.

લક્ષનું મૂળ ભગવાનની સૌમ્યતા - આર્દ્રતા, સ્વરૂપસ્નેહ અને લક્ષનું ફળ એ છે કે જેના ઉપર સ્નેહ હોય છે, તેના પાસેથી બદલો મેળવવાની અનિચ્છા.

'નિરાશંસલક્ષ વિનાના દાનાદિ નિષ્ફળ છે.' અહીં 'લક્ષ' એટલે ભગવાન્ સ્નેહ યા નિરાશંસલક્ષ. નમસ્કારનો વિનિયોગ સ્નેહપરિણામનો વિસ્તાર છે, તેમ નવપદધ્યાનનું ફળ પણ સંસાર પ્રત્યેના સ્નેહરાગનો વિલય અને મુક્તિ - મુક્તિમાર્ગ - તે માર્ગના સાધક પ્રત્યે વિસ્મય - પુલક - પ્રમોદરૂપે સ્નેહલક્ષનો વિસ્તાર છે.

મુક્તિનું અદ્‌ભુત સ્વરૂપ જાણીને થતો વિસ્મય, 'મુક્તિમાર્ગનું અસ્તિત્વ છે' એમ જાણીને થતો રોમાંચ અને મુક્તિમાર્ગના સાધકોની વિદ્યમાનતા જાણીને થતો પ્રમોદ - એ નવપદના ધ્યાનનો વિનિયોગ છે.

ટૂંકમાં સ્નેહરાગનું વિસર્જન અને સ્નેહલક્ષનું સર્જન તે નવકાર અને નવપદની આરાધનાનું ફળ છે.

એનું જ નામ બોધિ છે, સાચી સમજણ છે.

એ સાચી સમજણનું જ ફળ સમાધિ છે અને એ સમાધિ જ સિદ્ધિનું સર્જન કરે છે.

સ્નેહરાગના સ્થાને સ્નેહભાવને વિકસાવવો, એજ તત્ત્વરુચિ છે અને એજ તત્ત્વબોધ છે અને એ વડે જ તત્ત્વપરિણતિ ઘડાય છે, એના જ પરિણામે કેવળ નિર્જરારૂપી તપની સાધના થાય, માટે સ્નેહપરિણામનો વિકાસ જ ધર્મનું બીજ - નવકાર અને નવપદ છે. સ્નેહરાગરૂપી પાપનું ઔષધ સ્નેહભાવરૂપી સમ્યગ્દર્શનનો પરિણામ છે. માંગવું તે રાગ છે, આપવું તે ભાવ છે.

ભાવ વડે રાગ કપાય છે.

રાગ એ માગણ છે, ભાવ એ ભાગણ છે.

<u>માંગવું તે ભવભ્રમણ અને આપવું તે ભવનિસ્તરણ.</u>

મહાત્મા બધું આપે છે પણ બદલામાં સ્નેહ માંગે છે.

જેઓ સ્નેહને આપે છે અને
બદલામાં માંગતા કાંઈ નથી, તેઓ જ ખરાં દાતાર છે.

<u>આપણે બધા પણ મહાવીર</u>

૭ નયે + ૪ નિક્ષેપે પ્રભુનું સ્વરૂપ ચિંતવવું જોઈએ. સત્તાએ આત્મા તે મહાવીર અને ચોવીસમા તીર્થંકર મહાવીર - જેના ઉપયોગમાં એકતા અનુભવવી જોઈએ. ઔદયિકભાવે મહાવીર ચક્રવર્તી ઇંદ્રાદિ મહાવીર છે, લૌકિક દૃષ્ટિએ દાની, બ્રહ્મચારી, શૂરાદિ વીરપુરુષો છે.

સમ્યક્ત્વ અને ચારિત્રના ઉપશમભાવથી
ઔપશમિક મહાવીર પ્રગટ થયાં છે.

ચારે ગતિમાં ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક મહાવીરો
હોય છે. તેનો પ્રારંભ ચતુર્થ ગુણસ્થાનકથી થાય છે.
આત્માના સર્વ શુભ પરિણામો તે દેવ છે. તે પરિણામો
મનમાં રહે છે, તેથી શુભ મન તે વિમાનરૂપ - સ્વર્ગ છે,
શુભ દૃઢ સંકલ્પો તે ઇંદ્ર છે, જે સ્વર્ગના દેવ-દેવીઓ
ઉપર રાજ્ય ચલાવે છે. આત્મા સત્પ્રકૃતિ મહાવીર
છે અને તેથી તે સામર્થ્ય પ્રકૃતિ મહાવીર બને છે.

સંગ્રહનયે આત્મદ્રવ્ય મહાવીર છે.

વ્યવહારનય દુનિયાના વીરપુરુષોને મહાવીર માને છે.
ઔદયિકભાવે મહાવીર વ્યવહારનયથી છે. તેનો સંબંધ
મનુષ્યગતિ, મનુષ્યદેહ અને મનુષ્યઆયુષ્યાદિ સાથે છે.
ઋજુસૂત્રનયે મહાવીરમાં વર્તમાન ઉપયોગ તે મહાવીર.
શબ્દનયે ભેદજ્ઞાન - સમ્યક્ત્વવાન આત્મા તે મહાવીર.
સમભિરૂઢનયે ૧૩-૧૪ ગુણસ્થાનવર્તી આત્મા તે મહાવીર.

સમભિરૂઢનય અંશન્યૂનને પૂર્ણ માને છે.

એવંભૂતનયે સિદ્ધિસ્થાનમાં બિરાજતાં શુદ્ધાત્મા મહાવીર.
નિમિત્ત કારણ પુષ્ટ મહાવીરત્વના યોગથી અંતરમાંથી
ઉપાદાન મહાવીરત્વ પ્રગટે છે.

૫ જ્ઞાન - ૪ દર્શન - ૩ રત્નત્રય આત્મા તે મહાવીર.
જડશક્તિ કરતાં ઔદયિકભાવરૂપ તથા તેના કરતાં
ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ અનંતગુણી શ્રેષ્ઠ છે.

સત્તાએ સર્વ જીવો મહાવીર છે.

આત્મસત્તાનું ધ્યાન ધરીને સત્તામાં રહેલી શક્તિઓને
સર્વ સંતો અને ભક્તો મહાવીરભાવે વ્યક્ત કરે છે.

પ્રભુનું ધ્યાન તે આત્મમહાવીરનું જ ધ્યાન છે.

Imp

સત્તાએ સર્વ જીવો આત્મમહાવીરરૂપ છે,
તે અપેક્ષાએ સમદૃષ્ટિએ વિશ્વરૂપ છે તથા સંગ્રહનયની
અપેક્ષાએ તે સર્વનો મહાવીરમાં અંતર્ભાવ થાય છે.

સર્વ નયોની પરસ્પર અપેક્ષાએ સ્વીકારીને
જે આત્મમહાવીરને જાણે છે - સદ્દહે છે,
તે સમ્યગ્જ્ઞાની આત્મા મહાવીરરૂપે પ્રગટે છે.

રાગદ્વેષરૂપી મહામલ્લોને જીતનારા આત્માઓ મહાવીર છે.
કામ વગેરે વિકારો જેમ જેમ જીતાય, તેમ તેમ
આત્માનો આત્મમહાવીર રૂપે આવિર્ભાવ થાય જ છે.

દ્રવ્ય તે કારણ છે અને ભાવ તે કાર્ય છે.

દ્રવ્યથી ભાવની અને કારણથી કાર્યની સિદ્ધિ થાય છે.
પિંડગત મહાવીરને દેખે, તે બ્રહ્માંડગત મહાવીરને દેખે.

જાપ સર્વે ધ્યાનાદિ આત્મોપયોગ અથવા
સમ્યગ્દૃષ્ટિરૂપ કુંડલિની જાગૃત થાય છે.
કેવળ કુંભક પ્રશસ્તધ્યાનમાં જ
મહાવીરનું સ્મરણ - ચિંતન કરવું જોઈએ.
પંચ પરમેષ્ઠિરૂપ મહાવીરોને
આત્મરૂપ મહાવીરમાં એકધ્યાને પરિણમાવો.
પ્રત્યેક આત્મામાં સત્તાથી ભગવાન છે.
આત્માના જ્ઞાનમાં કોઈ ન્યૂન કે અધિક નથી.
ન્યૂનાધિકતા બધી પૌદ્ગલિક જ્ઞાન સાથે સંબંધિત છે.
મહાવીર નામનો જાપ કરતી વખતે
સર્વ સિદ્ધો અને સર્વ તીર્થંકરોની સાથે
તેમની સાથેની આપણી એકતાનું ભાવન કરવું, પછી
સત્તાસ્વરૂપે મહાવીરની સાથે આત્માની એકતા ભાવવી.
ઇંદ્રાદિ પછી ઔદયિકભાવે મહાવીર - તે સાદિ સાંત છે.
તે ભાવે ચારે પ્રકારના દેવો - મનુષ્યો - તિર્યંચો છે.
ઔપશમિકભાવે મહાવીર પણ ચારે ગતિમાં હોય છે.
ક્ષયોપશમભાવે તથા ક્ષાયિકભાવે
ચોથાથી બારમા ગુણસ્થાનક સુધી મહાવીરો હોય છે.
ચોથાથી આંશિક મહાવીરત્વ પ્રગટ થતું જાય છે.

## મહાવીર સર્વત્ર છે - તે ક્યાં નથી?

(૧) મનુષ્યનો દેહ તે ભારત દેશ.

(૨) સમ્યક્ બોધિ તે ત્રિશલા મહારાણી.

(૩) ભવ્યગર્ભ વૈરાગ્ય તે ચેડા મહારાજા.

(૪) આત્મપરિણામ તે સિદ્ધાર્થ મહારાજા.

(૫) સમ્યક્ત્વની સ્ફુરણા તે ક્ષત્રિયકુંડ નગર.

(૬) ઉપશમાદિ ભાવે પરિણમતો આત્મા તે મહાવીર.

(૭) ઉજ્જ્વળ પરિણામધારાએ વધતો તે વર્ધમાનમહાવીર.

(૮) આત્માનો આહ્લાદ તે મોટા ભાઈ - નંદિવર્ધન.

(૯) આત્માના સર્વ શુભ પરિણામો તે દેવો.

(૧૦) તે પરિણામો જેમાં રહે છે, તે મન = સ્વર્ગભૂમિ.

(૧૧) મનની શુભ વૃત્તિઓ તે દેવીઓ.

(૧૨) શુભ દૃઢ સંકલ્પો તે ઇંદ્રો.

(૧૩) આત્મિક પરિણતિ તે યશોદા.

(૧૪) શુભ લક્ષ્ય, તે પ્રિયદર્શના.

(૧૫) સમ્યક્ત્વની ભાવના તે સુદર્શના.

(૧૬) આત્મિક પરાક્રમ તે સિંહ લાંછન.

(૧૭) પ્રમત્ત સંયત તે મહાવીરનું છઠ્ઠું ગુણઠાણું અને અપ્રમત્ત સંયત તે મહાવીરનું સાતમું ગુણઠાણું.

(૧૮) કેવળજ્ઞાન પ્રગટે નહિ, ત્યાં સુધી છદ્મસ્થ મહાવીર.

(૧૯) ઉપશમ શ્રેણી તે ચર્મચક્ષુ - અગોચર નગ્નતા.

(૨૦) ઘાતીકર્મનો છેદ કર્યા પછી કેવળી મહાવીર.

(૨૧) અયોગી ગુણસ્થાનકે શુદ્ધ મહાવીર.

(૨૨) જીવત્વ - ભવ્યત્વ રૂપ પારિણામિક ભાવે મહાવીર.

(૨૩) વીરપણું પ્રગટાવવાના અભ્યાસનો પ્રારંભ,
તે નૈગમનયે મહાવીર.

(૨૪) સંગ્રહનયે - આત્મદ્રવ્યે સત્તાથી સર્વ જીવો મહાવીર.

(૨૫) વ્યવહારનયે દુનિયાના શૂરવીર યોદ્ધાઓ મહાવીર.

(૨૬) પુણ્યોદય ભોગવનારા શુભ વીરો.

(૨૭) પાપોદય ભોગવનારા અશુભ વીરો.

(૨૮) માનવ ભવાદિમાં રહેલા ઔદયિક મહાવીર.

(૨૯) મહાવીરનો ઉપયોગ જે વર્તમાનકાળે હોય,
તે ઋજુસૂત્રનયે મહાવીર.

(૩૦) શબ્દનયે જડ શરીરાદિમાં નહિ પણ
આત્માનું આત્મામાં જ મહાવીરત્વ છે.

(૩૧) ચોથાથી બારમા સુધીની અવસ્થા શબ્દનયે મહાવીર.

(૩૨) ૧૩-૧૪ ગુણસ્થાનકે સમભિરૂઢનયે મહાવીર.

(૩૩) અષ્ટ કર્મરહિત સિદ્ધ બુદ્ધ એવંભૂતનયે મહાવીર.

(૩૪) વિભાવ પરિણતિ એ અસદ્ભૂત મહાવીર.

(૩૫) આત્મપરિણતિ સદ્ભૂત મહાવીર.

(૩૬) શુદ્ધ નિમિત્તને કારણે અંતરમાં
ઉપાદાન મહાવીરત્વ પ્રગટે છે.

(૩૭) સત્તાએ સર્વ જીવો મહાવીર છે. આત્મસત્તાનું ધ્યાન ધરી સંતો અને ભક્તો આત્મશક્તિઓને વ્યક્ત કરે છે.

(૩૮) સત્તાએ આત્મસત્તારૂપ મહાવીર એક છે,
તે અપેક્ષાએ વિશ્વરૂપ સમદૃષ્ટિ પ્રગટે છે.

(૩૯) સર્વનયોની પરસ્પર અપેક્ષાએ જાણી - સ્વીકારી
આત્મમહાવીરને જાણે છે - સદ્દહે છે,
તે સમ્યગ્જ્ઞાની આત્મમહાવીર રૂપે પ્રગટે છે.

(૪૦) ૐ અર્હં મહાવીરાય નમઃ । મહાવીરરૂપ થઈને
મહાવીરને ભજવાથી મહાવીર થવાય છે.

(૪૧) 'યાદૃશી યસ્ય ભાવના, સિદ્ધિર્ભવતિ તાદૃશી ।'
આત્માને મહાવીર બનાવવાની ભાવનાથી ભજે,
તે આત્મા સ્વયં મહાવીર બને છે.

(૪૨) આત્મા, જીવ, ચેતન, પ્રભુ, પરબ્રહ્મ, મહાવીર
આદિ શબ્દો કથંચિત્ એકાર્થવાચી છે.

(૪૩) દ્રવ્ય = કારણ, ભાવ = કાર્ય. દ્રવ્યથી ભાવની સિદ્ધિ.

(૪૪) ક્ષયોપશમ ભાવે આત્માનું જે દર્શન થવું છે અને ક્ષયોપશમ ચારિત્રે આત્માનું જે મિલન થવું છે, તે પરોક્ષ મિલન છે. ક્ષાયિકભાવે પ્રત્યક્ષ મિલન થાય છે.

(૪૫) પિંડગત વીરને દેખે, તે બ્રહ્માંડગત મહાવીરને દેખે.

(૪૬) પશુજાત તે સિંહ - તેને વશમાં રાખે, તે મહાવીર.

(૪૭) આત્મોપયોગરૂપ કુંડલિની અથવા સમ્યગ્દૃષ્ટિરૂપ કુંડલિની જાગૃત કરવી જોઈએ.

(૪૮) પંચ પરમેષ્ઠિરૂપ મહાવીરોને આત્મરૂપ મહાવીરમાં એકધ્યાને પરિણમાવો.

(૪૯) અશુભમાંથી શુભમાં આવવા માટે તથા શુદ્ધાત્મરૂપ મહાવીર થવા માટે વ્યવહાર અને નિશ્ચયનયથી આત્મમહાવીરના સ્વરૂપને જાણવું, ધ્યાવવું અને પામવું.

(૫૦) इत्येवं ॐ अर्हं महावीरं ।

ધ્યાનમાં લક્ષ - પરમ લક્ષ - લક્ષાદિનું માહાત્મ્ય

लक्षः, यावतोऽर्हदादिचतुःशरणरूपश्रोतसो निवेशः ।

परम लक्षः, आत्मन्येवात्मानं लीनं पश्यति इत्येवं रूपः ।

लक्षः, यावत कार्यणां शुभध्यानानुष्ठानैर्लक्ष्यिनं ।

परम लक्षः, उपशम श्रेणी क्षपकश्रेणी । (परिशिष्ट-९)

શુભાક્ષર = ધર્મ - શુક્લ પ્રથમભેદ

અનક્ષર શ્રુત = ઉચ્છ્વસિત નિ:શ્વસિતાદિ

પરમાક્ષર = અરિહંતાદિ ૬૬, અક્ષર - બાવન (૫૨)

નિરક્ષર = ધ્યાનમાર્ગના ૨૨ પ્રકાર

समाधिः रागद्वेषमाध्यस्थ्यालंबनं ।

काष्ठा - ध्यानेन मनस एकाग्र तयोच्छ्वासादिनिरोधः ।

(પરિશિષ્ટ-૧૦)

ક્ષણ = મુહૂર્તનો છઠ્ઠો ભાગ - ૮ મિનીટ, ભાવના.

લવ = મુહૂર્તનો ૭૭મો ભાગ - ધ્યાન.

બધાને સ્વસમાન ગણવાની નહીં બનાવવાની ભાવના તીર્થંકર પદમાં જ છે. ઇન્દ્ર, ચન્દ્ર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ અને પ્રતિવાસુદેવાદિની પદવીઓ અન્યને પોતાના તાબે રાખવા માટે છે.

સૂર્યની ગતિ અને ઉષ્ણતાની જેમ તીર્થંકરોની દેશના પણ સહજ - સ્વાભાવિક છે. દરેક સામાન્ય કેવળીઓ મોક્ષમાર્ગના મુસાફર છે, કિન્તુ મોક્ષમાર્ગના પ્રકાશક નહિ, સડક ઉપર ચાલનારા છે, પરન્તુ સડક બાંધનારા નહિ.

મોક્ષમાર્ગ સ્થાપનાર તીર્થંકર કેવળીઓ છે.

અસંખ્યાત કેવળીઓનું મૂળ ૨૪ તીર્થંકરો છે.

પુરંજન એટલે જીવ અને અવિજ્ઞાત એટલે ઈશ્વર.
જીવ એ ઈશ્વરનો જ છૂટો પડેલો અંશ છે,
તેના પ્રત્યે ઈશ્વરને અપાર કરૂણા છે, તેથી
તે જીવને હર પળે ગુપ્તપણે મદદ કર્યા જ કરે છે.
ઈશ્વર જીવને કહે છે:
'ધરતી ખેડવાનું કામ તારું, વરસાદ વરસાવવાનું કામ મારું.
ધરતીમાં બીજ વાવવાનું કામ તારું,
તે બીજમાં અંકુરને પ્રકટાવવાનું કામ મારું.
તું ખેતર સાચવજે, હું અન્ન પકવીશ.
તું ભોજન કરજે, હું અન્ન પચાવીશ.
જાગ્યા પછી રાત્રે સુવાનું કામ તારું,
તારી ગાફેલ દશામાં બચાવવાનું કામ મારું.'
આ જીવ ઉપર ઈશ્વરના કેટકેટલાં ઉપકાર છે?
અને છતાં જીવ કેટલો બધો કૃતઘ્ન છે! જેના સહારે
એ જન્મે છે, જીવે છે, એના ઉપકારને એ યાદ કરે છે?
૦ આપણે જેટલું વધારે કામ કરીએ, એટલી
વધુ કામ કરવાની શક્તિ આપણામાં પેદા થાય છે.
આપણે જેટલાં વધુ કાર્યશીલ રહીએ,
એટલો આપણને વધુ જ આરામ મળે છે. - ડોંગરેજી

## થોડી લઘુ વિચારકણિકાઓ

જગત તારું નથી, તું જગતનો નથી.

વચનથી શાસ્ત્રની રક્ષા સૌને ગમે,
પરન્તુ તે શાસ્ત્રની વર્તનથી રક્ષા જોઈએ.

સિદ્ધ થયેલાંને જ માત્ર મરણ નથી,
તે સિવાયના સર્વે જીવો મરણને શરણ છે.

ભાગ્યોદયથી જ સમાધિવાળું મૃત્યુ થાય.

સમાધિથી થવાવાળા મૃત્યુને હું ઈચ્છું છું.

નિશ્ચિત આવવાવાળા મૃત્યુથી વળી ભય શો?

જેનું મૃત્યુ સમાધિવાળું થાય તેનો જન્મ સફળ ગણાય.

આગમવચન પ્રમાણે વર્તન કરવાથી મોતનું મરણ થાય.

પીડાનું સહન કરવું, તે કર્મની નિર્જરા માટે થાય છે.

મન - ઇંદ્રિયો - વર્તન ઉપર સંયમ તથા આત્મા તેની
ઇચ્છાનુસાર હિતપ્રદ પ્રવૃત્તિ કરી શકે, તેનું નામ શીલ.

આપત્તિને આત્મહિત માટે આમંત્રણ આપવું તે તપ.

હિતની પ્રાપ્તિમાં વિરોધ હોય જ નહિ.

પવિત્ર તથા શુદ્ધ સંકલ્પોનું નામ ભાવધર્મ છે.

દાનના ૩ ભેદ - શીલના ૧૮ ભેદ - તપના બે ભેદ છે.

ભાવધર્મના ૪ ભેદ: મૈત્રી - મુદિતા - કરુણા - માધ્યસ્થ્ય.

<u>એ ભાવના તીર્થંકર નામકર્મ બંધાવે છે કે:</u>

'વિડંબના કરનાર વિષયોથી અને કદર્થના કરનાર સર્વ
કષાયોથી છોડાવીને સર્વ જીવોને શાશ્વત પદ પમાડું!'
તપસંયમનો પારણો દાન - તપસંયમી વચ્ચે શીલપાલન.
અને તેમાં તન્મયપણે અરિહંતાદિ પદોની આરાધના છે,
માટે ભાવ પણ પ્રત્યક્ષ છે. તીર્થંકર નામકર્મનો બંધ
અખિલ જગતનું એકાંત કલ્યાણ કરે છે.

<u>કોણે કોણે તીર્થંકર નામકર્મનો બંધ કર્યો?</u>

રાજા શ્રેણિક અને કૃષ્ણ તથા
સુલસા અને રેવતી શ્રાવિકાએ ગૃહસ્થપણામાં જિનનામ
કર્મ ઉપાર્જન કર્યું છે અને નિકાચિત પણ કર્યું છે.
આવતી ચોવીસીમાં શ્રી શ્રેણિક મહારાજા
શ્રી પદ્મનાભ નામે પ્રથમ તીર્થંકર થશે અને
કૃષ્ણ એ 'અમમ' નામના ૧૨મા તીર્થંકર થશે.
રેવતી પંદરમા 'નિર્મમ' નામના તીર્થંકર થશે અને
સુલસા એ 'સમાધિ' નામના સોળમા તીર્થંકર થશે
તેઓ સર્વે શાસનરસી - સંયમરસી - ત્યાગરસી હતાં.
ભાવધર્મ સમ્યક્ત્વના ઘરનો છે તથા
બાર ભાવનાઓ વૈરાગ્યના ઘરની છે.

સમિતિ - ગુપ્તિ આદિ સંયમના ઘરની છે અને
સંસારથી પાર ઉતારવાની બુદ્ધિ એ ધર્મના ઘરની છે.
ભાવધર્મ એટલે રત્નત્રયધારીની ભક્તિ.
સંસાર તરફની જુગુપ્સા એ ભાવધર્મનું લક્ષણ છે.
પ્રમોદ દર્શાવવામાં જ્યાં પ્રમાદ સેવાય,
ત્યાં ભાવધર્મની ગેરહાજરી છે.
દાનમાં ઔદાર્ય, શીલમાં સંયમ, તપમાં કષ્ટ છે, ભાવમાં શું?
ભાવમાં : સંસાર અસાર, મોક્ષ જ સાર.
દુઃખનો આધાર મનના પરિણામ ઉપર છે.
મમતાના પરિણામ હોય તો બધું અસાર,
સમતાના પરિણામ હોય તે સાર.
સંસારપાર ઉતરવાના ભાવે દાનાદિ કરાય, તે જ ધર્મ.
દાન - શીલ - તપ અન્ન છે, ભાવ એ લૂણ છે.
લૂણ વિનાનું ભોજન ફિક્કું છે.
દુઃખને છાતી આપનાર ધીર - પીઠ દેખાડનાર કાયર છે.
દુઃખોને સહવા તે જ સાધુતા છે, તે જ સજ્જનતા છે.
કષ્ટને શૂરવીર પુરુષો જ સહે છે.
જેમાં કષ્ટ વધારે, તે ધર્મ ઉત્તમ.
ધર્મમાં ધૈર્ય રાખવાથી ધર્મ મહાફળવાન બને છે.

ધર્માનુષ્ઠાન માત્રનું ધ્યેય સિદ્ધપદ છે.

જગતભરના જીવોને તારવાનું લક્ષ્ય જેમાં છે,

તે વીશસ્થાનક તપ સર્વ તપમાં શ્રેષ્ઠ છે.

વર્ધમાન તપમાં લક્ષ્ય પોતે તરવાનું છે, વીશસ્થાનક તપમાં લક્ષ્ય જગતભરના જીવોને તારવાનું છે.

વાસના એ જડલક્ષ છે, ઉપાસના ભગવદ્લક્ષ છે તથા સાધના એ અર્હંત્વપ્રધાન સાક્ષીભાવમાં સ્થિતિ છે.

વાસ + ના = જેમાં પરમાત્માનો વાસ નહિ તે.

ઉપ + આસના = પ્રભુ સમીપ આસના - સ્થિતિ છે તે.

વાસનાથી છૂટવાનો એક માત્ર ઉપાય છે ઉપાસના.

મનુષ્યનું મન વાસનાઓનો પુંજ છે.

વાસનારૂપી ભૂમિમાંથી કામ - ક્રોધ આદિ વૃક્ષો ઉગે છે.

પરમાત્મા સર્વત્ર હાજર છે.

મનુષ્યના અંતઃકરણમાં તે સદા - સર્વદા વસેલો છે.

વાસનાઓ પરમાત્માને આચ્છાદિત કરે છે.

વાસનાઓ સૂર્યના અભાવ વાદળરૂપ છે.

પરમાત્મા સત્, ચિત્, આનંદ અને જ્ઞાનરૂપે સર્વત્ર - સર્વદા વિદ્યમાન છે.

ઉપાસના કરવાથી વાસના ઘટે - સ્વરૂપમાં સ્થિતિ વધે.

વાસનામાં મમત્વ શરીર સાથે જોડાય છે,
ઉપાસનામાં તે જ મમત્વ પરમાત્મા સાથે જોડાય છે.
પ્રભુ સાથેના એકીકરણથી સાંસારિક મમત્વ ઢીલું પડે છે.
જેમ રીતે સમુદ્રની લહેરો સમુદ્રથી છે, સમુદ્રની છે તથા
સમુદ્રથી અલગ નહિ, તેમ રીતે સમુદ્રરૂપી પરમાત્મામાં,
પરમાત્માથી પ્રત્યેક વ્યક્તિત્વનું અસ્તિત્વ છે. બધામાં
પરમાત્માને મુખ્ય માનીને પરમાત્મામાં જો પોતાની
જાતને લીન કરવામાં આવે, તો પરમાત્માની સમીપ
પહોંચવું સરળ બને છે, તેનું જ નામ ઉપાસના.

વાસના એ મળ છે, કષાય એ કલંક છે.

પ્રભુ વાસનાનાં મળથી રહિત હોને નિર્મળ છે અને
કષાયરૂપી કલંકથી રહિત હોને નિષ્કલંક છે, તેથી પ્રભુના
ગુણ ગાતાં વાસના વિલય પામે, કષાયકલંક ધોવાય છે.

પ્રભુ નિર્મળ ચારિત્રવાન છે, તેથી તેમના
ગુણસ્તવનથી ચારિત્ર મોહનીય કર્મ તૂટી જાય છે.
આભોગ ભક્તિ = પ્રભુગુણ ધ્યાનમાં રાખીને કરતી પૂજા.
અનાભોગ ભક્તિ પણ અનંતાનુબંધીના બંધને તોડે છે,
મિથ્યાત્વ મંદ કરે છે તથા
સંસાર પ્રત્યેના અનંતાનુબંધી રસને ઘટાડે છે.

અનાભોગથી પણ ધર્મ પ્રત્યે દ્વેષ કરનારો જીવ
અનંત સંસારપરિભ્રમણને વધારે છે, તેમ ભક્તિ
કરનારો અનંતાનુબંધી સંસારભ્રમણનો નાશ કરે છે.

આભોગ ભક્તિ વિશિષ્ટને હોય છે,
અનાભોગ ભક્તિ ભદ્રક પરિણતિવાળાને હોય છે.

ભદ્રક ભાવવાળાને ઉત્તમ વસ્તુ રુચિકર લાગે છે,
ભદ્રકભાવ ન હોય, તેને સારી વસ્તુ પણ રુચતી નથી.

ધર્મપ્રાપ્તિમાં પહેલો ગુણ ભદ્રકભાવ, બીજો વિશિષ્ટતા,
ત્રીજો ન્યાયમાર્ગમાં રતિપણું અને
ચોથો ગુણ દૃઢ નિજવચન સ્થિતિનો છે.

બોલ્યા મુજબ જે પાળે છે, તેનામાં દૃઢતા ગુણ આવે છે
અને તે મોક્ષમાર્ગમાં ઝડપી વિકાસ કરે છે.

સમાનતા = રાગ-દ્વેષ વિનાની વૃત્તિ, નહિ કે મા, પુત્રી,
બહેન, પત્ની કે સ્ત્રી કે પુરુષનો ભેદ જ ન સમજવો.
એ તો મૂર્ખતા જ છે. વ્યવહારમાં જરૂરી એવા ભેદ
વિનાની એકાંત સમાનતા મહાઅનર્થનું કારણ બને.
મુસાફરીમાં ફર્સ્ટ-સેકન્ડ, અમલદારીમાં સીનીયર-જુનીયર
માનીને ચાલનારા બીજે બધે સમાનતાની ભાવનાને આગળ
કરતાં હોય, તો તે પ્રજાને વિનાશ તરફ દોરી જાય છે.

જેને આ સંસાર અસાર ન લાગે, મોક્ષની ઇચ્છા પણ ન જાગે અને જેને સારું સ્વીકારવાનું અને ખોટું છોડવાનું મન જ ન થાય, તેવા પુદ્ગલલીન જીવો ઉપર મહાત્મા પુરુષોની કૃપા કદી ઉતરતી નથી. સંસાર જેને ભયરૂપ લાગે, તેને જ અરિહંતાદિ શરણભૂત લાગે.

અજ્ઞાનપણે જે કાંઈ પાપ કર્યાં હોય તેની નિંદા,
જે કાંઈ સુકૃત કર્યું હોય તેની અનુમોદના.

પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરતાં કરતાં દેહ છૂટી જાય, તે કાળધર્મ પામી વૈમાનિક દેવગતિના અધિકારી બને. મિથ્યાદૃષ્ટિ દેવો બહારથી સુખી - અંદરથી દુઃખી હોય છે. સમકીત દૃષ્ટિ નારકીઓ બહારથી દુઃખી અને અંદરથી સુખી હોય છે. તપ વગરનો સાધુ હાડપિંજર જેવો છે. તપ એ ચારિત્રનો અલંકાર છે. જે મન રાગાદિને આધીન ન થાય, ક્રોધાદિથી દૂષિત ન થાય અને આત્મ-સ્વરૂપમાં જ રમણ કરનારું બને, તે મન સંયમનું છે. બ્રહ્મચર્ય ગુણ પણ આત્મરમણતારૂપ છે. સંયમ જીવન જીવનાર મુનિ જગતના સર્વ જીવોને અભયદાન આપે છે.

સમિતિમાં ગુપ્તિ નિયમા હોય,
ગુપ્તિમાં સમિતિની ભજના હોય.

જે ક્ષુદ્ર હોય, તે છલકાય.

સાગર મર્યાદા મૂકે નહિ = નિર્મદ હોય, ગંભીર હોય.

યુદ્ધમાં સુભટને દુશ્મનને જીતવાનું જ કાર્ય હોય છે,
તેમ મુનિ પણ આત્માના કામ અને ક્રોધાદિ
દુશ્મનોને જીતવા માટે સુભટ જેવા જ હોય.

કામનાનું પ્રતિપક્ષ સાધના, વાસનાનું પ્રતિપક્ષ ઉપાસના,
આસક્તિનું પ્રતિપક્ષ ભક્તિ - વિરક્તિ તથા
રાગ-દ્વેષનું પ્રતિપક્ષ અનુરાગ - મૈત્રી છે.

સાધના = ચૈતન્યના તરંગ બની જવું, સકળ વિશ્વના અંશરૂપ અને તેના સૃષ્ટા સાથે તદાકાર બની જવું, અંશ મટી અખંડરૂપ થવું. સાધનાનું તત્ત્વ છે પરમેશ્વર સાથે એક થવું. દીર્ઘકાળ સુધી સાધનાને સત્કારવી જોઈએ અને આંતરા વિના - પ્રેમપૂર્વક તેને સેવવી જોઈએ.

સાધના = મનને ઈશ્વરાભિમુખ કરી દેવા યત્ન થાય તે.

સાધના માટે સતત આત્મનિરીક્ષણ જોઈએ કે:

કેટલી વાર રોષ - અભિમાન કર્યાં?
વાસના ઢંઢોળી, જગાડી, રમાડી? કેટલી વાર સમતા ગુમાવી?
કેટલી વાર જાણી - બૂઝીને અસત્ય બોલ્યાં?
કેટલી વાર માયા કરી લોભ કર્યો? તૃષ્ણા વધારી?

## એમ સમજીને ધર્મ કરવો જોઈએ કે :

મૃત્યુએ આયુષ્યને વાળીને પકડી રાખ્યા છે, ગણતરીના
દિવસો જ જીવવાનું છે, આયુષ્ય બાંધેલી મુદતનું જ છે.
જગત ક્ષણભંગુર છે, ક્ષણવિધ્વંસી છે.
'असुखं, दुःखालयम्, अशाश्वतं लोकं ।'
દુનિયાના પદાર્થો મેળવવા કરતાં
ભગવાન મેળવવા સહેલાં છે. તમારે ભગવાનનો ખપ છે,
તેના કરતાં તમારો ખપ તેને હજાર ગણો અધિક છે.
ભગવાન ઉદાર છે, અદ્ભુત છે, દયાળુ છે.
ભિક્ષામાંથી નહિ, પરન્તુ
ભગવાનની સમીપે રહેવાથી બળ મળે છે,
ઈશ્વરાભિમુખ થવું તે સત્યની સમીપે રહેવા બરાબર છે.
સર્વ શાસ્ત્રનું રહસ્ય અને સમૃદ્ધિનું જે ધર્મનું મૂળ,
બધાનું મૂળ એક ભગવાન છે.
શરીર તપ કરવા માટે મળ્યું છે.
હૃદય મન - ચિત્તમાં સ્થિર થવા માટે મળ્યાં છે,
ઈંદ્રિયોના ભોગ વિલાસો કરવા માટે એ મળ્યાં નથી.
સમગ્ર જગતના મૂલ્ય કરતાં
ભગવાન ઉપરના પ્રેમનું મૂલ્ય અધિક છે.

ધર્મવૃક્ષનાં પાંચ અંગ છે:

ધર્મ તે મૂળ છે, વેદ તે થડ છે, પુરાણો તે શાખાઓ છે,
દયા તે પુષ્પ અને મોક્ષ તે ફળ છે.

વૈષ્ણવોના પંચતત્ત્વ : ગુરુ, મંત્ર, મન, દેવ અને ધ્યાન.

દેવમૂર્તિનાં પાંચ અંગ દીર્ઘ માન્યાં છે:

બે હાથ, બે નેત્ર, ઉદર, નાસિકા અને છાતી.

વિકાર પાંચ છે:

કામ, ક્રોધ, લોભ, મદ અને મોહ.

યોગના અંગ પાંચ છે:

ચિત્તશુદ્ધિ (યમ - નિયમ), પ્રાણાયામ (આસન),
ધારણા, ધ્યાન અને ફલદર્શન (સમાધિ).

ભક્તિનાં પાંચ અંગ છે:

દાસ્ય, સખ્ય, પાદસેવન, અર્ચન અને આત્મનિવેદન.

સાધુના પાંચ વ્રત છે:

નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન, નિર્મોહ.

પાંચ કારણ છે:

કામ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ અને પુરુષકાર
અથવા અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા તથા દૈવ.

પંચક્લેશ : અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ.

પંચગવ્ય : દૂધ, દહીં, ઘી, ગોબર અને ગોમૂત્ર.
પંચપલ્લવ : આમ્ર, અશ્વત્થ, ઉંબર, વડ, પીપળ પંચ ભાગ.

પાપનાં પંચસ્થાન

ખાંડણ, પીસણ, ચૂલો, પાણિયારું અને સાવરણ.
૫ પ્રકારે આત્મસ્થિતિ : મુક્ત, મુમુક્ષુ, સાધક, જડ, પામર.

પાંચ ભેદ

(૧) જીવ - જીવનો ભેદ (૨) જીવ - ઈશ્વરનો ભેદ (૩) જડ-જડનો ભેદ (૪) જડ - ઈશ્વરનો ભેદ (૫) જીવ - જડનો ભેદ.
૫ અનાદિ વસ્તુ : જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ.

શરીરના પાંચ કોષ

અન્નમય કોષ = ભૌતિક શરીર.
પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય કોષ = સૂક્ષ્મ શરીર.
આનંદમય કોષ = કારણ શરીર.

વેદાન્ત દર્શનમાં 'હિરણ્યગર્ભ' એટલે...

સૂક્ષ્મ શરીરોની સમષ્ટિથી ઉપહિત ચૈતન્ય - સૂત્રાત્મા - પ્રાણ. સમસ્ત પ્રાણીઓના લિંગશરીરમાં સૂત્રની જેમ અનુસ્યૂત છે, માટે સૂત્રાત્મા. તે વિજ્ઞાનમય - મનોમય - પ્રાણમય કોશથી ઉપહિત છે, તેથી તેને હિરણ્યગર્ભ યા પ્રાણ કહે છે. તે અનુક્રમે જ્ઞાન, ઇચ્છા અને ક્રિયાશક્તિનાં નામ છે.

मनुस्मृतिमां कह्युं छे के:

सोऽभिध्याय शरीरात् स्वात् सिसृक्षुर्विविधाः प्रजाः ।
अप एव ससर्जादौ तासु बीजमवासृजत् ॥१॥
तदण्डमभवद्धैमं सहस्रांशु सम प्रभं ।
तस्मिन् जज्ञे स्वयं ब्रह्मा सर्वलोक-पितामहः ॥२॥

'હરિવંશપુરાણ'માં કહ્યું છે કે: (પરિશિષ્ટ-૧૧)

हिरण्यवृष्टिरिष्टाऽभूद् गर्भस्थेऽपि यतस्त्वयि ।
हिरण्यगर्भ इत्युच्चैर्गीर्वाणैर्गीयसे ततः ॥१॥

અર્થાત્: હિરણ્ય ગર્ભ આદિનાથનું બીજું નામ છે. તેઓ ગર્ભમાં હતાં, ત્યારે દેવોએ સુવર્ણવૃષ્ટિ કરી હતી.

આ૦ જિનસેને 'મહાપુરાણ'માં કહ્યું છે કે:

सैषा हिरण्मयी वृष्टिर्धनेशेन निपातिता ।
विभोर्हिरण्यगर्भत्वमिव बोधयितुं जगत् ॥१॥

અર્થાત્: 'પરમાત્મા હિરણ્યગર્ભ છે' એમ જગતને જણાવવા માટે કુબેરે સુવર્ણની વૃષ્ટિ કરી.

o ભૂલ ઊંચે ચઢવા માટેનું પગથિયું ત્યારે બને, જો ભૂલને સ્વીકારી સુધારે. ન સુધારે તો નીચે ગબડવા માટે ખાડો બને છે. તેથી દોષોનું નિરીક્ષણ કરી તેના સતત ખ્યાલમાં રહેવું, તે આગળ વધવા માટે જરૂરી છે.

'દુચ્ચિંતિય - દુબ્ભાસિય દુચ્ચિટ્ઠિય ।'

એ ભવશસ્ત્ર આત્માની અનેકવાર કતલ કરનારું છે. માનસિક દુષ્ટ ચિન્તન, વાચિક દુર્ભાષણ, કાયિક દુષ્ટ ચેષ્ટા - કુચેષ્ટા, એ સર્વ આચરણ ભવભ્રમણ હણવા માટે તીક્ષ્ણ શસ્ત્રનું કાર્ય કરે છે. શરીરાદિ બાહ્યપદાર્થો એ પેટી છે તથા મડદાને સ્થાને ભોગોપભોગના ઈન્દ્રિયાદિ જીવોના કલેવરો છે. તેના ઉપર મમત્વ કરનાર જીવરૂપી મુસાફર ફોજદારની શિક્ષાના સ્થાને કર્મના વિપાકોરૂપી તીવ્ર વેદનાઓને જન્મોજન્મ ભોગવે છે. એ વિપાકથી ભય પામેલાં જીવને સદ્ગુરૂનો ઉપદેશ રૂચે તથા એ તત્ત્વ પર દૃઢ શ્રદ્ધા જન્મે છે કે: મમત્વ જેવું દુઃખ - નિમિત્ત બનવા જેવું કોઈ રૂપ નથી. અનુક્રમે મમતાનો ત્યાગ કરીને ઉત્તરોત્તર સંવરયુક્ત કર્મનિર્જરાની આરાધના કરીને તે જીવ સ્વધામ રૂપ અવ્યાબાધ મોક્ષસુખને આપનાર સિદ્ધિસ્થાનને પામે છે.

સ્ટેશને તાળું મારેલા લોખંડી પેટી, લોભથી ઉપાડી, પોલીસે શંકાથી પેટી ખોલાવી, મડદુ નીકળ્યું, ખૂનનો આરોપ મુક્યો, પારકી ચીજ ઉપર ફરી મમત્વ ન કરવાની પ્રતિજ્ઞા, સારા માણસે છોડાવ્યો અને સહીસલામત ઘેર પહોંચ્યો.

ઉપનય ઉપર મુજબ.

સહન કરી લો અને તમે જીતશો.
વેઠી લો, વેઠી લો... અને તમે હરાવી શકશો.
જે વધુમાં વધુ સહનશક્તિ ધરાવે, તેને વિજય મળે.
દરેકના હૃદયની અંદર ઊંડે ઊંડે અવગુણ છુપાયેલાં
હોય છે. તેને પોતાનામાંથી બહાર ખોળી કાઢવા જોઈએ.
સજ્જન લોકોએ વ્યક્તિગત આત્મશુદ્ધિનું આ કાર્ય
સતતપણે અને રોજેરોજ કરતાં જ રહેવું જોઈએ.

હિંદુધર્મ અજ્ઞાનના નિવારણથી,
બૌદ્ધધર્મ તૃષ્ણાના નિવારણથી અને જૈનધર્મ હિંસાના
નિવારણથી પૂર્ણતાને પામવાનો માર્ગ બતાવે છે.
સમગ્ર સૃષ્ટિનું સર્વ રીતે કલ્યાણ થાય, એવો
માર્ગ શોધવાની પ્રક્રિયામાંથી જ ધર્મનો જન્મ થાય છે,
તેમાં અહિંસાને પ્રાધાન્ય છે.
અષ્ટાંગયોગમાં ય પ્રથમ અંગનું એ પ્રથમ પગથિયું છે.
મનુષ્ય જો મન - વચન - કર્મને સંયમમાં રાખીને
પૂર્ણ અહિંસા આચરે, તો એનો સાચો માનસિક અને
એમાંથી સાચો આધ્યાત્મિક વિકાસ થાય છે.
આમ અહિંસા એ એક અત્યંત જ
શક્તિશાળી ઉપરાંત સર્જનાત્મક બળ છે.

મન અને આત્માના અધિષ્ઠાન ઉપરાંત
આપણા દેહનો બીજો કશો જ ઉપયોગ નથી.
દેહબુદ્ધિ ધરાવનાર મનુષ્ય દહનશીલ દેહ અને
શયમોહ્ય શરીરને લાડ લડાવવા જતાં અસંખ્ય જીવોને
યાતના પહોંચાડે છે. આ દેહભાવને દૂર કરવા માટે
તપધર્મ વડે દેહને યાતનાઓમાંથી પસાર કરવો પડે છે.
દેહભાવની માફક મનોભાવનો પણ નાશ કરવો જોઈએ.
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિ ભાવો મનમાં
ઉત્પન્ન થાય છે અને તેમાં હું અને મારાપણાંની
બુદ્ધિ કરી મનુષ્ય મનુષ્ય મટી જઈ રાક્ષસ બને છે.
એ મનોભાવનો નાશ કરવા માટે
આત્મભાવને પરમાત્મભાવ સુધી પહોંચાડવો જોઈએ.
તેનું સાધન અહિંસા-સંયમ-તપધર્મની આરાધના છે.
જેઓ તે આરાધનાને કરે, તેઓને દેવો પણ નમે છે.

ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે.

સંસારમાં પ્રાણીમાત્રને ધર્મના ૪ અંગો મળવા દુર્લભ છે:
(૧) મનુષ્યપણું (૨) સારા વચનોનું શ્રવણ
(3) સારા વચનોમાં શ્રદ્ધા અને
(૪) એ શ્રદ્ધા અનુસાર સંયમની પ્રવૃત્તિમાં પુરુષાર્થ.

અહિંસા ધર્મ માનવમાત્રના જ નહીં, કિન્તુ
ભૂતમાત્રના સમાન અધિકારોને માન્ય રાખે છે.
આવી અહિંસાની ભાવના વિના માનવસમાજ એ
રાક્ષસસમાજથી પણ વધુ ભયંકર બની જાય.
જૈનોની અહિંસાની ભાવનાને કારણે
જીવદયા અને ઉદારતાના અનેક કાર્યો જોવા મળે છે.
જૈનાચાર્યોના ત્યાગ, તપ અને વિદ્વત્તાને કારણે જૈનોમાં
તપ - ત્યાગ - જ્ઞાનને ઉત્તેજનનાં કાર્યો ચાલુ જ રહે છે.
જૈનોમાં ચર્ચાઓ - વિવાદો કેટલીક સમયે જોવા મળે છે,
તે પણ બુદ્ધિમત્તાનું જ પ્રતીક માની શકાય.
ચર્ચા બુદ્ધિમાન મનુષ્યો જ કરી શકે, જડવસ્તુઓ નહિ જ.
'एकं सत् विप्रा बहुधा वदन्ति।' ऋषिः
એક પદાર્થને જ્ઞાની પુરુષો ઘણાં પ્રકારે કહે છે,
એ ન્યાયે ચર્ચાઓને પણ સ્યાદ્વાદમાં સ્થાન છે.
o દુઃખનું ય મહત્ત્વ છે. દુઃખ - સુખ એક જ ઢાલની
બે બાજુ છે. એક હોય, ત્યાં બીજું હોય જ. દુઃખ
જેવી વસ્તુ ન હોત તો તેમાંથી છૂટવા ધર્મ પ્રતિ દોટ
મૂકવાનું મન જ કોને થાત? ધર્મની સાથે અંતરંગ
સંબંધ કરાવી આપવાનું પ્રધાન કાર્ય તે કરાવી આપે છે.

## જિનાજ્ઞાપાલનનો અધ્યવસાય શ્રેષ્ઠ શાથી?

જે આજ્ઞાને ગણધર ભગવંત જેવા મહાજ્ઞાની
આત્માઓ પણ બહુમાન કરી જીવનમાં સ્પર્શાવે છે,
તે આજ્ઞાનું માહાત્મ્ય સર્વોત્તમ છે.
એ આજ્ઞા વડે જ જગતના ભાવો યથાર્થપણે જાણી
શકાય અને પાલન કરી શકાય છે તથા તેના પરિણામે
શાશ્વત અને અવ્યાબાધ આત્મસુખ મેળવી શકાય છે.
દુષ્કૃતગર્હાદિ સંક્લેશની હાનિ,
સુકૃતાનુમોદનાદિ લેશ્યાની વિશુદ્ધિ અને
શરણાગમનાદિ આજ્ઞાપાલનનો અધ્યવસાય જાગે છે.
જેમાં લીન થઈને જીવો અનંત સંસારસાગરને તરી
જાય છે તથા જે સમસ્ત જીવોને માટે શરણભૂત છે,
તે જિનશાસન ચિરકાળ સમૃદ્ધ રહો.
આ જિનવચન એ વિષયસુખનું વિરેચન છે,
જરા - મરણાદિ વ્યાધિઓ અને દુઃખોનું રસાયણ છે.
આ કામભોગો ક્ષણભર સુખ - ચિરકાળ દુઃખ દેનારા છે,
આ કામભોગો મુક્તિના વિરોધી અને અનર્થોના મૂળ છે.
જન્મ - મરણનાં દુઃખોથી બધા ભયભીત થાય છે,
પરન્તુ કોઈ વિષયોથી વિરક્ત થઈ શકતાં નથી!

અહો! માયાની ગાંઠ કેવી દૃઢ છે?

જીવ જે વખતે જેવા ભાવને ધારણ કરે છે, તે વખતે તેવા જ શુભાશુભ કર્મને બાંધે છે. કર્મ બાંધવામાં જીવ સ્વતંત્ર છે, તેના ફળને ભોગવવા વખતે પરતંત્ર છે. જીવ ઝાડ પર ચઢવા સ્વતંત્ર છે, પરન્તુ ચઢ્યાં પછી પ્રમાદના કારણે પડતી વખતે પરવશ બને છે.

કર્મનાં મૂળ કારણ રાગ અને દ્વેષ છે.
કર્મ એ જન્મ-મરણનું મૂળ છે અને
જન્મ-મરણ એ દુઃખનાં મૂળ છે.

'શ્રી દશવૈકાલિક'માં કહ્યું છે કે : ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે.
અહિંસા, સંયમ અને તપ એનાં લક્ષણ છે.
જેનું મન ધર્મમાં લીન છે, તેને દેવો પણ નમે છે.

વિનોબા કહે છે : રાજનીતિ અને સંપ્રદાયના સ્થાને આજે વિજ્ઞાન અને અધ્યાત્મનો સુમેળ સધાવો જોઇએ.

બહેરાં - આંધળા - મુંગા - લંગડાપણું શાથી?

શ્રોત્રેન્દ્રિયના વિષયમાં આસક્ત જીવ જન્માંતરમાં બહેરાં, ચક્ષુઇંદ્રિયમાં આસક્ત આંધળા, રસનેન્દ્રિયમાં આસક્ત મુંગા, બોબડાં, સ્પર્શનેન્દ્રિયમાં આસક્ત જીવ ઠુંઠા, લંગડા તથા ઘ્રાણેન્દ્રિયમાં આસક્ત નાસુરાદિના ભયંકર રોગી બને છે.

શ્રી રાતા મહાવીર તીર્થ, ગઢવાડ, તા. ૨૭-૪-૯૫

સં. ૨૦૩૯, ચૈત્ર સુદી ૬, શાશ્વતી ઓળીનો પ્રથમ દિવસ

## દાનાદિ ચારે પ્રકારના ધર્મનું વર્ણન

ધમ્મો મંગલમુક્કિટ્ઠં અહિંસા - સંજમો - તવો ।
દેવાવિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો ॥૧॥

આ ગાથામાં અહિંસા = અભયદાન રૂપ છે.
સંયમ = નિર્મળ શીલ રૂપ છે.
તપ = બાહ્ય - અભ્યંતર તપ રૂપ છે.
સયા મણો = ભાવધર્મ છે.

અહિંસા સંયમ તપ વડે એક બાજુ કામ-ક્રોધ તથા લોભનો નિગ્રહ થાય છે, બીજી બાજુ શમ, દમ, તિતિક્ષા સધાય છે. અહિંસા વડે સર્વ જીવરાશિ સાથે, સંયમ વડે સ્વાત્મા સાથે સંબંધ જોડાય છે તથા તપ વડે તન્મયતા સધાય છે.

ધર્મનો વિરહ વિરતિ ધર્મની અપેક્ષાએ સમજવો, કિન્તુ સમ્યગ્દર્શનની અપેક્ષાએ ધર્મ સર્વ ક્ષેત્રે, સર્વ કાળમાં અને સદા વિદ્યમાન છે. ઉપયોગરૂપે દ્વાદશાંગીની આદિ અને અંત છે, પરન્તુ ક્ષયોપશમરૂપે પ્રવચનની સદા વિદ્યમાનતા છે.

અહિંસા એ સાધકની યોગ્યતા છે.

સંયમ વડે સાધના અને તપ દ્વારા સિદ્ધિ થાય છે.

त्रयमेकत्रसंयमः ।

ધારણા, ધ્યાન, સમાધિ - એ ત્રણ જ વિષયમાં

અહિંસા, સંયમ અને તપ વડે સધાય છે.

અહિંસા વડે ધારણા, સંયમ વડે ધ્યાન અને

તપ વડે સમાધિની સિદ્ધિ થાય છે.

સમ્યગ્દર્શન વડે ધારણા, સમ્યગ્જ્ઞાન વડે ધ્યાન અને

સમ્યક્ચારિત્ર + સમ્યક્તપ વડે સમાધિ + સિદ્ધિલાભ.

સમ્યગ્દર્શન પ્રીતિ - ભક્તિરૂપ છે,

સમ્યગ્જ્ઞાન યથાર્થ ઓળખાણરૂપ છે અને

સમ્યક્ચારિત્ર તથા તપ સ્થિરતા - તન્મયતારૂપ છે.

એ ત્રણ જ આત્માના વિષયમાં

ધારણા, ધ્યાન અને સમાધિ રૂપી સંયમને સધાવનાર

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપગુણ છે.

આત્મા આત્મા વડે, આત્માને આત્મામાં જાણે, જુએ

અને તેમાં જ સ્થિર રહે, તે નિશ્ચય રત્નત્રયી છે.

વિરતિ = સદ્ધર્મ. સમ્યગ્દર્શન - જ્ઞાન = ધર્મબીજ.

ધર્મના ૪ પ્રકાર : સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ.

સામાયિક ધર્મ છે. દર્શન એ સમકીતસામાયિક રૂપ - જ્ઞાન એ શ્રુતસામાયિક રૂપ - ચારિત્ર એ દેશ તથા સર્વવિરતિ સામાયિક રૂપ અને તપ નિર્જરારૂપ છે. દર્શન - જ્ઞાન - ચારિત્ર વડે સંવર, તપ વડે નિર્જરા. ધર્મ એ સંવર અને નિર્જરા - ઉભય સ્વરૂપ છે. અરિહંત - સિદ્ધ એ દેવ છે તથા આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ ગુરૂ છે અને સામાયિક એ ધર્મ છે.

સામાયિકધર્મના જ ચાર પ્રકાર અનુક્રમે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ છે, તેઓ અનુક્રમે મિથ્યાત્વ અજ્ઞાન, અવિરતિ અને અશુભ યોગોનો સંવર થાય છે અને તપ વડે સંવરની સાથે નિર્જરા પણ થાય છે.

<u>તીર્થંકરપણું પ્રાપ્ત કરવાના ૨૦ કારણો</u>

अरिहंत[१] सिद्ध[२] पवयण[३] गुरु[४] थेर[५] बहुस्सुए[६] तवस्सीसुं[७] ।
वच्छल्लया एएसिं अभिक्खनाणोवओगे[८] य ॥१॥
दंसण[९] विणए[१०] आवस्सए[११] य सीलव्वए[१२] निरइयारे ।
खणलव[१३] तव[१४] च्चियाए[१५] वेयावच्चे[१६] समाहिए[१७] ॥२॥
अपुव्वनाणगहणे[१८] सुयभत्ती[१९] पवयणपभावणया[२०] ।
एएहिं कारणेहिं तित्थयरत्तं लहइ जीवो ॥३॥

(परिशिष्ट-१२)

श्री तीर्थपान्थरजसा विरजीभवन्ति,
तीर्थेषु बम्भ्रमणतो न भवे भ्रमन्ति ।
पूज्या भवन्ति जगदीशमथार्चयन्तः
द्रव्यव्ययादिह खलु स्थिरसंपदः स्युः ॥१॥

## તીર્થયાત્રાનું માહાત્મ્ય

તીર્થની રજના સ્પર્શથી કર્મરજરહિત થવાય છે. તીર્થયાત્રાના અલ્પ કષ્ટથી ભવભ્રમણનાં મહાકષ્ટ મટી જાય છે. તીર્થમાં પૂજ્યની પૂજાથી પૂજ્યતા પ્રાપ્ત થાય છે અને તીર્થમાં દ્રવ્યના સદ્વ્યયથી સંપત્તિ સ્થિર બને છે.

વીતરાગની પૂજાથી રાગાદિ દોષો ઘટે છે.

o 'कत्थइ बलिअं कम्मं, कत्थइ बलिओ आत्मा।'

અર્થાત્ : ક્યાંક કર્મ બળવાન હોય છે, ક્યાંક આત્મા.

ભવિયાના જે ભાગ એ જંગલનો ન્યાય છે.

o धारणा = अविच्युति स्मृति वासनाभेदात् त्रेधा ।

उपयोगी वासनारूपः ।

बुद्धिरवायरूपा, अवायस्तु निश्चयः। ईहा विचारणा।

मतिरवग्रहो । ऊहो वितर्कः । (પરિશિષ્ટ-૧૩)

ચિત્ત ત્રિકાળને વિષય કરે છે,

ચક્ષુના પ્રત્યક્ષ વર્તમાનકાલીન અર્થોને ગ્રહે છે,

સંજ્ઞા પ્રત્યભિજ્ઞા રૂપ છે, વિજ્ઞાન વિશેષને આશ્રી છે.
ધારણા સંખ્યાત અસંખ્યાત કાળ સુધીની હોય છે.
ચિન્તનનાં અભાવે શ્વાસોચ્છ્વાસનો અભાવ,
યોજનાનાં અભાવે રાગાદિનો અભાવ,
સંજ્ઞાના અભાવે ગૃદ્ધિનો અભાવ તથા
વિજ્ઞાનના અભાવે જાગૃતકાળના અનુભવનો અભાવ.
અવગ્રહ - મતિ, ઈહા - વિચારણા, ઉહ - તર્ક,
અપોહ - નિશ્ચયબુદ્ધિના ગુણ. સિદ્ધોનું ધ્યાન અને
સિદ્ધોના સ્વરૂપનું ચિન્તન - તે સામર્થ્યનું આલંબન.

## ત્રણ પ્રકારે ભક્તિ

(a) સ્વામી - સેવકભાવ વડે નિશ્ચલતા પ્રાપ્ત થાય.
(b) અંશ - અંશભાવ દ્વારા સ્થિરતા પ્રાપ્ત થાય.
(c) આત્મસ્વરૂપે થતી ભક્તિ વડે તન્મયતા પ્રાપ્ત થાય.

વિનયફલં શુશ્રૂષા, ગુરુશુશ્રૂષા ફલં શ્રુતજ્ઞાનં ।
જ્ઞાનસ્ય ફલં વિરતિઃ, વિરતિફલં ચાશ્રવનિરોધઃ ॥૧॥
સંવરફલં તપોબલમથ તપસો નિર્જરા ફલં દૃષ્ટં ।
તસ્માત્ ક્રિયાનિર્વૃત્તિઃ ક્રિયાનિવૃત્તેરયોગિત્વમ્ ॥૨॥
યોગનિરોધાદ્ભવસંતતિક્ષયઃ સન્તતિક્ષયાન્મોક્ષઃ ।
તસ્માત્કલ્યાણાનાં સર્વેષાં ભાજનં વિનયઃ ॥૩॥
(પરિશિષ્ટ-૧૪)

તન અને મન વચ્ચે તફાવત એ છે કે
શરીર તો આ જન્મમાં મળ્યું છે - તે છે, પરન્તુ મનમાં
તો અનેક જન્મ - જન્માંતરોના સંસ્કાર ભર્યા પડ્યાં છે.

લઘુ છે, ત્યાં સુધી ગુરૂની આવશ્યકતા રહેવાની.
લઘુ = દેહમાં આત્મબુદ્ધિ, ગુરૂ = આત્મામાં આત્મબુદ્ધિ.
'દેહ લઘુ કે તુચ્છ છે - આત્મા ગુરૂ કે મહાન છે'
એવું શિક્ષણ જે વડે મળે, તે બધામાં ગુરૂતત્વ છે.

પોતાના આત્માને ભગવદ્ સહિત માનવો;
તે લઘુતામાં રહે છે. જેવું વિચારશો, તેવા થશો.

ભક્તના સમર્પણના ફલસ્વરૂપ ઈશ્વરીય કૃપા જ
ગુરૂના રૂપમાં અવતરણ થાય છે.

જેના હૃદયમાં ગુરૂ છે - તે દીક્ષિત છે, કિન્તુ જેના હૃદયમાં
ગુરૂ નહિ, તે શિક્ષિત ભલે હો, પરંતુ દીક્ષિત નહિ જ.

શિક્ષિતનું જીવન ભલે સાક્ષર હો, કિન્તુ
દીક્ષિતનું જીવન સાર્થક છે. જ્ઞાન વિના મોક્ષ નહિ પણ
ગુરૂ વિના જ્ઞાન નહિ, તેથી મોક્ષ માટે ગુરૂ આવશ્યક છે.

o હેન્રી ડેવિડ થોરો કહે છે : તમે એમ વિચારો છો કે
તમે સુખેથી ટ્રેનની સવારી માણી રહ્યા છો, પરંતુ હું તો
જોઈ રહ્યો છું કે ટ્રેન તમારી ઉપર સવારી કરી રહી છે.

બધાનો સાર એક જ છે:

દુઃખની આત્યંતિક નિવૃત્તિ - પરમાનંદની પૂર્ણ પ્રાપ્તિ.

અંતઃકરણ કદી પૂર્ણ થતું નથી અને
આત્મા કદી અપૂર્ણ હોતો નથી. 'ઈશ્વરોગુરુરાત્મેતિ।'
અનુગ્રહનું લક્ષણ - એ વાતનો સાક્ષાત્કાર છે.
ઈશ્વર, ગુરુ અને આત્મા વચ્ચે કોઈ અંતર નથી.

ધ્યાનનો એક અર્થ એ છે કે:
જેનું ચિન્તન કરીએ, તે પૂરેપૂરા એકાગ્રતાથી કરીએ.
આસક્તિને શુદ્ધ કરવા ભક્તિ રસાયણનું કામ કરે છે.
જ્યાં દિલ છે - ત્યાં કોમળતા છે, જ્યાં કોમળતા છે,
ત્યાં ઝુકાવ પણ છે, તે ઝુકાવ જો ઈશ્વરના પક્ષમાં
થઈ જાય, તો સંસારની આસક્તિ છૂટી જાય છે.

મનની નિવૃત્તિ પ્રમાણથી થાય છે.
મંત્ર એટલે મનને તર - રસતરબોળ - દ્રવીભૂત કરે તે.
મંત્ર ગુરુમુખે લેવાથી હૃદયમાં શ્રદ્ધાભાવ પેદા થાય છે.
શ્રદ્ધાપૂર્વક થતાં મંત્રજાપમાં ગુરુશક્તિ પણ કામ કરે છે.
શ્રદ્ધાહીન મંત્રજાપમાં શુષ્કતા પેદા થાય છે,
તેથી જડતા, આળસ, પ્રમાદ અને નિદ્રાવશ થવાય છે.
મંત્રદીક્ષા કરતાં પણ સ્પર્શદીક્ષા વધુ બળવાન છે.

પરિગ્રહ = પકડવું, સમસ્ત પ્રકારે ગ્રહણ કરવું.
વસ્તુઓમાં પરિગ્રહ નથી, વસ્તુઓ તો નિષ્પ્રાણ છે.
તે કોઈને પકડતી પણ નથી અને છોડતી પણ નથી.
વસ્તુઓ વ્યવહૃત છે, વ્યવહાર કરનાર નથી.
વસ્તુઓ ઉપરની પકડ તો જીવની પોતાની છે.
પરિગ્રહ = જીવની વૃત્તિ, જીવના ભાવની અભિવ્યક્તિ.
પરિગ્રહનો બીજો અર્થ છે સ + સ્વરૂપ,
પોતાનામાં ન રહેવું, પરમાં સ્થિત થવું, વસ્તુસ્થ બનવું.
સંસારની પકડ જીવ ઉપર નથી,
પરન્તુ જીવની જ પકડ સંસાર ઉપર છે.
વસ્તુજગત એ સંસાર નથી, કિન્તુ શુદ્ધ અસ્તિત્વ છે.
વિચારોનો પરિગ્રહ વસ્તુઓના પરિગ્રહ કરતાં પણ
વધુ ખતરનાક છે. વિચાર કે વસ્તુ પોતે પરિગ્રહ નથી,
પરિગ્રહ તો જીવની પોતાની આંતરવૃત્તિ છે.
ધર્મમાં મહત્ત્વ આત્માનું છે - દેહ, ધન કે સત્તાનું નહિ.
પકડ આત્માની થવી જોઈએ અને
મહત્ત્વ આત્માનું આંકવું જોઈએ. આત્માની પકડ Selfની,
Non-Selfની નહિ, અનાત્માની નહિ પણ આત્મતત્ત્વની.
વસ્તુનું હોવું એ કોઈ ગુણ કે qualification નથી.

આત્માનું હોવું અને એની પક્કડ હોવી, તે ગૃહસ્થતા છે. પરિગ્રહ એ માલિક હોવાની ભાવના છે, અધિકાર-અહંકાર-સ્વત્વમાં નહિ પણ વસ્તુત્વમાં જીવવાનું છે.

વસ્તુત્વમાં જીવવાનું એ જ સંસાર છે,
એ છૂટી જાય, એટલે સત્વિક એક નિર્વાણ જ છે.

મુક્તિ = વસ્તુજગત ઉપર જીવની પક્કડ છોડવી તે.
સ્વસ્થ = પોતે પોતાનામાં સ્થિત. અસ્વસ્થતા = જે પોતાની વસ્તુ નથી, તેમાં પોતે મગ્ન રહેવું તે.

હું - તું અને તે...

એ ત્રણમાંથી છૂટવાનો એક જ ઉપાય છે અને તે એ છે કે ત્રણેમાં રહેલ એકને જોવું, જે ત્રણેમાં છે અને જે ત્રણેથી પર પણ છે, તે છે માત્ર અસ્તિત્વ.

શુદ્ધ અસ્તિત્વ = Pure excistence.

સમ્યગ્દૃષ્ટિ તથા અનેકાન્તદૃષ્ટિ અનિવાર્ય છે. દૃષ્ટિ જેની સમ્યક્, તેનું જ્ઞાન - ચારિત્ર સમ્યક્ છે. સાપેક્ષ દૃષ્ટિવાળું જ્ઞાન અને ચારિત્ર જ સદ્રૂપ છે.

આપણું ઘર દેખીને જેમ આપણી યાદ આવે છે, તેમ ભગવાનનું મંદિર દેખીને અંતઃસ્થિત ભગવાનની યાદ પણ આવી જાય છે, માટે મંદિર ઉપકારક છે.

માટીના વાસણમાં સમવર્તન ન થઈ શકે,
પરન્તુ સમદર્શન જરૂર થઈ શકે.
આત્મપ્રતીતિ, આત્મબોધ અને આત્મસાધનાના અર્થાત્
નિજાનંદરસસાધનાના જ મનુષ્યને મુક્તિ અપાવી શકે છે.
માનસિક અહિંસા અનેકાન્ત ઉપર,
વાચિક અહિંસા સ્યાદ્વાદ ઉપર અને
કાયિક અહિંસા પ્રાણાતિપાત વિરમણ ઉપર નિર્ભર છે.
ત્રિવિધ અહિંસા વડે સમતાનું સેવન થાય છે અને
અપરિગ્રહ વડે મમતાનું વિસર્જન થાય છે.
સર્વ વિચારો ઉપર સમભાવ એ માનસિક અહિંસા છે,
વિચારોને દર્શાવનાર સર્વ વાક્યો ઉપર
સમભાવ એ વાચિક અહિંસા છે અને
સર્વ જીવો ઉપર સમભાવ એ કાયિક અહિંસા છે.
બ્રહ્મચૈતન્યનો રથ જીવ છે, જીવનો રથ અહંકાર છે,
અહંકારનો રથ બુદ્ધિ, બુદ્ધિનો રથ મન, મનનો પ્રાણ,
પ્રાણનો રથ જ્ઞાનેન્દ્રિયો, તેનો રથ દેહ છે અને દેહનો
રથ કર્મેન્દ્રિયોનો સમૂહ છે. એ સત્યનો અનુભવ કરવો,
એ જ પરમાત્માનું ખરું પૂજન છે કે : સચ્ચિદાનંદ
સ્વરૂપ આત્મા નિત્ય, અજર, અમર, ત્રિકાલાબાધિત છે.

## આસ્તિક કોને કહેવાય?

દરેક નાના - મોટા જીવનાં ભેદભાવ વિના રહેલાં
એવા નિર્ગુણ તથા નિરાકાર તત્ત્વના સાક્ષાત્કાર પ્રતિ
જેઓ શ્રદ્ધા ધરાવે છે, તેઓ 'આસ્તિક' કહેવાય.
'असुत्ता मुणी, सुत्ता अमुणी, मुणिणो सया जागरन्ति।'
અર્થાત્: સુવે નહિ તે મુનિ - સુવે તે અમુનિ,
મુનિ ભગવંતો હંમેશા જાગતાં રહેય છે.
મુનિએ સદા જ્ઞાન - ધ્યાનમાં રક્ત રહેવું. જ્ઞાન પ્રભુની
આજ્ઞાનું - અપાયનું - વિપાકનું અને સંસ્થાનનું તથા
ધ્યાન પ્રભુના પિંડનું - પદનું - રૂપનું અને ગુણનું કરવું.
પ્રભુની આજ્ઞા પાળો અને ભવજલધિ પાર કરો,
આજ્ઞાનો ભંગ કરી અનંત ભવભ્રમણના ભોગ બનો.
આજ્ઞાનું પાલન એટલે રાગ - દ્વેષનું કર્તૃત્વ અને
સુખ - દુઃખનું ભોક્તૃત્વ છોડી અને સાક્ષીત્વ કેળવો.
જ્ઞાન - દર્શનનું કર્તૃત્વ, સચ્ચિદાનંદ ભોક્તૃત્વ કેળવો.
શોધો મા, એટલે સુખ જ તમને શોધશે.
જીવોને આનંદ આપવાથી આનંદની પ્રાપ્તિ થાય છે.
ભય એ તો પુષ્કળ ચંચળતાજનક છે,
આનંદથી ચંચળતા દૂર થઈ સ્થિરતા પ્રાપ્ત થાય છે.

સર્વ જીવોની રક્ષાથી સંયમરક્ષા - સંયમરક્ષાથી આત્મરક્ષા.
જીવમૈત્રીથી આનંદ - અદ્વેષ - અભેદ પરિણામ નિપજે.
પ્રીતિ - ભક્તિ એ બે અનુષ્ઠાન અને
અધ્યાત્મ - ભાવના એ બે યોગ મધુર પરિણામરૂપ છે.
રાગ-દ્વેષનાં પ્રસંગોમાં ચિત્તની સમતુલા જાળવી રાખવી,
તે સમ અર્થાત્ તુલા પરિણામરૂપ છે.
શમ, શાંતિ, ઉપશમ, પ્રશમ - તેનાં જ પર્યાય શબ્દો છે.
તે માટે શાસ્ત્રાભ્યાસ જરૂરી છે.
તે શાસ્ત્રાભ્યાસ માટે સદ્ગુરુઓનો યોગ અને
ગુરુકુળવાસનું સેવન આવશ્યક છે.
એ રીતે સમપરિણામ માટે શાસ્ત્રયોગ જરૂરી છે.

o 'मुक्तिंगतोऽपीश विशुद्धचित्ते
गुणाधिरोपेण ममाऽसि साक्षात् ।
भानुर्दवीयानपि दर्पणांशु-
संगान्न किं द्योतयते गृहान्तः ॥१॥

o 'वृद्धा सिध्यन्ति निश्चितार्था भवन्ति
लोकव्यापि समयं, कलारहितमिदमेव
तत्त्वं ध्यायतोऽस्मादिति ।'
- सिद्धहैम, शब्दन्यासकृत टीका (પરિશિષ્ટ-૧૫)

'આત્મા સ્વતઃ સિદ્ધ છે' એ વાતનો ઈન્કાર કરનારનું
અસ્તિત્વ ય આત્માને જ સાબિત છે. સર્વ પ્રકરણના
જ્ઞાન, પ્રમાણ અને પ્રતિપાદનોનો આધાર આત્મા છે.
'નેતિ નેતિ'નો અર્થ છે : બ્રહ્મ એ ઇંદ્રિયગ્રાહ્ય નથી.
સત્-ચિત્-આનંદ એના ગુણ નથી, એનું સ્વરૂપ છે.

પરબ્રહ્મ પોતે નિર્ગુણ, નિરાકાર, નિર્વિશેષ,
અક્રિય, અકર્તા અને શાશ્વત છે.

માયાના કારણે નિર્ગુણ એ પણ સગુણ ભાસે છે.
એક જ બ્રહ્મને સમજવા માટેના બે દૃષ્ટિકોણોને
સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ કહે છે. 'તત્ ત્વમસિ।'
જગત ભ્રમરૂપ નહિ પણ વ્યાવહારિક સત્તારૂપ છે.
માયા સત્ય નથી, જ્ઞાનોદય થતાં જ તે અદૃશ્ય થાય છે.
માયા અસત્ય નથી, જ્ઞાનોદય નથી, ત્યાં સુધી એ છે જ.
જેમ શમતાંની સાથે તરંગ સાગરરૂપ બની જાય છે,
તેમ જીવાત્મા પણ માયાનો લોપ થતાંની સાથે જ
બ્રહ્મરૂપ બની જાય છે અને મોક્ષ મેળવે છે.

ઈશ્વર એટલે...

સત્યમય વિશ્વનો સર્જક અને સર્વશક્તિમાન શાસક.
પ્રભુનાં ગુણ = સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા, અપાર પ્રેમ.

'નિર્ગુણ'નો અર્થ નિકૃષ્ટ ગુણોનો અભાવ છે.
ઈશ્વર વિભુ - અંતર્યામી છે, સત્ય, જ્ઞાન, આનંદરૂપ છે.
પ્રકૃતિ અને જીવાત્મા એના ઉપર જ અવલંબિત છે.
જગત અને જીવોનો એ નિયંતા - આધારરૂપ છે.
જીવો અને જગત નિયમ્ય છે, શેષ છે.
ઈશ્વરની નિત્ય વિભૂતિ શુદ્ધ સત્ત્વમય છે.
વિશ્વ એ ઈશ્વરની લીલા વિભૂતિ છે.
કર્મથી બદ્ધ જીવાત્માઓનું જ્ઞાન સંકુચિત થઈ જાય છે.
કુકર્મ = હૃદય સંકુચિત કરે. સુકર્મ = હૃદય વિકસિત કરે.
'રામાનુજ'ના મતે મોક્ષનું એક માત્ર સાધન ભક્તિ છે.
ભક્તિથી જ પ્રભુના કૃપાપાત્ર બની શકાય.
કર્મ અને જ્ઞાનનું પ્રયોજન પણ ભક્તિ જ છે.
બ્રહ્મ શાંતિસ્વરૂપ - અજર - અમૃત - અભય - પરમ છે.
(१) एकमेवाऽद्वितीयं ब्रह्म । (२) ब्रह्म सत्यं जगन्मिथ्या,
जीवो ब्रह्मैवनाऽपरः । (३) सर्वं खल्विदं ब्रह्म ।
(४) सत्यं, ज्ञानं, अनन्तं ब्रह्म । (५) अयमात्मा ब्रह्म ।
(६) ब्रह्मविद् ब्रह्मैव भवति । (७) सत्यं शिवं सुन्दरं ।
(८) असंगोह्ययं पुरुषः ।
(९) शान्तमजरममृतमभयं परं । (परिशिष्ट-१६)

ચૈત્ર સુ-૧૩, અમદાવાદ, વિજયનંદનસૂરિ

દરેક ધર્મમાં અહિંસાનું સ્વરૂપ, મોક્ષનું સ્વરૂપ અને
ઉપશમ ભાવપ્રધાન મોક્ષનો માર્ગ એકસરખો કહ્યો છે.

વસ્તુમાત્રની સિદ્ધિ સ્યાદ્વાદથી થાય છે.

'अनाग्रहादेव वक्तुः सकाशात् तत्त्वादिगमो भवति ।'

'मध्यस्थो बुद्धिमानर्थी श्रोता पात्रमिति स्मृतः ।'

'सव्वे जीवा न हंतव्वा ।'

'मुच्छा परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।'

'सिद्धिः स्याद्वादात् ।' (પરિશિષ્ટ-૧૭)

વેરથી વેર શમતું નથી, તૃષ્ણાથી વેર વધે છે.
નિર્વૈર થવા માટે મૈત્રીની ભૂખ જગાવવી જોઈએ અને
મૈત્રીની ભૂખ જગાવવા માટે વિતૃષ્ણ થવાની જરૂર છે.
દરેક વાતને બુદ્ધિની એરણે કસીને સાચી લાગે,
તો સ્વીકારવી. શીલ, સમાધિ, પ્રજ્ઞા-ભાવના, ભક્તિ
અને પ્રેમ વડે નિર્વૈરતા વિકસે છે.

કામનાઓથી મુક્તિ તે જ નિર્વાણ અને
પ્રજ્ઞાનો વિકાસ અનુભવવાનો મહિમા એ જ માર્ગ.

દામ્પત્ય જીવનનો સાર એટલે...
શ્રદ્ધા અને વિવેકનું મિલન.

wholeness is holiness.

આખિલાઈનો અનુભવ એજ બ્રહ્મનો સંસ્પર્શ છે અને
એજ ચૈતન્ય શ્રુતિ ચિન્મયતાનો અનુભવ છે.
આવો અનુભવ કરનાર પછી શાંત થઈ જાય છે, સદેહે
વિદેહી બની જાય છે, બધાં પરિમાણોથી પર થઈ જાય છે.
'न तत्र चक्षुर्गच्छति, न वाग् गच्छति, नो मनो,
न विद्मो, न विजानीमो, यथैतदनुशिष्याद्,
अन्यदेव तद् विदितादथो अविदिताद् अधि इति
शुश्रुम पूर्वेषां ये नस्तद्व्याचचक्षिरे ।' श्रुतिः
આ સચરાચર વ્યાપ્ત બ્રહ્મતત્ત્વ સુધી ચક્ષુ, વાણી, મન
જઈ શકતાં નથી, એટલે એને આપણે જાણી શકતાં નથી,
કેવી રીતે ઉપદેશી શકાય, તે પણ આપણે જાણતાં નથી
પણ પૂર્વઋષિઓ પાસેથી સાંભળ્યું છે કે તે બ્રહ્મતત્ત્વ
જાણીતાંથી જુદું છે અને નહિ જાણીતાંથી પણ અન્ય છે.
ચિત્તને કે જીવને પ્રત્યેક જીવમાં બ્રહ્મના
સ્વરૂપનો અનુભવ થાય છે, તે અમૃતત્વને પામે છે.
ચૈતન્ય જ કાનનો કાન - મનનું મન - વાણીની વાણી
પ્રાણનો પ્રાણ તથા ચક્ષુનું ચક્ષુ છે ઉપરાંત
એજ સચરાચર વ્યાપ્ત એવું પરમ તત્ત્વ છે.

श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद्
वाचोहवाचं स उ प्राणस्य प्राणः ।
चक्षुश्च चक्षुरतिमुच्य धीराः
प्रेत्यास्माल्लोकाद् अमृता भवन्ति ॥१॥ અનુકૃતિ:

કાનના ખરા કાન તે શ્રેષ્ઠ કાન, મનનું મન, વાણીની વાણી, પ્રાણના પ્રાણ અને ચક્ષુના ચક્ષુને છોડીને ધીર પુરુષો આ લોકમાંથી પરલોકમાં જાય, ત્યારે અમૃત થાય છે અનુકૃતિ અહીં મળેલી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સામગ્રી ખરું આત્મા લાવી ત્યાગ કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. જ્ઞાનને પામવાનું ખરું સાધન ધ્યાન જ છે, વાર્ય અને ઉપયોગ છે. ધ્યાન યોગમય છે - ઉપયોગમય છે. 'તત્ ત્વમ્ असि ।' તે ઉપયોગ તું છે, તે યોગ તું છે. ચિત્તમાંથી સતત ઉઠતી વૃત્તિઓની પાછળ જ્ઞાન છે જ.

મનમાંથી વાંટાયેલાને પ્રત્યેક સ્પન્દન પાછળ
જ્ઞાન લટકા કરતું ન દેખાય.

એને પ્રત્યેક સ્પન્દન વચ્ચે કોઈ સંબંધ ન લાગે, ત્યારે જ્ઞાનવિહૂને અલગતામાં જ્ઞાનનો - એકતાનો અનુભવ થાય.

प्रतिबोध - विदितं मतं, अमृतत्वं हि विन्दते ।
आत्मना विन्दते वीर्यं विद्यया विन्दतेऽमृतम् ॥१॥
- केनोपनिषद्

ચિત્તને કે બુદ્ધિને પ્રત્યેક બોધમાં
જ્ઞાનસ્વરૂપનો અનુભવ થાય છે, તે અમૃતત્વને પામે છે.
આત્મા દ્વારા તે વચને - વચનતાને પામે છે અને તે
વડે પ્રાપ્ત થતી વિશુદ્ધિ તે અમૃત - અમરતાને પામે છે.
અખિલાઈનો અનુભવ, જ્ઞાનનો સંસ્પર્શ, અને ચૈતન્યનો
અનુભવ છે. આવો અનુભવ કરનાર પછી શાંત થઈ જાય,
સદેહે વિદેહી બની જાય છે, બધાં પરિમાણોથી પર થઈ
જાય છે અને એ જ 'તત્ત્વમસિ'નો અનુભવ છે.

<u>નિર્મળ - સ્વચ્છ એવા હૃદયદર્પણની પ્રતીતિ શું?</u>

એને સારું ગમે, નરસું ન ગમે.
જેમ કે લૌકિકમાં સોનું ગમે, કથિર નહિ. ચાંદી ગમે,
કલાઈ નહિ. હીરો ગમે, પથ્થરો નહિ. મોતી ગમે, માટી નહિ.
ધન ગમે, ધૂળ નહિ તેમ લોકોત્તરમાં ધર્મ ગમે, પાપ નહિ.
સુદેવ ગમે, કુદેવ નહિ. સુગુરુ ગમે, કુગુરુ નહિ.
પ્રભુમૂર્તિ ગમે, સ્ત્રીચિત્ર નહિ.
આત્મા ગમે, પુદ્ગલ નહિ. સંવર ગમે, આસ્રવ નહિ.
નિર્જરા ગમે, કર્મબંધ નહિ. મોક્ષ ગમે, સંસાર નહિ.
હંસને મોતીનો ચારો ગમે, માટી નહિ. ભૂંડને વિષ્ટા ગમે,
મિષ્ટાન્ન નહિ, એ નિર્મળતા યા મલિનતાના પ્રતીક છે.

જ્ઞાનથી વસ્તુને જાણી શકાય, હૃદયથી પરખી શકાય.
જાણેલું જ્ઞાન એ બુદ્ધિજ્ઞાન છે, પરખેલું હાર્દિક છે.
એક વિષયપ્રતિભાસ છે, બીજું છે આત્મપરિણતિવાળું.
બુદ્ધિજ્ઞાનને intellectual કહેવાય, જ્યારે
પરિણતિવાળા જ્ઞાનને wisdom યા પ્રજ્ઞા કહેવાય.
પ્રજ્ઞાનું મૂળ સમાધિ છે અને સમાધિનું મૂળ શીલ છે.
વસ્તુનું જ્ઞાન મેળવવા માટે જેમ પ્રભુના ચારે નિક્ષેપા
સાધન છે, તેમ પ્રભુનું ધ્યાન કરવા માટે પણ તેમ છે.

'સ્વપર વ્યવસાયિ જ્ઞાનવાનાત્મા ।'

જ્ઞાનને સ્વવિષયત્વ અનુપચરિત છે.
પરવિષયત્વ પરાપેક્ષ અથવા પ્રતીયમાનતા રૂપ છે, તેથી
પરનિરૂપિત સંબંધતયા ઉપચરિત છે.

*ઉપચરિત સ્વભાવ બે પ્રકારે* છે:

એક કર્મજનિત - એક સ્વભાવજનિત.
ત્યાં પુદ્ગલના સંબંધથી જીવમાં મૂર્તત્વ અને
અચેતનત્વ કર્મજનિત ઉપચરિત છે,
કર્મ ઉપચરિત સ્વભાવ છે અને
સહજ ઉપચરિતત્વ સિદ્ધને પરજ્ઞત્વ,
તેમાં કોઈ કર્મોપાધિ છે નહિ.

સ્વવ્યવસાયિત્વ નિરુપચરિત છે,
પરવ્યવસાયિત્વ સહજ ઉપચરિત છે અને
મૂર્તત્વ, અચેતનત્વાદિ ધર્મો તેમજ ઉપચરિત છે.
દ્રવ્ય - ગુણ - પર્યાય રાસ, પૃ-૯૩૫, ઢાળ ૧૨, ગા-૨૦૩/૪

વીર્ય, દૈવ પ્રકૃતિ અને શ્રદ્ધા - તેમાં શ્રદ્ધા અને વીર્ય મુખ્ય છે તથા રાગ અને વૈરાગ્ય એ સહકારી છે.
ઇંદ્રિયો, મન, બુદ્ધિ - સૌની શક્તિ અત્યંત મર્યાદિત છે.
આંખોની દૃષ્ટિ એક વિસ્તારથી આગળ જતાં નિષ્ફળ બને.
કાન કે બાકી ઇંદ્રિયોની શક્તિના તળ પણ એવા જ છે.
આપણી બુદ્ધિની પણ હદ હોય છે. આપણા અજ્ઞાન અને અહંકારને લીધે આવા હદનો સ્વીકાર નહિ કરતો,
હદ હોવાને પણ અધૂરાંપણું કબૂલ કરતાં નહિ.
સત્યનું ઓઢણું ઓઢીને આપણે
પ્રશ્નોત્તર તથા વાદવિવાદમાં ફસી જઈએ છીએ.

સર્વભૂતેષુ યેનૈકં ભાવમવ્યયમીક્ષતે ।
અવિભક્તં વિભક્તેષુ તજ્જ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્ ।
અર્થાત્ : પ્રાણીમાત્રમાં જે એક ઈશ્વરને નીરખે છે,
પૃથક્ - પૃથક્માં જે અવિભક્તને જુએ છે,
તે સાત્ત્વિક બુદ્ધિવાળો છે. - ભગવદ્ ગીતા

ભાવશ્રુતજ્ઞાન રૂપ જિનપ્રવચનનું અનુભવન એટલે...

જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન,
ગુણ - ગુણીનો અભેદ, પરદ્રવ્યોથી ભિન્ન, પોતાના
ગુણ - પર્યાયોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ
ભાવોથી ભિન્ન સ્વસ્વરૂપનું અનુભવન. - સમયસાર
આ જ્ઞાનાનંદમય ચિદાકારસ્વરૂપ જ્યોતિ આપને સદા મળો.

આત્મા જ્ઞાનસ્વરૂપે એકરૂપ છે,
એનું પૂર્ણ રૂપ સાધ્યભાવ છે, અપૂર્ણ રૂપ સાધકભાવ છે,
ભાવભેદથી બે પ્રકારવાળા એકને જ સેવો.

આત્મારૂપી રાજાનું પ્રથમ જ્ઞાન,
પછી શ્રદ્ધાન અને પછી સેવન થાય છે, ત્યારે
તે સેવક પણ સેવ્યના સમાન પૂર્ણ બને છે.

એક અન્ય રત્નત્રય

શ્રદ્ધા તત્ત્વાર્થની ઉપર રાખવી, જ્ઞાન તત્ત્વાર્થનું ગ્રહવું
અને વર્તન તત્ત્વાનુસારી કરવું.
જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા ક્રોધાદિ કષાયોનો ધ્વંસ કરે છે,
જીવાદિ તત્ત્વોનો વૈરાગ્ય વિરતિને પોષે છે તથા
તત્ત્વાનુસારી જીવન પાપનો સંવર અને
પૂર્વકૃત કર્મોની નિર્જરા કરાવે છે.

જ્ઞાનજ્ઞાદિ પદાર્થો ઉપરની શ્રદ્ધા ક્રોધ - દ્વેષ આદિ વૃત્તિઓનો નિગ્રહ કરે છે, જ્ઞાનજ્ઞાદિ પદાર્થોનું જ્ઞાન લોભ - તૃષ્ણાદિ વૃત્તિઓનો નાશ કરે છે અને અત્યંત જ્ઞાનવર્ધક ચરણકરણાત્મક ક્રિયાકલાપના પાલનસ્વરૂપ ચારિત્રથી પાપ આદિ અશુભ પ્રકૃતિઓનો નાશ થાય છે.

## સદ્ગુરુ કોને કહેવાય ?

સત્યમાં જે ઈશ્વરના દર્શન કરે, તે સદ્ગુરુ. ઈશ્વર એમ વ્યાપક છે, તેમ સદ્ગુરુ પણ વ્યાપક છે. વ્યાપકને શોધવાની નહિ પણ ઓળખવાની જરૂર છે. ધ્યાન દ્વારા જ તે ઓળખાય. પ્રભુમૂર્તિના દર્શન વખતે પ્રભુના પિંડનું - નામનું - રૂપનું - ગુણનું ધ્યાન થાય છે, તે અનુક્રમે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાન છે.

પ્રભુના મુખકમળનું ધ્યાન કરતી વખતે 'પ્રભુની દેશના અનુક્રમે આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનનું સ્વરૂપ વર્ણવી રહેલ છે' એ વિચાર આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય ધર્મધ્યાનનું સ્વરૂપ બને છે. બૌદ્ધો તેને પશ્ચાનુપૂર્વીથી અનુક્રમે કાયાનુપશ્યના, વેદનાનુપશ્યના, ચિત્તાનુપશ્યના અને ધર્માનુપશ્યના તરીકે વર્ણવે છે.

કાયા તે સંસ્થાન, વેદના તે સુખ-દુઃખનો વિપાક,
ચિત્ત તે રાગ તથા દ્વેષનો સમૂહ છે અને
આત્મા તે ધર્મસ્વરૂપ છે.

આત્માનું ધ્યાન તે જ ધર્મધ્યાન છે.

નૈગમનય અંશમાં પૂર્ણતાની કલ્પના કરે છે અને
એવંભૂતનય અંશન્યૂનમાં અપૂર્ણતાની કલ્પના કરે છે.
સ્યાદ્વાદ માટે પરને નૈગમનયથી - સ્વને એવંભૂતનયથી
જોતાં શીખવું જોઈએ. ગુણના અંશગ્રહણમાં પૂર્ણતા અને
પોતાના અંશદોષમાં અપૂર્ણતા જોતાં શીખે,
તે આત્મા વિકાસના પંથે ઝડપી પ્રગતિ કરી શકે.

બાહ્યભાવો તે રેચક, આંતરભાવો તે પૂરક અને
સ્થિરભાવ તે કુંભક પ્રાણાયામ છે.

પ્રત્યાહાર વડે રેચક, ધારણા વડે પૂરક અને
ધ્યાન દ્વારા કુંભક કરવાથી સમાધિરૂપી ફળ મળે છે.
જ્ઞાનનું ફળ = તીવ્ર વૈરાગ્ય. ભક્તિનું ફળ = તીવ્ર પ્રેમ
પરમાત્માનું ધ્યાન કરતાં ધ્યાન કરનારો ધ્યેયમાં મળી
જાય, આ જ મુક્તિ છે અને આનું નામ જ અદ્વૈત છે.

o દરરોજ એક એવું કામ કરો કે જે નિઃસ્વાર્થ હોય.
નિઃસ્વાર્થ સેવા એજ ભગવાનની સાચી સેવા છે.

## મનની ક્ષેત્રવિશાળતા કેવળજ્ઞાન જેટલી!

કેવળી સમુદ્ઘાત સમયે જેમ શરીર લોકવ્યાપી બને છે, તેમ ધર્મોપદેશ સમયે પ્રભુની વાણી દ્વારા પણ સમગ્ર લોક પવિત્ર બને છે. મન વડે જ છદ્મસ્થને શ્રુતચક્ષુ દ્વારા લોકાલોકનું સ્વરૂપ અવગત થાય છે, તેથી મનની ક્ષેત્રવિશાળતા પણ કેવળજ્ઞાન જેટલી સમજવી જોઈએ.

અરિહંત મનને જલ્દી અરિહંત બનાવે છે.

એક ઈશ્વર સિવાય સર્વનો અંત કરવો, એ અરિહંત. પ્રભુ સૌ પાસે ધન નહિ, મન માગે છે. મન એ ધનમાં બંધાયેલું છે, માટે ધનને આપવાથી મન પણ અપાય છે. સર્વ પ્રાણીઓને ઈન્દ્રિયજન્ય સુખ સરખું જ હોય છે. પણ મહા રૂની તળાઈમાં સૂનારને જે સ્પર્શનેન્દ્રિયજન્ય સુખ છે, તે જ ગધેડાને ઉકરડામાં આળોટતાં મળે છે. ભૂંડને વિષ્ટા ખાવામાં જે સુખ મળે છે, તે જ સુખ માનવને શીખંડ ખાવામાં મળે છે, માટે ઈંદ્રિયોને ભોગને બદલે પ્રભુપૂજનમાં પુષ્પ તરીકે ઉપયોગ કરે, તે જ બુદ્ધિનું સર્વશ્રેષ્ઠ ફળ છે. ભોગનું સુખ ક્ષણિક છે, ત્યાગનું સુખ સદાનું અને અનંતગણું છે.

ભોગથી શાંતિ નહિ, ત્યાગથી તત્કાળ શાંતિ મળે છે.

'तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परं ।' श्रुतिः
તીવ્ર ભક્તિયોગ વડે પરમ પુરુષની ભક્તિ કરવી.
ભોગ એ ભક્તિ અને જ્ઞાન - ઉભયમાં બાધક છે
ત્યાગ વડે ભક્તિ અને જ્ઞાન - ઉભય સુલભ બને છે.
પ્રત્યેકને સમભાવથી અથવા બ્રહ્મભાવથી જુઓ.
બ્રહ્મજ્ઞાન થયાં પછી પણ બ્રહ્મદૃષ્ટિ અત્યંત દુર્લભ છે.
'मामेव प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।' श्रुतिः
જેઓ મને જ સ્વીકારે છે, તેઓ માયા તરી જાય છે.
માયાનો આદિ નથી પણ અંત છે.
બ્રહ્મદૃષ્ટિ સતત રાખો, તેનો માયા અકિંચિત્કર બને.
૦ જીવોને સહવા તે અહિંસા, સુખને સહવું તે સંયમ
અને દુઃખને સહવું તે તપ.
કુદરતી નિયમ પ્રમાણે સુખ આપોઆપ ચાલ્યું જાય છે
અને દુઃખ વગર ઈચ્છયું પણ આવે છે.
જેમ સુખને કાયમ રાખવાની રુચિનો કાંઈ અર્થ નથી,
એજ રીતે દુઃખથી ભયભીત થવાનું પણ નિરર્થક છે.
દુઃખનો પ્રાદુર્ભાવ વિકાસનું મૂળ છે.
સુખ અને દુઃખ દિવસ - રાત જેવા જ છે.
સુખનો સદુપયોગ ઉદારતામાં છે.

દુઃખનો સદુપયોગ ત્યાગમાં છે, સહિષ્ણુતામાં છે તથા
ઇચ્છાનિરોધ રૂપ તપમાં છે.

પરિસ્થિતિનું નિર્માણ મંગળકારી વિધાનથી જ થાય છે,
તેમાં જીવની સ્વાધીનતા નથી, પરન્તુ
પ્રાપ્તપરિસ્થિતિનો સદુપયોગ કરવા સંપૂર્ણ સ્વતંત્રતા છે.

મંગળકારી વિધાન સુખની ગુલામીનો
નાશ કરવાને માટે જ દુઃખ સર્જે છે.

સુખ બંધનનું કારણ છે, દુઃખ વિવેકીને મુક્તિહેતુ છે.

સુખ - દુઃખનાં દ્વન્દ્વથી પર રહેવામાં જીવનની જ્યોતિ છે.

સફળતાનાં બે કારણ
સામર્થ્યનો સદ્વ્યય અને અસમર્થતાની વેદના.

સુખમાં દુઃખદર્શન થતાં જ દુઃખની પ્રકૃતિ થઈ જાય છે.

સુખ જડતા લાવે છે, દુઃખ જડતાનો ઉચ્છેદ કરે છે.

દુઃખ એ સજા નથી, કિન્તુ એક અનુપમ ભેટ જ છે,
જે વડે મનુષ્ય સચેત, સાવધાન, જાગૃત બની શકે છે.

સુખનો સદુપયોગ સેવામાં છે.
સેવા સેવકને વ્યાપક બનાવે છે.

સુખનો ભોગ ભોગીને સંકુચિત બનાવે છે, એ દૃષ્ટિએ
સુખનો ભોગ અહિતકર અને સદુપયોગ હિતકર છે.

કામનાપૂર્તિ માટે જીવો પરાધીન છે,
કામનાની નિવૃત્તિ માટે જીવોને સ્વાધીનતા છે.
કામના નિવૃત્તિ પરાધીનતાનો નાશ કરી સ્વાધીનતાથી અભિન્ન કરે છે. સુખ - દુઃખ એક જ સિક્કાની બે બાજુઓ છે. તેને જુદાં સમજી એકની આશા કરવી અને બીજાને ન ઈચ્છવું - ભયભીત થવું, તે ભયંકર ભૂલ છે.
ભૂલને ભૂલ જાણતાં જ તેનો અંત આવે છે.

## આંશિક નિર્દોષતાનું અભિમાન

શેષ અંશમાં રહેલાં દોષોની વેદનાને રોકે છે.
જો આંશિક નિર્દોષતાથી સંતોષ ઉપજે છે,
તો બાકી અંશમાં રહેલાં દોષોની વેદના કેમ થતી નથી?
એ મૂળ ભૂલને નિવારવી જોઈએ.
પરાયા દોષોને જોવાની વૃત્તિ જ આંશિક દોષોની વેદનાને જગાવતી નથી, ઉલ્ટું આંશિક નિર્દોષતાનો ગર્વ વધારે છે.
પોતાના ગુણ અને પારકાના દોષ જોવા જેવો બીજો કોઈ મોટો દોષ નથી.
એ દોષનો તત્કાળ વર્તમાનકાળમાં જ ત્યાગ કરવો જોઈએ. તે પછી જ સ્વ વિષે વિચાર કરવામાં પ્રવૃત્ત થઈ શકાય. પારકા દોષોને જોઈ મનુષ્ય સ્વદોષો સર્જન કર્યા કરે છે.

## મંગળકારી વિધાનો

સુખ સેવા માટે આવ્યું છે, ભોગ ભોગવવા માટે નહિ.
વ્યક્તિગત દુઃખથી દુઃખીને પણ
દુઃખના પ્રભાવ વડે ત્યાગમતિ જાગે છે અને
સુખ-દુઃખથી પર સત્ય જીવનથી અભિન્ન થવાય છે
પ્રાણીમાત્રનાં દુઃખથી દુઃખી થનારને
જીવનમાં અનંત ઐશ્વર્ય અને માધુર્ય પ્રકટે છે.
ઐશ્વર્ય વડે તે જગતથી નિઃસ્પૃહ બને અને માધુર્ય વડે
સર્વને પોતામાં સમાવે છે. જીવનમાં જુદાઈપણાનો અંશ
ન રહેવાથી કામ-ક્રોધાદિ વિકારોની ઉત્પત્તિ થતી નથી.
સુખમાં સેવા વડે ત્યાગ તથા દુઃખમાં ત્યાગ વડે સેવા થાય.
સેવા ત્યાગમાં અને ત્યાગ સેવામાં વિલીન થાય છે, તે
વડે શાંતિ, સામર્થ્ય અને સ્વાધીનતાનો અનુભવ થાય છે.
દુઃખનો પૂર્ણ પ્રભાવ સાધકને ન તો શાંતરસમાં રમણ
કરવા દે છે કે ન તો સ્વાધીનતામાં આસક્ત થવા દે છે.
કિન્તુ પ્રેમતત્ત્વથી અભિન્ન કરી
અનંતરસના અધિકારી બનાવા દે છે. પોતાના વડે જ
પોતાનું અહિત કરતાં રહેવું અને બીજા જીવો દ્વારા
પોતાના હિતની આશા કર્યા કરવી, એ ઘોર પ્રમાદ છે.

સુખની લાલસા = અંધકાર. દુઃખનો આવકાર = પ્રકાશ.
ઇચ્છા કરવી એ પાપ - ઇચ્છાનિરોધ એ પુણ્ય છે.

'સર્વનું દુઃખ એ પોતાનું જ દુઃખ છે'
એ મહામંત્ર સિદ્ધ કર્યા સિવાય
બીજી કોઈ રીતે સુખના આગ્રહનો અંત આવતો નથી.
પ્રત્યેક સાધકે પોતાના શાસક બનવાનું છે.

સુખની ગુલામીમાંથી છોડાવવા માટે જ દુઃખ આવે છે.
દુઃખનો ભય દુઃખથી પણ ભયંકર છે, ભયથી પ્રાણશક્તિનો
ક્ષય થતાં શરીર અને મનના રોગો ઉત્પન્ન થાય છે.
દુઃખ ભલે અરુચિકર હોય, પરન્તુ હિતકર અવશ્ય છે.
રોગનિવારણ માટે કડવું ઔષધ અનિવાર્ય છે.
સુખ આપીને દુઃખ લેવું, એ મહાન પુરુષોનો સ્વભાવ છે.
પરપીડાથી પીડિત હૃદયમાં જ ત્યાગ - પ્રેમ જન્મે છે.
જેને સુખનો રાગ નથી, દુઃખનો દ્વેષ ટળે છે અને
રાગ-દ્વેષરહિત જીવનમાં જ અહિંસા અને સત્યાદિની
ઉત્પત્તિ થાય છે, જેથી વાસ્તવિક જીવનથી અભિન્ન
થઈ કૃતકૃત્ય થવાય છે. અસાવધતા - પ્રમાદ મૃત્યુ તરફ
અને અપ્રમાદ સૌને અમરત્વ તરફ લઈ જાય છે.
પ્રવૃત્તિને મર્યાદા હોય છે, જ્યારે ભાવ અમર્યાદ હોય છે.

સર્વ હિતકારી પ્રવૃત્તિ અગાધ સદ્ભાવનાઓને પ્રેરે છે,
જે સર્વ હિતકારી પ્રવૃત્તિઓને વેગવાન બનાવે છે.
સર્વ હિતકારી પ્રવૃત્તિ ગમે તેટલી અલ્પ હોય, પરન્તુ
તે કર્તાને વિભુતાથી અભિન્ન કરે છે. કર્તા એ પછી
કરવાના રાગથી રહિત થઈને સર્વવ્યાપી શક્તિવાળા
જીવનથી અભિન્ન બને છે. પ્રાપ્ત સામર્થ્યનો સદુપયોગ
આવશ્યક સદા સામર્થ્યને આપોઆપ આપે છે.
પ્રવૃત્તિ - નિવૃત્તિ એ ડાબા તથા જમણા પગ સમાન છે.

'દુઃખરહિત સુખ'નો અર્થ એવો છે કે:

સુખ - દુઃખથી પર એવા જીવનની સાથે અભિન્નતા.

દુઃખનો પ્રાદુર્ભાવ દુઃખીઓના દુઃખનો નાશ કરવા માટે
જ થાય છે. તેનાથી ભયભીત થવું, એ મૌલિક ભૂલ છે.

મમતાનો ત્યાગ જ સાચો ત્યાગ છે.

સુખમાં સેવા એ જેમ સુખની મમતાના ત્યાગ માટે છે,
તેમ દુઃખમાં કરાતો ત્યાગ પણ જો સુખની
મમતાના ત્યાગ અર્થે થાય, તો તે દુઃખનો સદુપયોગ છે.
સુખની મમતાનો ત્યાગ જ સાધના છે અને સુખ-
દુઃખાનુભૂતિનો તે અર્થે સદુપયોગ કરવો એ સાધના. કુદરતી
વિધાનની આધીનતામાં સ્વાધીનતા છે, પરાધીનતા નહિ.

સ્વાધીન થવાનો ઉપાય એ છે કે:
પોતાના સંકલ્પને વિશ્વના સંકલ્પમાં લય પમાડી દેવો.

ઉદારતા જગત માટે ઉપયોગી છે અને
અસંગતા પોતાને માટે ઉપયોગી છે.

ઉદારતાની પ્રકૃતિમાં અસંગતા ઓતપ્રોત છે અને
અસંગતાની સિદ્ધિમાં ઉદારતા ઓતપ્રોત છે.

ચાહરહિત પ્રત્યે સર્વને ચાહ થાય છે.

સહૃદયી પ્રથમ ઉદારતા અંગીકાર કરી અસંગ બને છે,
વિચારશીલ પ્રથમ અસંગ બની પછી ઉદાર બને છે.

ભાવશક્તિની સબળતાથી સહૃદયતા આવે છે અને
વિચારશક્તિની સબળતાથી નિષ્કામતા આવે છે.

માનવમાત્રને ભાવશક્તિ અને વિવેક-વિચારશક્તિ
અનંતની અહૈતુકી કૃપાથી સહજ મળ્યાં છે. અનંત સાથે
આત્મીયતા જાગે અને અગાધપ્રિયતા ઉત્પન્ન થાય,
ત્યારે જીવન અનંતને માટે ઉપયોગી બને છે.

અહંભાવરૂપી અણુમાં જગતનું જીવન છૂપાયેલું છે.

પરાધીનતામાં જીવનબુદ્ધિ અર્થાત્
વ્યક્તિ, પરિસ્થિતિ અને વસ્તુ દ્વારા સુખની આશા
એ જ જગતનું મૂળ જીવન છે.

પરાધીનતાદિ - રાગ-દ્વેષના વમળાઓથી જીવ ઘેરાય છે,
રાગાદિ જડતા અને દ્વેષાદિ વિસ્મૃતિ ઉત્પન્ન થાય છે,
તે જ અવનતિનું મૂળ છે.

'બ્રહ્મચર્ય' શબ્દમાં બ્રહ્મના ત્રણ અર્થ

બ્રહ્મ = આત્મામાં રમણ કરવું (ચારિત્ર).
બ્રહ્મ = બધા જીવોમાં બ્રહ્મભાવ રાખવો (દર્શન).
બ્રહ્મ = જ્ઞાનગુરુ કેળવવા સ્વાધ્યાય કરવો (જ્ઞાન).
'ગુરુકુલવાસો બ્રહ્મચર્યં ।'
બ્રહ્મ = સમષ્ટિમાં હળીમળીને રહેવું, સર્વત્ર ચૈતન્ય જોવું.
કીડી કે કુંજરમાં ભેદ બાહ્યથી છે, અંતરંગ ચૈતન્ય સમાન છે.
એકને ગણિત આવડે છે, તો બીજાને ભૂગોળ.
એક ઉપનિષદ્ ભણી છે, તો
કીડી રેતીમાં વિખરાયેલા સાકરને પણ શોધી કાઢે છે અને
હાથી પોતાની સૂંઢ વડે ખાવાની વસ્તુને મેળવી લે છે.

પ્રાર્થનાદિ ચિત્તશુદ્ધિ

બ્રહ્મ, ભક્તિ, પ્રાર્થના, ધ્યાન, સ્મરણાદિ ચિત્ત શુદ્ધ થાય,
ચિત્તમાં ઉત્સાહ અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે.
પ્રાર્થના કે સ્તુતિ કરવા પહેલાં મનની જે સ્થિતિ હોય,
તે પ્રાર્થના કર્યા પછી બદલાય છે, ઉચ્ચકક્ષામાં આવે છે.

પાણીની સહસ્ત્ર ધારા માથા ઉપર થાય અને
જે સ્ફૂર્તિ - સ્વચ્છતા - શીતળતાનો અનુભવ થાય,
તેવો અનુભવ પ્રાર્થના - સ્તુતિ કરતા થવો જોઈએ.
જળનો અર્થ જીવન અને જીવનનો અર્થ ચૈતન્ય.
મારામાં ચૈતન્ય છે, તેમ બધામાં પણ છે.
મોટી આગગાડી ધસમસતી આવે તો યે તેનામાં ચૈતન્ય
નથી, પરન્તુ તે ચૈતન્ય પાટા ઉપર ચાલતી કીડીમાં છે,
તેનો ઉપયોગ કરીને તે તુર્ત પાટા પરથી ઉતરી જાય છે.
સૌ મનુષ્યમાં ફોરતા છે અને સ્વાર્થોમાં ભેળતા છે.
બંનેમાં ચૈતન્ય એક જ છે. ચૈતન્યની દૃષ્ટિએ જોતાં
કોઈ અધિક કે કોઈ ઓછું નથી - બંને સરખાં છે.
'સર્વં ખલ્વિદં બ્રહ્મ નિર્મલં બ્રહ્મ |'
દેહના જવા છતાં આત્માનું ચૈતન્યતત્ત્વ નષ્ટ થતું નથી.
નિયમ એ છે કે દેહનો ભાર ઓછો થતાં
છૂટી જતી ચૈતન્યશક્તિ અનેકગણા
આનંદવાળી બની કાર્ય કરવા તત્પર બને છે.
સંતની કાયા વિલીન થતાં અનંતને આંબતી એવી
ચૈતન્યશક્તિ કાયમ રહીને પોતાનું સ્વભાવસિદ્ધ કાર્ય
કરતી જ રહે છે. શરીરનો નાશ એ જીવનનો નાશ નથી.

જન્મની જેમ મરણ પણ

જીવાત્માના અનંત જીવનનો જ એક ભાગ છે.

'ખુદ કે લિયે જાતે હૈ લાખો ઇન્સાન,
ખુદા કે લિયે જાતે હૈ કોઈ કોઈ ઇન્સાન.' ...(૨)

સતત પ્રભુસ્મરણ કરો, ગરીબો ઉપર દયા રાખો,
ખોટું બોલો નહિ તથા અત્યંત સચ્ચાઈથી વર્તો.
તમારા વર્તનથી કોઈને પણ દુઃખ ન થવું જોઈએ.
સેવાનો અર્થ છે બીજાને સહાયક - ઉપયોગી થવું તે.
સેવા વ્યક્તિની, સમષ્ટિની, પ્રાણીમાત્રની ય હોય છે.
મા - બાપ, ગુરુ - ગરીબ - ભિખારી - ઉપકારી - અપકારી
- માનવ - સમાજ - માનવજાત - પ્રાણીમાત્રની સેવા.
સેવા આત્માને આત્માની નજીક લાવનાર લોહચુંબક છે.
સેવાની પાછળ નિષ્કામ પ્રવૃત્તિ - ત્યાગભાવના જોઈએ,
સેવા પ્રભુપ્રીત્યર્થ હોવી જોઈએ. સંતના ઉપદેશને
જીવનમાં ઉતારવો એજ સંતને સાચી શ્રદ્ધાંજલિ.

રામના કામ રામ જ પૂરાં કરે છે.

કાષ્ઠમૌન તપ તેઓ જ કરી શકે કે જેના અણુ એ
અણુમાં વિશ્વના સર્જકના દર્શન થતાં હોય, મન ઉપર
પૂરો કાબૂ હોય તથા મોહ, માયા, મમતાથી જે પર હોય.

મંગળવાર, ૯-૫-૯૦, સાવંતી પાર્લામાંથી

શુભ ભાવના પણ એક પ્રકારનો તપ છે.
'શરીર રોગી બને, મારી પાંચે ઇંદ્રિયોનું સામર્થ્ય ઘટે,
પ્રિય પદાર્થનો વિયોગ થાય,
અનિષ્ટ પ્રાણી-પદાર્થનો સંયોગ થાય અને મૃત્યુનું
આવાગમન થાય, ત્યારે તે મારા અશુભ કર્મના ક્ષય માટે
અને ચઢતી સ્થિતિ થવાના સાધનરૂપ છે'
એવી ભાવના પણ એક પ્રકારનું અભ્યંતર તપ છે.
એમ નહિ કે જીવનમાર્ગ રૂંધવા મુશ્કેલીઓ આવે છે
પણ મહાન જીવનને ઘડી શકે, એ માટે આવે છે.
વેદનીય કર્મના ઉદય મુજબ રોગાદિ આવે પણ એ
આત્માની સ્વભાવ દશા નહિ, તો પછી જે જ્ઞાનાદિ
ગુણો આત્માના છે, તેમાં જ રમણતા કેમ ન કરવી?
'અનાદિકાલીન મોહનીય કર્મના સંસ્કારોની ગુલામીમાંથી
આત્મા જેમજેમ છૂટતો જાય, તેમ તેમ
આંશિક મોક્ષ પામતો જાય છે' એમ માનીને વર્તવાથી
એક સમયે મોક્ષનો સંપૂર્ણ લાભ થાય છે.
ભવભ્રમણમાંથી છૂટવા માટે શુભ ભાવ દ્વારા
આત્માના શુદ્ધ સ્વભાવમાં પ્રવેશ કરી શકાય છે.

ભવદશા એટલે જનભાવ, શુભભાવ એટલે જૈનભાવ
અને સ્વભાવ એટલે જિનભાવ.

આમ જન, જૈન અને જિન અવસ્થા સમજવી જોઈએ.
જનદશા દ્વારા જૈન બની જિનપદ મેળવી શકાય છે.

કુદરતના કાનુનોથી સભાન કે અભાન દૂર રહેવું,
અતિ આસક્તિ, અતિ અન્ધાર અને અતિ અધર્મ.

જીવન = ઉત્તમ આશ્ચર્ય. તેનો મહિમા કરવો જોઈએ.
મોટા જીવોની જેમ ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવોની અંદર પણ
રહેલ ચૈતન્યનો આદર કરવો જોઈએ.

ધર્મનાં ૪ દ્વાર : ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષ.

મંગલ એટલે...

જેમાં વિઘ્નાદિ દૂર કરવાનું સામર્થ્ય હોય તે.
મંગલને જો મંગલબુદ્ધિએ જ ગ્રહણ કરવામાં આવે,
તો તે અવશ્ય મંગલરૂપ બને છે.

૪ મંગલ વસ્તુ : અરિહંત - સિદ્ધ - સાધુ - ધર્મ, કેમકે
તે લોકમાં ઉત્તમ છે. ઉત્તમ કેમ ? તો શરણભૂત છે.

એમ ચારેને ભવભયમાં શરણ, કર્મરોગમાં ચિકિત્સા
અને મોહવિષને ઉતારવા માટે જેને મંત્ર સમ લાગે,
તો તે તેને મંગલરૂપ બને છે.

મંગળને મંગળરૂપ માનવામાં વિનય છે,
ન માનવામાં અવિનય છે, ઉદ્ધતાઈ છે, મૂઢતા છે,
મિથ્યાભિમાનિતા છે, અપાત્રતા છે, નીચતા છે, અધમતા છે.
તેને તે રૂપે જાણવા છતાં તેને
તે રૂપે ન સ્વીકારવામાં અધમાધમતા છે.
તે બધા રોગોનો પ્રતિકાર વિનયમાં જ છે અને
મંગળને મંગળબુદ્ધિએ સહિત
ઉપાદેયબુદ્ધિએ ગ્રહણ કરવામાં જ વિનય છે.

## એક અદ્ભુત મંત્ર

'સચ્ચિદાનંદસ્વરૂપોઽહં સોઽહં ૐ અર્હં ।'
'તે હું છું = સચ્ચિદાનંદસ્વરૂપ ઉપયોગાકારે
પરિણમેલો આત્મા તે હું છું,
ઉપયોગાકારથી અભિન્ન આત્મા તે હું છું અને
મારો ઉપયોગ સચ્ચિદાનંદસ્વરૂપ - અર્હંરૂપ પ્રથમ
પરમેષ્ઠિ અને ૐરૂપ પંચ પરમેષ્ઠિ સ્વરૂપ બન્યો છે,
તે બન્ને પરમ મંગળરૂપ છે,
એવા બુદ્ધિરૂપે પરિણમેલો ઉપયોગ,
તેનાથી અભિન્ન હોઈ હું પોતે પરમેષ્ઠિરૂપ છું'
એવું ધ્યાન કરવા માટેનો આ મહામંત્ર છે.

જગતની બધી વસ્તુઓનું જ્ઞાન મુમુક્ષુ શાને મેળવે?

આત્મા અને જગત વચ્ચેનો સંબંધ સમજવા માટે જ અને તે બધા સમયે કેન્દ્રમાં આત્મતત્ત્વ-ચૈતન્ય જ રહે. તેની સર્વ જ્ઞાનપ્રવૃત્તિમાત્રનો સાર આત્મા, પરમાત્મા, જગત અને તેનો પરસ્પરનો સંબંધ જ હોય. અને સુધારવા યોગ્ય, અધ્યાત્મ અને આગમ અનિવાર્ય છે.

અચિંત = ઇચ્છા કર્યા વિના.

ઇચ્છા એ જ શક્તિ છે. Will is power.

'વિશ્વ ઉપર પ્રભુત્વ પ્રભુઇચ્છાનું છે.' તેનો અર્થ કે:

વિશ્વ ઉપર પ્રભુત્વ પ્રભુના જ્ઞાનનું,
પ્રભુની ઇચ્છાનું, પ્રભુની ક્રિયાશક્તિનું છે.

જ્ઞાન, ઇચ્છા અને શક્તિ -

ત્રણે એક જ સ્થાને અને પૂર્ણપણે રહેલાં હોય, તો તે પ્રભુમાં - પૂર્ણપુરુષમાં તથા Divine energyમાં છે.

વિશ્વમાં પ્રભુની ઇચ્છાનું,
પ્રભુની આજ્ઞાનું સામ્રાજ્ય સર્વત્ર ફેલાયેલું છે.

'જૈનશાસન જયવંત છે' તેનો અર્થ

જિનેશ્વરની આજ્ઞાની આરાધના કરનાર ઊર્ધ્વગતિને પામે છે તથા વિરાધના કરનાર અધોગતિને પામે છે.

## આજ્ઞા એટલે જ ઇચ્છા.

પ્રભુની ઇચ્છા સર્વ જીવોને સંયમરસિક બનાવીને
મુક્તિપુરીમાં પહોંચાડવાની છે.
એ ત્રિકાળાબાધિત નિયમ છે કે:
એ ઇચ્છાની વિરુદ્ધ જે કોઈ વર્તે, તેને સજા અને
એ ઇચ્છાને અનુકૂળ વર્તે, તેને મજા.

આપણી ઇચ્છા પ્રભુની ઇચ્છામાં ભળે, તો આપણે સુરક્ષિત છીએ. પ્રભુની ઇચ્છાની વિરુદ્ધ કોઈની પણ ઇચ્છા હોય, તો તેને પ્રકૃતિ ચલાવી લેતી નથી, તેથી નિરંતર પ્રભુઆજ્ઞાને - પ્રભુઇચ્છાને અનુકૂળ મન - વચન - કાયાથી વર્તવું, તે જ સહીસલામત - સુરક્ષિત છે.

પ્રભુ સર્વને સુખી કરવા ઇચ્છે છે,
આપણે કેવળ આપણા સુખને ઇચ્છીએ છીએ.
પ્રભુ સર્વના દુઃખને દૂર કરવા માંગે છે,
આપણે કેવળ આપણા દુઃખની જ ચિંતા કરીએ છીએ,

ત્યાં સુધી આપણી ઇચ્છા કે જે પ્રભુની ઇચ્છાથી વિરુદ્ધ છે - પ્રતિકૂળ છે, તેનો વ્યાઘાત થવાનો જ અને ઇચ્છાના વ્યાઘાતજન્ય શારીરિક-માનસિક પીડાના ભોગ બનવાનો જ. તેથી પ્રથમ કર્તવ્ય ઇચ્છાને બદલવાનું છે.

## પ્રભુશાસનની આરાધના એટલે...

પ્રભુની ઈચ્છામાં પોતાની ઈચ્છા મેળવી દેવી અથવા
પોતાની ઈચ્છા પ્રભુઈચ્છાને અનુકૂળ બનાવતાં શીખવું.
એ આરાધક કોઈપણ દેશ-કાળમાં તેટલો જ સુરક્ષિત છે.

પ્રભુની ઈચ્છા જ બીજા શબ્દોમાં
પ્રભુની આજ્ઞા, જિનનું વચન, શાસ્ત્રનું અનુસરણ છે.
પોતાની ઈચ્છા પ્રભુની ઈચ્છાને અનુરૂપ બનાવવી,
એ જ સુખી થવાનો માર્ગ અને એ માટે
પ્રબળ પુરુષાર્થ કરવો, એ જ જિનધર્મની આરાધના છે.

ધર્મ એટલે વસ્તુસ્વભાવ.
જ્યાં જ્યાં ચૈતન્ય છે, ત્યાં ત્યાં આત્મીયતા જગાડવી,
મોહ-મમતાથી મુક્ત થવું, એ આત્મવસ્તુનો સ્વભાવ છે.
પોતાની પ્રત્યેક કૃતિમાં જેઓ પ્રભુની આજ્ઞાને-
ઈચ્છાને આરાધવાનો પ્રયત્ન કરશે, તે જ ભવસાગરના
પારને પામશે. એ સિવાય બીજો કોઈ માર્ગ છે જ નહિ.
અજાણપણે યા જાણપણે થતું પ્રભુઆજ્ઞાનું આરાધન
એ જ જીવોને ઊર્ધ્વગતિમાં લઈ જાય છે.

o જો દુર્જનો દુર્જનતા છોડશે નહિ,
તો સજ્જનોને સજ્જનતા છોડવાની તક ક્યાંથી મળે?

આ સંસાર ત્રિગુણ = સત્ત્વ, રજસ્, તમસ્‌ની રચના છે
અને તે અનાદિકાળથી હતી અને અનંતકાળ રહેશે.
સમગ્ર વિશ્વ ૩ ગુણ અને ૪ કષાયને આધીન થઈને
૪ ગતિ / ૮૪ લાખ યોનીમાં પરિભ્રમણ કરી રહેલ છે.

જૈન સિદ્ધાંત મુજબ આ સંસાર
૪ ચોકડી = ક્રોધ - માન - માયા - લોભની રચના છે,
તે પણ અનાદિકાળથી છે અને અનંતકાળ ચાલવાની છે.
જે પ્રભુને શરણે જશે, તે જ તેમાંથી મુક્ત થઈ શકશે.

પ્રભુનું શરણ એટલે...

ચૈતન્ય પરમાત્માસ્વરૂપ વિશ્વની એકતાનું લક્ષણ.
સર્વત્ર એક ચૈતન્ય જ વિલસી રહ્યું છે, તેને જોવું -
તેમાં લીન બનવું. જડચેતનાત્મક જગતમાં નજર કરી,
ત્યાં સર્વત્ર એની જ ઝાંખી થશે. સુંદર પદાર્થોનું સૌંદર્ય,
લલિત પદાર્થોનું લાલિત્ય, ભવ્ય પદાર્થોની અતિભવ્યતા,
રૌદ્ર પદાર્થોની રૌદ્રતા અને
ભયાનક પદાર્થોની ભયાનકતા પણ એનો જ વિલાસ છે.
આમ જગતના પદાર્થમાત્ર સ્મરણ કરાવે છે...
ચૈતન્યના અધિષ્ઠાનરૂપ પરમતત્ત્વનું, જે
સ્મરણ નિર્બળને બળ આપે છે, પતિતને પાવન કરે છે.

ચૈતન્યના સચ્ચિદાનંદરૂપ પરમાત્મતત્ત્વનું સ્મરણ
ક્લેશ અને કષાયથી છિન્ન અને હતાશ બની ગયેલાં
હૃદયને ચૈતન્યવંત અને સ્ફૂર્તિવાળાં બનાવે છે.

## પરમાત્માની અસીમ કરુણા

જગતમાં દુશ્મનાવટ, જુદાઈ, વિયોગ અને મૃત્યુ છે, તો
નિઃસ્વાર્થ અને નિર્મળ મૈત્રી પણ છે. આમ જગત
અને જીવનની ઘટનાઓ આપણને સ્મરણ કરાવતી
રહે છે માત્ર પરમાત્મા તથા એમની અસીમ કરુણાનું.
જો દુશ્મનાવટ, જુદાઈ, વિયોગ અને મૃત્યુ પણ
પોતપોતાની રીતે પરમાત્માની કૃપાનો જ અનુભવ
કરાવે છે, તો નિઃસ્વાર્થ અને નિર્મળ મૈત્રી તો છે જ
પરમાત્માનો વિરલ કૃપાસ્પર્શ જ સાક્ષાત્!
જીવનમાં કોઈપણ ભોગે ટકાવવા જેવું
જો કંઈપણ હોય, તો તે આ સ્મરણ છે. એ સ્મરણ
જો તાજું અને સબળ હશે, તો સંસારના ઇષ્ટાનિષ્ટ,
સુખ - દુઃખ, સંયોગ - વિયોગ, હર્ષ - શોક,
સ્મૃતિ - વિસ્મૃતિ અને સ્વજનો - સર્વ પ્રત્યે આપણે
ઉદાસીન - વીતરાગ બની શકીશું - બની જઈશું, આથી
વધારે ધન્ય સ્થિતિ જીવનની બીજી શી હોઈ શકે?

જીવો ગુણાદિ પર અને ચાર કષાયથી મુક્ત
જેઓ થયાં છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં થવાના છે,
તે સર્વની યાદી અને તેઓ જે ઉપાયોથી મુક્ત થયાં છે,
તે સર્વ ઉપાયોનું જીવનમાં આચરણ -
એજ આ માનવજીવનની સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે.
દાન, દયા, મૈત્રી, મુદિતા તે આચરણના ઉપાય છે અને
નામસ્મરણ, રૂપદર્શન અને સ્વરૂપરમણ -
એ ઉપાયના પણ ઉપાય છે - સાધનનાં પણ સાધન છે.
જેઓ ચાર કષાયથી મુક્ત થવા માટે કષાયથી રહિતનું
સ્મરણ કરે છે, તેઓ ચાર ગતિના આ ચક્રાવાથી
સદાયને માટે મુક્ત થઈને પરમપદે પહોંચવાના છે.
ચાર કષાયના પ્રતિપક્ષી ચાર ભાવ -
તે મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ્ય.
આ જગતમાં અદ્ભુત વસ્તુ શું? ધર્મ.
ધર્મ = અહિંસા. ધર્મ = ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ.
ધર્મ એટલે ચાર પ્રકારનો તપ.
અહિંસાનું મૂળ સ્નેહ, ક્ષમાનું મૂળ મૈત્રી, તપનું મૂળ ધ્યાન.
ભવનિર્વેદ ભગવદ્‌ના બહુમાનસ્વરૂપ છે, તેથી
ધર્મપ્રાપ્તિના અન્ય હેતુઓ જેવાં કે:

સ્વયોગ્યતા, ગુરુસંયોગ, ધર્મસામગ્રી તથા વીર્યોલ્લાસ
આદિમાં ભગવદનુગ્રહ મુખ્ય કારણ છે.
સમ્યગ્ ઉપદેશ પામવાની યોગ્યતા તેથી જ પ્રગટે છે.
તે અનુગ્રહ ભગવદ્ બહુમાનરૂપ છે અને
ભગવદ્ બહુમાન ભવનિર્વેદરૂપ છે.

## કઈ કઈ વસ્તુઓ અનાદિસિદ્ધ છે ?

ભવ અને મોક્ષ અનાદિસિદ્ધ છે અને ભવનો રાગ
તથા મુક્તિનો દ્વેષ પણ અનાદિસિદ્ધ છે.
તેમાંથી છૂટીને ભવનિર્વેદ અને મુક્તિનો અનુરાગ
જીવમાં ગુરુસંયોગ અને સ્વયોગ્યતાથી પ્રગટે છે,
તે બધા કારણોમાં ભગવદનુગ્રહ મુખ્ય છે. જે રીતે
દુઃખી પ્રત્યે કરુણાપ્રધાન કારણ દુઃખનું અસ્તિત્વ છે,
તેમ ગુણ પ્રત્યે મુખ્ય કારણ ગુણપુરુષોનું અસ્તિત્વ છે.
સર્વોત્કૃષ્ટ ગુણપુરુષોની સત્તા મોક્ષમાં છે, તેથી
ધર્મની પ્રથમ ઉત્પત્તિમાં મોક્ષમાં ગયેલાં સિદ્ધ ભગવંતો છે,
મૈત્રીની ઉત્પત્તિમાં મુખ્ય કારણ જીવોનું જીવત્વ છે
અને વૈરાગ્યની ઉત્પત્તિમાં મુખ્ય વિષયોમાં રહેલી
ચૈતન્યવિહીનતા છે, એમ સૂક્ષ્મેક્ષિકાથી સમજી શકાય છે.
ભગવદ્ વચનનો આદર એ પણ ભગવદ્ બહુમાન છે.

ઉપયોગ વડે દર્શન અને યોગ વડે સ્પર્શન થાય છે.
દર્શન બોધિસ્વરૂપ છે, સ્પર્શન સમાધિસ્વરૂપ છે.
ઉપયોગ એટલે બોધવ્યાપાર, અપ્રમાદ, યતના, લક્ષ્ય,
જાગૃતિ, સાવધાનતા, તન્મયતા, ઇત્યાદિ અનેકાર્થક છે.

(१) 'उपयोगो लक्षणं ।' (२) 'उपयोगो धर्मः ।'
'उपयुज्यते वस्तु परिच्छेदं प्रति व्यापार्यते
जीवोऽनेनेत्युपयोगः ।' (३) 'योगः ज्ञानदर्शनयोः
प्रवर्त्तनं विषयावधानाभिमुखता सामीप्यवर्त्ती
योगः उपयोगः नित्यसम्बन्ध इत्यर्थः ।
(४) 'उवओगो भावो ।' - श्री अनुयोगद्वार सूत्र
(५) 'उपयोजनं उपयोगः
विवक्षितकर्मणि मनसोऽभिनिवेशः ।'
(६) भावेन्द्रियस्य द्वितीयो भेदः उपयोगः ।
(७) उपयोगः आन्तरः श्रुतपरिणामः ।
(८) चेतनाविशेषः उपयोगः ।
જડતાનો નાશ કરનારી ચૈતન્યશક્તિનો વિસ્ફાર.
(९) सावधानता उपयोगः । श्रोतुस्तदभिमुखता ।
(१०) स्वाध्यायाद्युपयुक्तता । - उत्तराध्ययन
(११) वत्थुणिमित्तो भावो उपयोगः ।

(પરિશિષ્ટ-૧૮)

જગતત્ત્વનું વિજ્ઞાન તે જૈનદર્શન.

માનવનો ભૌતિક વિકાસ જેમજેમ વધતો જાય છે,
તેમતેમ આધ્યાત્મિક વિકાસ ઘટતો જાય છે.

न चेत् चित्ते भावस्तुषवपनवत् सर्वमफलम् ।
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः । અર્થાત્:
જો ચિત્તમાં ભાવ ન હોય, તો ફોતરાં વાવવાની જેમ
બધું નિષ્ફળ છે, કારણકે ભાવશૂન્ય ક્રિયા ફળતી નથી.

લક્ષણ એટલે...

અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ, અસંભવ દોષરહિત હોય તે.

लक्ष्यते अनेनेति लक्षणम् ।

व्यतिकीर्ण - वस्तुव्यावृत्ति - हेतुर्लक्षणम् । અર્થાત્:
સંગ્રહરૂપે રહેલા જુદીજુદી વસ્તુઓમાંથી એકને જુદી
પાડવા માટે જે હેતુ અથવા કારણ બને, તે લક્ષણ.

પ્રથમ ગણધરનો સંદેહ જીવવિષયક હતો,
જેનું નિવારણ ઉપયોગ અને ઉત્પાદાદિ ત્રિપદીના
નિરૂપણ વડે પ્રભુએ કર્યું હતું, સંશય દૂર કર્યો હતો.

'विज्ञानघन एव एतेभ्यो भूतेभ्यः समुत्थाय
तदनुविनश्यति, न प्रेत्य संज्ञाऽस्ति ।'

'વિજ્ઞાનઘન' એટલે ઉપયોગ લક્ષણ આત્મા.

ભૂતના નિમિત્તે ઉત્પન્ન થઈને
તે વિનાશ પામે છે, પછી તે સંશય રહેતા નથી.
ત્રિપદી વિશ્વનું સંચાલકબળ છે, ઉપયોગ તેનો આધાર છે.
'જયં ચરે જયં ચિટ્ઠે' એ અષ્ટપ્રવચનમાતાનો સાર છે.
'વાદ' એટલે વદવું, બોલવું, પક્ષ પાડવો.
'યોગ' એટલે જોડવું, સાથે મળવું, સમરસ થવું.
વાદી નહિ પણ યોગી બનવા પ્રયાસ કરો.
જ્ઞાની પાપી = હાથમાં દીવો હોવા છતાં ખાડામાં પડવું.
ઢોલ જેટલો મોટો હોય, તેટલી પોલ અંદર અધિક હોય.
અજ્ઞાની આંખના અભાવે આંધળો છે,
જ્ઞાની અને પાપી, તે છતી આંખે આંધળો છે.
જ્ઞાન એ બેધારી તલવાર છે,
સદુપયોગ કરો તો રક્ષણ - દુરુપયોગ કરો તો માથું કાપે.
સાચા જ્ઞાની જ્ઞાનનો ઉપયોગ
ત્રિવિધ તાપથી મુક્ત થવા માટે કરે છે.
પ્રેમ કરો અને હૃદયરોગનો હુમલો અટકાવો.
આખા વિશ્વને પ્રેમ કરતાં રહીને તંદુરસ્ત રહી શકાય છે.

Love is the only remedy to be free
from the fear of heart disease.

'વત્થુ સહાવો ધમ્મો ।' આત્મવસ્તુનો સ્વભાવ એ જ્ઞાન
અને દર્શનનો ઉપયોગ છે, તેથી ઉપયોગ એ ધર્મ છે.
'અસ્તિ' શબ્દનું ગુજરાતી રૂપાંતર 'હસ્તિ' કર્યું છે.
કાર્યસિદ્ધિમાં કારણભૂત હોય, તેને 'નિમિત્ત' કહેવાય.
ઉપયોગ એક સમયમાં અનેક હોય છે.
ઉપયોગ એ પ્રકાશરૂપ છે, ચેતના એ ગતિરૂપ છે.
ઉપયોગ હોવા છતાં વિવેક ન હોય, તે મિથ્યાદૃષ્ટિની
ક્રિયા છે અને વિવેક હોવા છતાં ઉપયોગ ન હોય,
તે અન્યચિત્ત સમ્યગ્દૃષ્ટિની ક્રિયા છે.
ઉપયોગશૂન્ય ક્રિયા તે દ્રવ્યક્રિયા છે.
નિદ્રાવસ્થામાં મુનિની ક્રિયા મંદ ઉપયોગવાળી હોય છે,
તેથી તે દ્રવ્યક્રિયા નહિ પણ ભાવક્રિયા છે.
'ચૈતન્ય' શબ્દ જ્ઞાન, સુખ, વીર્ય બધાને લાગુ પડે છે,
'ઉપયોગ' શબ્દ માત્ર જ્ઞાનને જ લાગુ પડે છે.
મિથ્યાજ્ઞાન અથવા સમ્યગ્જ્ઞાનનો આધાર
વિષય નહિ પણ જ્ઞાતાનો ઉપયોગ છે.
સમ્યગ્દર્શન સહિત હોય, તો તે ઉપયોગ સમ્યગ્જ્ઞાન.
મિથ્યાદર્શન સહિત હોય, તો તે ઉપયોગ મિથ્યાજ્ઞાન.
શુદ્ધોપયોગ સામ્યભાવરૂપ છે.

'એક આત્માને જે જાણી...'

'એક સધે સબ સધે, સબ સધે સબ જાય.'

ધ્યાન ઉપયોગરૂપ બને, ત્યારે ચિત્તમાંથી ચૈતન્ય પ્રગટે. જ્ઞાનદર્શન એટલે ઉપયોગ. ઉપયોગ એટલે આત્મા.

પ્રથમના ત્રણ ગુણસ્થાનકે અશુદ્ધ ઉપયોગ,
છેલ્લાં બે ગુણસ્થાનકે શુદ્ધ ઉપયોગ અને
મધ્યનાં નવ ગુણસ્થાનકે શુદ્ધાશુદ્ધ ઉપયોગ હોય છે.

ત્રસ જીવની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી 2000 સાગરોપમ છે. તે સિવાયનો કાળ એકેન્દ્રિયમાં અને નિગોદમાં પસાર કરવાનો હોય છે. ત્રસપણાંનો કાળ થોડો હોય છે અને તેમાં પણ મનુષ્યપણાંનો કાળ તો ઘણો થોડો હોય છે. તેમાં ય ઉપયોગ લક્ષણ સમજીને સમ્યગ્દર્શન પામવાના મનુષ્યપણાંનો કાળ તો અતિશય અલ્પ હોય છે.

સૌથી અલ્પકાળ મનુષ્યપણાંનો,

તેથી અસંખ્ય ગણો નારકીનો, તેથી અસંખ્ય ગણો દેવનો, તેથી અસંખ્ય ગણો તિર્યંચનો અને તેથી અનંતગણો નિગોદનો કાળ હોય છે. નરકપ્રાયોગ્ય અશુભ ભાવો કરતાં દેવપ્રાયોગ્ય શુભ ભાવો જીવે અસંખ્યાત ગણાં કર્યાં છે અને અનંતવાર નવમા ગ્રૈવેયક પર્યંત જઈ આવ્યો છે.

'લોઢું ગરમ છે, ત્યાં સુધી તેને ઘડી લો - ટીપી લો.'
એ કહેવત અનુસાર મનુષ્ય ભવ છે.

મિથ્યાત્વથી કર્મ પોતાની ઉદયકાળમાં અન્ય નિમિત્ત બનાવે છે, તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ કોઈપણ વ્યક્તિ ઉપર રાગ-દ્વેષનો ભાવ કરવાનું ઇષ્ટ માનતો નથી. ઉપયોગ લક્ષણ જડ - ચેતનનો ભેદ અને ઉપગ્રહ લક્ષણ ચૈતન્યસામાન્યથી સર્વ જીવનો અભેદ બતાવે છે. જીવને જીવ વચ્ચેનો અભેદ અને એકતાનું દર્શન એ પરસ્પરના સંબંધમાં નમ્રતા, સરળતા, કરુણા, દયા, સ્નેહ, સમર્પણ, વાત્સલ્યાદિને વિકસાવે છે. ઉપયોગ લક્ષણ જડ સાથે જડને ઉચિત અને ઉપગ્રહ લક્ષણ ચેતન સાથે ચેતનને ઉચિત વ્યવહાર શીખવે છે. ઉપયોગ લક્ષણથી 'સ્વરૂપાસ્તિત્વ એક છે' એમ અને ઉપગ્રહ લક્ષણથી 'સાદૃશ્યાસ્તિત્વ એક છે' એમ સમજાય છે. સમતાભાવનું કારણ આ અભેદ દૃષ્ટિ છે, તેથી દર્શન સમ્યગ્ બને છે. કોઈપણ જીવ આ સમત્વભાવનાં વિષયમાં બાકાત રહી જાય, તો સમ્યગ્દર્શન પામી ન શકે. જીવોની ઓળખાણ કરવા માટે ઉપગ્રહ અને ઓળખાણ થયાં પછી પરસ્પરના સંબંધો સુધારવા ઉપગ્રહ લક્ષણ છે.

જે બાહ્ય સંબંધોને યોગ્ય રીતે જોડી શકે,
તે જ આંતરતત્ત્વને પામી શકે.

બાહ્ય સંબંધોને યોગ્ય રીતે જાળવવા = વ્યવહારનય શુદ્ધિ.
તેને જ 'તીર્થ' શબ્દથી સંબોધેલ છે.

તે વડે જ આંતરતત્ત્વને પામી શકાય. તત્ત્વપ્રાપ્તિ માટે તીર્થની આરાધના એકમાત્ર ઉપાય છે. જીવનમાં પ્રેમ, સ્નેહ, સદ્ભાવ અને સમર્પણ જેવા ઉદાત્ત ભાવો ઉપગ્રહનો સિદ્ધાંત સ્વીકારવાથી જ વિકસાવી શકાય છે.
શુભ ભાવોની પ્રાપ્તિનું એ કારણ છે.

પતિ - પત્ની, પિતા - પુત્ર, શેઠ - નોકર, ગુરુ - શિષ્યના
સંબંધો પરસ્પર ઉપગ્રહકારક છે.

જીવોનો પરસ્પર વ્યવહાર આપસમાં સ્નેહ-પ્રેમ-વિનય -વિવેકપૂર્ણ હોય, તો જ માનસિક સમત્વ ટકી શકે, અન્યથા વૈર - વિરોધ, ક્લેશ - કંકાસમય જીવન બને છે. હિતના પ્રતિપાદન અને અહિતના નિષેધ દ્વારા જીવો અન્યોન્ય ઉપકારમાં નિમિત્ત બને છે. જીવિત - મરણ, સુખ - દુઃખમાં પણ પરસ્પર ઉપગ્રહકારક થવાય છે. જેમ પરસ્પર અનુગ્રહમાં જીવો નિમિત્ત બને છે, તેમ પરસ્પર નિગ્રહમાં ય જીવો પરસ્પર નિમિત્ત બને છે.

'અનુગ્રહ' એટલે હિતમાં નિમિત્ત બનવું અને 'નિગ્રહ' એટલે અહિતમાં નિમિત્ત બનવું. શુભાશુભ ભાવો અને શુભાશુભ વ્યવહારો દ્વારા નિમિત્ત બનાય. પરસ્પરનો સત્કાર એ જ દુઃખમુક્ત થવાનો ઉપાય છે.

આ વ્યવહારો પરસ્પરના હિત અને ફરજ રૂપે છે, નહિ કે ઉપકાર રૂપે. આ સંબંધો જાળવવાની પાછળ પરસ્પરનું પરમ હિત સમાયેલું છે. ઉચિત વ્યવહાર ન જાળવવામાં પરસ્પરની એકબીજા પ્રત્યેની ફરજ ચૂકે છે. પરસ્પરના ઉચિત વ્યવહારમાં ઉપગ્રહ લક્ષણ ઉપકારક છે અને ઉપયોગ એ ઉપગ્રહમાં કારણ બને છે. પરસ્પર પ્રત્યે ઉચિત વ્યવહાર કરવામાં ન આવે, તો ફરજ ચૂકાય છે, તેનું પરિણામ અહિતમાં આવે છે. અહિતમાં નિમિત્ત બનવા દ્વારા આ જન્મમાં વેર-ક્લેશ, ભવાંતરમાં તેના અનુબંધની પરંપરા વધે છે. એ રીતે સંસારવૃદ્ધિનું, દ્વેષનું, ક્લેશનું નિમિત્ત બને છે. ઉચિત વ્યવહારનું આચરણ થાય, તો જીવન નંદનવન બની જાય તથા પરસ્પર સ્નેહ, સદ્ભાવ, સત્કારનું વાતાવરણ સર્જાય, રાગ-દ્વેષનાં કારણો નષ્ટ થાય છે તથા મુક્તિનો માર્ગ સરળ બની જાય છે, જીવ જીવ મટીને શિવ બને છે.

'પાપ' એટલે જીવો સાથે પરસ્પરના વ્યવહારમાં સ્નેહ, પ્રેમ, સત્કાર, નમ્રતા, એકતાદિ ભાવરહિતનો મન-વચન-કાયાનો વર્તાવ. નમસ્કારનો ભાવ વિષમભાવમાંથી છોડાવી સમભાવમાં લઈ જઈ ક્ષમા તથા સમતાનો પાઠ શીખવે છે. પોતાની ભૂલની નિખાલસ ભાવે ક્ષમા માગવા અને

અન્યની ભૂલની ઉદાર દિલે ક્ષમા આપવા, તે નમસ્કારભાવનું પરમ રહસ્ય છે, એ જ વંદન છે અને એ જ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ એ ક્રિયાનું કેન્દ્ર છે, સાધનાનું અનિવાર્ય અંગ - હૃદયશુદ્ધિનું શ્રેષ્ઠ સાધન છે, પરસ્થાનમાંથી સ્વસ્થાનમાં આવવાનો એકમાત્ર ઉપાય છે, આત્મપક્ષ અને આત્મલક્ષ દ્વારા આત્મગૃહમાં સ્થિર થવાનું સ્થાન છે. પ્રતિક્રમણ દ્વારા અવશ્યપણે હિતચિંતારૂપ અને સ્નેહપરિણામરૂપ મૈત્રીથી ભાવિત થવાય છે. પ્રતિક્રમણનો પ્રાણ મૈત્રી છે - મૈત્રી ધર્મવૃક્ષનું મૂળ છે. સમતાનો પાયો ઉપયોગ છે અને ઉપયોગની શુદ્ધિ

ઉપગ્રહના સિદ્ધાંતને માન્ય રાખવાથી થઈ શકે છે. ઉપગ્રહનો સિદ્ધાંત ઉચિત વ્યવહારને શીખવે છે. વ્યવહારમાં થોડી પણ અનુચિતતા ઉપયોગને અશુદ્ધ બનાવે છે અને અશુદ્ધોપયોગ દુર્ગતિદાયક બને છે.

## લોકવિદર્શી એટલે...

સંસારનું દુઃખમય સ્વરૂપ જાણનારા અને સંસારનો
ત્યાગ કરનારાને પ્રશમસુખની પ્રાપ્તિ થાય છે, તે જાણનારા.
'લોગવિપસ્સી' અર્થાત્ 'લોકવિદર્શી' શબ્દથી
વિપશ્યના ભાવનાનું ગ્રહણ કરી શકાય.
વિપશ્યનાયોગે ચિત્તશુદ્ધિનું શ્રેષ્ઠ સાધન માન્યું છે.
'પાસઈ' શબ્દ અનુપશ્યનાનો સંકેત કરે છે.
સમાહિત ચિત્ત = તૃષ્ણારહિત સમત્વયુક્ત ચિત્ત.
બૌદ્ધ પિટકોમાં સાધનામાર્ગને દર્શનમાર્ગથી સંબોધેલ છે
અને ધ્યાનમાર્ગને ભાવનામાર્ગથી સંબોધેલ છે.

### સાધનાની ૭ ભૂમિકાઓ

(૧) શુભેચ્છા (૨) વિચારણા (૩) તનુમાનસા (૪) સત્ત્વાપત્તિ
(૫) અસંસક્તિ (૬) પદાર્થાભાવિની (૭) તુરીયાવસ્થા.
અનાહતને અનહદ નાદ પણ કહેવાય છે.
સત્ત્વાપત્તિમાં આરૂઢ સાધક અસંભાવના અને વિપરીત
ભાવનાથી નિતાંત મુક્ત બને છે. પોતાની ઈશ્વરીયતામાં
તેને દૃઢ નિશ્ચય અને અટલ વિશ્વાસ જાગે છે.
'દેહો નાહં |' એ સૂત્ર આત્મસાધનાથી અસાધનાની નિવૃત્તિ
કરાવનારું સૂત્ર છે, પ્રત્યક્ષનો આ સૂત્રમાં સ્વીકાર છે.

તત્ત્વથી મોક્ષમાર્ગ એટલે...

અન્ય જીવો પ્રત્યે કૃતજ્ઞભાવે - પરોપકારભાવે વર્તવું.
એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.
જેમાં ગળપણ નહિ, તે ગોળ નહિ,
તેમ જેમાં મૈત્ર્યાદિભાવો નહિ, તે ધર્મ નહિ.
નમસ્કાર પોતે જ ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષરૂપ બનીને અહિંસાદિ ધર્મોની પ્રાપ્તિ કરાવે છે. સર્વ જીવો પરસ્પરનાં હિતાહિતમાં નિમિત્તરૂપ બનતાં હોવાથી જ્યાં સુધી સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ પ્રકટે નહિ, ત્યાં સુધી બોધિરત્નની પ્રાપ્તિ સંભવતી નથી.
'બોધિ' એટલે જીવરાશિ ઉપર સ્નેહપરિણામ.
સ્નેહપરિણામ એ ગુણાધિક પ્રત્યે પ્રમોદ, દુઃખાધિક પ્રત્યે કરુણા અને પાપાધિક પ્રત્યે મધ્યસ્થભાવને પ્રકટાવીને પરમ સમાધિનું કારણ બને છે.
નમસ્કારભાવની પૂર્ણાહુતિ સર્વવિરતિ સામાયિક અને સર્વસંવર ગુણસ્થાનકે થાય છે, તેથી નમસ્કાર ભાવ એ જ ધર્મ છે, એ જ બોધિ છે અને એ જ સમાધિ છે.
'પરસ્પરોપગ્રહોજીવાનાં ।' સૂત્ર સર્વ જીવોને કૃતજ્ઞભાવે પરોપકારના વિષય બનાવાય, ત્યારે જ સાર્થક થાય.

જીવ પરસ્પરના ઉપગ્રહથી જ જીવે છે,
તેથી જ જ્યાં સુધી તે ઉપગ્રહને સ્વીકારે નહિ અને
નિમિત્ત ભાવે સર્વ જીવોની સાથે સમાનવૃત્તિ અને
પ્રવૃત્તિવાળો બને નહિ, ત્યાં સુધી ધર્મ અધૂરો રહે છે.

તેને પૂર્ણ બનાવવા માટે સૌ પ્રથમ
સર્વ જીવો સાથેનો સંબંધ સ્વીકારવો જોઈએ.

અજ્ઞાનરૂપી આવરણ - ઉપાધિ વિનાનું બિંબ, તે જ
શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. જો ઉપાધિમાં પ્રતિબિંબ પડે,
તે ઉપાધિનો એવો સ્વભાવ જ છે કે પ્રતિબિંબમાં
પોતાના દોષનું આરોપણ કરે પણ બિંબમાં નહિ.

પ્રતિબિંબ બિંબથી ભિન્ન નથી,
પ્રતિબિંબ પારમાર્થિક દૃષ્ટિએ બિંબ રૂપ જ છે.

अज्ञानं इति च जडात्मिका अविद्याशक्तिः ।
सर्वं च कार्यं सोपादानं भावकार्यत्वात्, घटादिवत्
इति अनुमानात् । तस्मात् मिथ्याभूतदज्ञानात्मकं
मिथ्याभूतं अध्यासं उपादानकारण - सापेक्षं
मिथ्याज्ञानं एव अध्यासोपादानम् । - पंचपादाचार्य

અહીં: ઘડાનું ઉપાદાન કારણ જેમ માટી છે, તેમ
અધ્યાસરૂપ જગતનાં તમામ કાર્યોનું કારણ અજ્ઞાન છે.

તે મિથ્યા હોવા છતાં મિથ્યા એવા
બધા અધ્યાસોનું ઉત્પાદન કરનારુ છે.

'अहंकारग्रन्थिः संसारनृत्यशालायाः स्तंभ अभिधीयते ॥'

અહંકારની ગાંઠને સંસારરૂપી નૃત્યશાળાનો થાંભલો કહે છે.
અરીસામાં પ્રતિબિંબિત ચૈતન્ય તે ઈશ્વર છે તથા
બુદ્ધિમાં - અંતઃકરણમાં અને તેનાથી અવચ્છિન્ન
અરીસામાં પ્રતિબિંબિત ચૈતન્ય તે જીવ છે.

यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वा स इमान् लोकान् न हन्ति न निबध्यते ॥

- भगवद्‌गीता अ-१८, श्लोक-१७

અર્થાત્: 'ગીતા'માં કહ્યું છે કે:
જેને 'હું કરું છું' એવો અહંભાવ નથી અને
જેની બુદ્ધિ પણ મલિન નથી, તે કર્મથી બંધાતો નથી.

अहमिक्को खलु सुद्धो निम्ममओ णाण-दंसण-समग्गो ।
तम्हि ठिओ तच्चित्तो सव्वे एए खयं णेमि ॥१॥

અર્થાત્: દ્રવ્યથી એક, ભિન્નત્વથી શુદ્ધ,
પરથી નિર્મમ, સંગ્રહથી જ્ઞાન - દર્શનથી પૂર્ણ,
તેમાં સ્થિર થઈને અને તેમાં જ ચિત્તવાળો
સર્વે ઉપાધિરૂપ પરભાવોનો ક્ષય કરું છું. ...(१)

યથાપ્રવૃત્તિકરણ = ધારણા - નિશ્ચલતા.

અપૂર્વકરણ = ધ્યાન - સ્થિરતા.

અનિવૃત્તિકરણ = સમાધિ - તન્મયતા.

ધ્યાનના નિર્મળ અંતઃકરણમાં ધ્યેયસ્વરૂપ પરમાત્માનું પ્રતિબિંબ પડતાં સાક્ષાત્ પરમાત્માનાં દર્શન થાય છે, તેને યોગશાસ્ત્રમાં 'સમાપત્તિ' શબ્દથી સંબોધન કરે છે.

પરમાત્માના ધ્યાન વડે જ્યારે

ચિત્તની મલીન વૃત્તિઓ ક્ષીણ થાય છે, ત્યારે અંતરાત્મા નિર્મળ બને અને નિર્મળ અંતરાત્મામાં પરમાત્માનું પ્રતિબિંબ પડે, તેનું નામ 'સમાપત્તિ' છે.

પૃથક્ત્વ = અનેકત્વ - દ્રવ્ય, ગુણ, પર્યાય.

વિતર્ક = શ્રુતચિંતા, અંતર્જલ્પ સ્વશુદ્ધાત્મા.

વિચાર = સંક્રમ, શબ્દ, અર્થ, યોગ.

વિતર્ક એટલે શું ?

એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં ચિન્તન,
એક ગુણથી બીજા ગુણમાં ચિન્તન,
એક પર્યાયથી બીજા પર્યાયમાં ચિન્તન,
શબ્દથી શબ્દમાં, અર્થથી અર્થમાં, યોગથી યોગમાં જવું,
સ્વશુદ્ધાત્માનુભૂત આત્મભાવ તે વિતર્ક.

'એકત્વ' એટલે નિજાત્મદ્રવ્ય, નિજાત્મગુણ તથા
નિજાત્મપર્યાયનું ચિન્તન સ્થિરપણે કરવું તે.
'અવિચાર' એટલે પરાવર્ત વિવર્જિત
શબ્દ, અર્થ અને યોગનું ચિન્તન અથવા
નિજ શુદ્ધ આત્મનિષ્ઠ ચિન્તન તે અવિચાર.

આત્મસ્પંદાત્મક સૂક્ષ્મ ક્રિયા સહિત, બાદર કાયયોગમાં
રહી બાદર વાગ્યોગ અને મનોયોગને સૂક્ષ્મ કરે છે.
પછી બાદર વાગ્યોગ અને મનોયોગમાં રહી
બાદર કાયયોગને સૂક્ષ્મ કરે, પછી સૂક્ષ્મ કાયયોગમાં રહી
સૂક્ષ્મ વાગ્યોગ અને સૂક્ષ્મ - મનોયોગનો રોધ કરે.
પછી ક્રમવાર સૂક્ષ્મ કાયયોગમાં રહી
ચિદ્રૂપ નિજાત્માને સ્વયં જાણી લે, પ્રાપ્ત કરે.

છદ્મસ્થને મનની સ્થિરતારૂપ ધ્યાન છે,
કેવળીને કાયાની સ્થિરતારૂપ ધ્યાન છે તથા
અયોગીને સમુચ્છિન્ન ક્રિયાત્મક ચતુર્થ શુક્લધ્યાન હોય.

કાયોત્સર્ગમાં કાળ નિયમ છે પણ ધ્યેય નિયમ નથી.

ધ્યેય તરીકે તીર્થંકર ભગવાનના ગુણ અથવા જીવાદિ
તત્ત્વ અથવા સ્થાન, વર્ણ, અર્થ આલંબન કે દોષોની
પ્રતિપક્ષ ભાવનાઓ ઇત્યાદિ કોઈપણ વિષય લઈ શકે.

એવા કોઈપણ નિયત ધ્યેયનું ધ્યાન
વિવેકની ઉત્પત્તિમાં કારણ છે. ધ્યાનના બળ અનુસારે
વિવેકશક્તિ અને તદનુસાર આંતરપરિણતિશુદ્ધિ થશે.
શુદ્ધ ભાવથી ઉપાર્જિત કર્મ અવન્ધ્ય હોય છે.
એના વિપાકકાળે ફરી શુદ્ધ ભાવરૂપ ફળને આપે છે,
સુવર્ણ ઘટની જેમ અર્થાત્ સુવર્ણ ઘટ ફૂટી જાય,
તો પણ પરિણામમાં સુવર્ણ જ આપે છે, તેમ
શુદ્ધ ભાવથી ઉપાર્જિત પુણ્યાનુબંધી પુણ્યકર્મ
જ્યારે વિપાકોદયમાં આવે છે, ત્યારે પણ શુદ્ધ ભાવના
જાગૃત રહે છે, વિવેકની ઉત્પત્તિ કાયમ રહે છે તથા
કાર્ય કારણાનુરૂપ હોય છે.

તદ્ગત ચિત્ત તન્મયતા, સમયવિધાન સ્થિરતા અને
ભાવની વૃદ્ધિ નિશ્ચયતા લાવે છે.

ભાવવૃદ્ધિમાં હેતુ ભવનો ભય છે. ભવભયનાં પ્રત્યક્ષ
વિસ્મય, પુલક, પ્રમોદ છે. ભવભયપૂર્વક થતું સદ્-
અનુષ્ઠાન ભાવવૃદ્ધિ કરે, જેનાં ચિહ્ન વિસ્મય, પુલક,
પ્રમોદ છે. શાસ્ત્રોક્ત વિધાન મુજબ સ્થાન, વર્ણાદિ
યોગોને જાળવીને થતું અનુષ્ઠાન સમય વિધાન છે,
તેથી થતી તન્મયતા એ તદ્ગત ચિત્તનું પરિણામ છે.

મરણકાળ એટલે પ્રત્યેક ક્ષણનો અંતકાળ.

પ્રતિક્ષણ સુધારવાથી મરણ સુધરે છે.

કાળની ફાળને ચોવીસે કલાક આપણા માથે રાખીને ઈશ્વરનું ચિન્તન કરવાથી પાપવૃત્તિ ઉદ્ભવશે નહિ.

જન્મ-જરા-વ્યાધિ આદિનો નિરંતર વિચાર કરવાથી વૈરાગ્ય દૃઢ થાય છે અને પાપ છૂટી જાય છે.

જે ભવનું ચિન્તન હંમેશા હોય, અંતકાળે તેનું જ સ્મરણ હોય છે. મરણ સુધર્યું, તેનું જીવન સુધર્યું.

પ્રતિક્ષણ શરીર બદલાય, માટે પ્રતિક્ષણ મૃત્યુ થાય છે, માટે મરણને સુધારવા પ્રતિક્ષણ પ્રભુસ્મરણ કરો.

શુભધ્યાનમાં દેહ છૂટે, તે પ્રયાણ છે અને

અશુભધ્યાનમાં દેહ છૂટે, તે મરણ છે.

બીજાના સાધનનો અનાદર કરવાથી મમતા પુષ્ટ થાય છે.

સમતા સિદ્ધ કરવા વ્યક્તિગત મમતાને દૂર કરો.

માનવનું શરીર ભોગ માટે નહિ પરંતુ યોગ માટે છે,

ધન માટે નહિ પરંતુ ભગવાન મેળવવા માટે છે.

ભોજન માટે નહિ પરંતુ ભજન માટે છે.

જેનું ભોજન સરસ, તેનું ભજન નીરસ.

નીરસ ભોજન કરે, તેનું ભજન સરસ બને.

V.V. Imp.

'પ્રશ્નોત્તર રત્નચિંતામણિ'માં કહ્યું છે કે:

મરણ અવસરે સમાધિમાં ચિત્ત રહે, તે માટે
'લોગસ્સ સૂત્ર'માં નીચેની ગાથાના જાપ કરવાના કહ્યાં છે:

'ॐ ॐ અંબરાઈ અંબરાઈ,
કિત્તિઈ વંદિઈ મહિઆ.... ...દિંતુ સ્વાહા ।'

આ મંત્રના ધૂપ - દીપપૂર્વક તથા એક ધ્યાને
૫૦૦૦ જાપ કરવાથી મરણ વખતે સમાધિ રહેશે.
માંદગીમાં એ ગાથાનું ધ્યાન જરૂર રાખવું. લોગસ્સમાં
૭-૭ જિનની જેમ ષટ્ચક્રમાં ૪-૪ જિનનામની સ્થાપના
તથા છેલ્લી ૩ ગાથાની વિચારણા બ્રહ્મરંધ્રમાં થઈ શકે.

'આઉરપચ્ચક્ખાણ પયન્ના'માં કહ્યું છે કે:

૧૨ અંગના જાણકાર પણ મરણ અવસરે
સંપૂર્ણ શ્રુતનું ધ્યાન કરી શકતાં નથી, તેથી
એક ગાથાનું ધ્યાન પણ ભવસમુદ્રથી તારનારું છે.
માટે વીતરાગ ધર્મની હર કોઈ ગાથાનું ધ્યાન કરવું.
સમાધિમાં રહેવાની ભાવના પણ જીવને તારનાર છે,
માટે ઉપરોક્ત જાપ કરવા બહુ શ્રેષ્ઠ છે.

અંબરાજ = નિયામક રાજકતા.
વિશ્વને નિયમમાં રાખનાર શક્તિવિશેષ.

'શ્રી મહાનિશીથ સૂત્ર'માં કહ્યું છે કે:

आउस्सस्स न वीसासो कज्जाणि बहूणि अंतरायाणि।

तम्हा हवइ साहूणं वट्टमाणजोगेण ववहारो॥ અર્થાત્:

આયુષ્યનો વિશ્વાસ નથી, શ્રેયકાર્યોમાં ઘણાં વિઘ્નો છે,

માટે સાધુઓનો વ્યવહાર વર્તમાનયોગપૂર્વક હોય છે,

अव्यापारेषु व्यापारः।

મોહ મુક્ત થવા માટે વર્તમાન યોગનો વ્યવહાર જરૂરી છે.

બ્રહ્મવિહાર એટલે શ્રેષ્ઠવિહાર.

બ્રહ્મ = પરમાત્મા, તેના જેમ અનુકંપાવાળો વિહાર.

અથવા વર્તમાન ક્ષણમાં જીવવું, તે પણ બ્રહ્મવિહાર છે.

વિહાર = માનસિક - વાચિક - કાયિક વ્યવહાર.

અર્થાત્ મન - વચન અને કાયાથી

કરવા - કરાવવા - અનુમોદવા રૂપ ઉચિત વર્તન.

'કમ' ખાય, તેનું શરીર નિરોગી રહે.

'ખમ' ખાય, તેનું વચન નિર્મળ રહે અને

'ગમ' ખાય, તેનું મન નિરોગી રહે.

એ રીતે બારાક્ષરીના પ્રથમ ત્રણ અક્ષરો:

ક - ખ - ગના નિત્ય સ્વાધ્યાયથી

ક્ષમાનો ગુણ વિકસિત થાય છે.

चित्ताक्रान्तं धातुबद्धं शरीरं
नष्टे चित्ते धातवो यान्ति नाशं ।
तस्माच्चित्तं सर्वतो रक्षणीयं
स्वस्थे चित्ते बुद्धयः संभवन्ति ॥१॥

અનૂદિત: ધાતુથી બંધાયેલું શરીર ચિત્તથી આક્રાંત છે. ચિત્ત નષ્ટ થયે છતે ધાતુઓ પણ નાશ પામે છે, તેથી સર્વ પ્રકારે ચિત્ત રક્ષણ કરવા યોગ્ય છે, કારણ કે સ્વસ્થ ચિત્તમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે.

ચિત્તની નિર્મળતાનાં 3 કારણ

(૧) અહિંસા = મૈત્રીભાવનો વિસ્તાર = નિર્મળતા.
(૨) સંયમ = પરોપકારનું નિર્વાહ = સ્થિરતા.
(3) તપ = શાંતિનું ઉપાસન = તન્મયતા.

ધર્મનો મર્મ મૈત્રીભાવનો વિસ્તાર,
પરોપકારનું નિર્વાહ અને શાંતિનું ઉપાસન છે.
અહિંસાના પાલનથી મૈત્રીભાવનો વિસ્તાર થાય છે, સંયમના પાલનથી પરોપકારની પરાકાષ્ઠા સધાય છે તથા તપના સેવનથી શાંતિની ઉપાસના થાય છે. મૈત્રીથી ચિત્તની નિર્મળતા અને સામ્યનું સેવન થાય છે, પરોપકારથી ચિત્તની સ્થિરતા અનુભવાય છે અને

આનું સેવન કરવું છે અને શાસ્ત્રોક્તિ
સિવાયની તન્મયતા તો કરવી જ છે, તે ઉપરાંત
સમ્યક સામાયિકનું સેવન પણ કરવું છે.
સમ્યક સામાયિક સમાપત્તિની સિદ્ધિ કરાવે છે.

°

'આવશ્યક વૃત્તિ'માં કહ્યું છે કે:

શ્રુતં શૃણોતીતિ વા આત્મૈવ તદુપયોગાઽનન્યત્વાત્ શ્રુતં।
અર્થાત્: સાંભળે તે શ્રુત યા આત્મા જ તેમાં અનન્ય
ઉપયોગવાળો હોવાથી શ્રુત કહેવાય. શ્રુત એ આત્મા.

To ask - શ્રવણ કરવું - To recieve.
To seek - મનન કરવું - To find.
To knock - નિદિધ્યાસન વડે - To open the doors.
The way to godliness is to ask, seek & knock (પુત્ર-બાઈબલ).
There are only two things: If you rely on your strength, it will be fear. If you rely on providence, all strength will be yours.
Humility and purity are the foundations of character.

વંદન = Prostration - નિર્મળનું સ્મરણ.
પૂજન = offering - ભાવનું સમર્પણ.
પાદસેવન = Repentance - દોષની ગર્હા.
સખ્ય = Rejoicing - પ્રમોદનો હર્ષ.
દાસ્ય = prayer - પ્રભુને પ્રાર્થના.
નિવેદન = surrender - આત્મસમર્પણ.

પ્રભુના નામનું સંકીર્તન સર્વ શાસ્ત્રોનો સાર ગણાય છે.

જ્ઞાનનું ફળ વૈરાગ્ય, ભક્તિનું ફળ પ્રેમ અને
ક્રિયાનું ફળ અપ્રમાદ છે.

જ્ઞાનમાર્ગમાં પ્રધાનતા ત્યાગની છે અને
ભક્તિમાર્ગમાં પ્રધાનતા સમર્પણની છે.

દાસ્ય ભક્તિથી આપણું હૃદય દીન બને છે.

ઈશ્વર ભક્ત પાસે ધન નહિ, પરન્તુ મન માગે છે.

તપ કર્યા વિના કોઈને ચાલવાનું નથી.

તપ નહિ કરે, તેનું પતન થાય છે.

સમતા સિદ્ધ કરવા સૌ સાથે મમતા રાખો.

ઈશ્વરાનુગ્રહાદેવ પુંસામદ્વૈતવાસના ।
એકો દેવઃ સર્વભૂતેષુ ગૂઢઃ। નાન્યઃ પન્થા વિદ્યતેऽયનાય।
જ્ઞાનાદૃતે ન મુક્તિઃ। જ્ઞાનાદેવ તુ કૈવલ્યં।

(પરિશિષ્ટ-૧૯)

एकमेवाद्वितीयं । અર્થાત્: એક જ એ અદ્વિતીય.
પરબ્રહ્મ સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદરહિત છે.

## ત્રણ દોષ અને તેની નિવૃત્તિ

મળ શુભાશુભ વાસનાજન્ય - વિક્ષેપ ચંચળતાસ્વરૂપ છે.
તે બંનેની નિવૃત્તિ અનુક્રમે કર્મ તથા ઉપાસનાથી થાય.
ત્રીજો દોષ આવરણ છે.
આવરણનું કાર્ય = બ્રહ્મ સાથેના એકાત્મભાવથી દૂર રાખવું.

अहं ब्रह्मास्मि ।

વેદનાં આ મહાવાક્યના દૃઢાભ્યાસથી અદ્વૈત બ્રહ્મનિષ્ઠા
પ્રાપ્ત થઈ કૈવલ્ય-કલ્યાણની પ્રાપ્તિ થાય છે. તે માટે
ચિત્તશુદ્ધિ અનિવાર્ય છે, તે કર્મ તથા ઉપાસનાથી થાય.
મનુષ્ય વૃત્તિઓનો ભોગ સાક્ષી છે, તેમ જ્યારે કોઈપણ
વૃત્તિ ઊઠતી નથી, ત્યારે તેનો પણ તે સાક્ષી રહે છે.

यो वै भूमा तत्सुखं । नाल्पे सुखमस्ति ।
अनित्यमसुखं लोके इमं प्राप्य भजस्व माम् ।

વિષય - વાસનાઓને જ્ઞાનાગ્નિમાં ભસ્મ કરી,
શરીરને વૈરાગ્યરૂપી ભસ્મથી વિભૂષિત કરી,
ભગવચ્ચિંતનમાં લાગી જવું,
તે સંન્યાસીઓનો ધર્મ અને સાચી સાધુતાનું લક્ષણ છે.

મનુષ્યનો નિશ્ચિત ધર્મ આત્મપ્રાપ્તિ છે.
તે જેને થઈ છે, તેને નમવું તે સૌથી મોટું પુણ્ય છે.
માનવજન્મ એક એવું તીર્થ છે કે જ્યાં
પોતાને મળવું એજ એક પરમ ધર્મ છે.
એ ધર્મ જેને મળ્યો છે, તે સાચો ધર્માત્મા છે.

## વિશ્વતંત્રનો એક સુંદર નિયમ

ચૈતન્યની એ સહજ શક્તિ છે કે તેના આદરથી અનુગ્રહ
અને અવગણનાથી નિગ્રહ સ્વયં થાય છે.
વિશ્વવ્યવસ્થાનું કેન્દ્ર = જીવતત્ત્વનો ઉપગ્રહ - ઉપકાર.
જે જીવ આ કેન્દ્રથી ખસશે અને
ચેતનતત્ત્વ પ્રત્યે આત્મદ્રષ્ટિ ન રહી, તે
સ્વભાવથી ખસીને વિભાવમાં ધકેલાઈ જાય છે. આમ
પરસ્પર ઉપગ્રહ એ જીવનો વ્યવહારિક સ્વભાવ છે.
આ કેન્દ્રને જીવ જેટલા અંશે વળગી રહે, તેટલાં
પ્રમાણમાં તે વ્યવહારનયથી સ્વભાવમાં સ્થિત ગણાય.
'વિશ્વતંત્રમાં પોતે માત્ર નિમિત્તકર્તા છે'
એ વિચાર વડે કર્તૃત્વાભિમાન નિવૃત્ત થતાં
ચિત્તના સંસ્કરણની નિષ્કૃતિ કરે છે અને તે ઉપરાંત
કર્તૃત્વાભિમાન મંદ થતાં આંતરિક નિર્મળતા વધે છે.

ભાતના સ્વતંત્ર અસ્તિત્વની બુદ્ધિ
એ માન્યતાની મિથ્યા ભ્રમણા છે.

અમુક પ્રવૃત્તિ આપણે કરીએ છીએ, એવો ભાસ થાય છે પણ હકીકતમાં તો વિશ્વના અનેકાનેક પરિબળો અને ઘટનાનાં સમુચ્ચયથી પ્રેરિત એ કાર્ય થતું હોય છે, આપણે તો તેમાં માત્ર એક નિમિત્ત જ હોઈએ છીએ.

'ઉપાદાનમાં વિશેષનું આધાન નિમિત્તથી જ થાય છે' એ વિચાર જેમ નિમિત્ત પ્રત્યે ભક્તિ પેદા કરે છે,
તેમ નિમિત્તને નિમિત્તભૂત બનવાનું કાર્ય
ઉપાદાનના અસ્તિત્વને આભારી હોય છે.

વિશ્વમાં જે કાંઈ થાય છે, તેને કોઈ કરતું નથી પણ અનેક કારણોવશ તે બનતું હોય છે, એજ પરમ સત્ય છે.

ભક્તિમાં 'ભજ્' ધાતુ છે. ભજવું એટલે આશ્રય લેવો, એકમેક થવું, વિભક્ત મટીને અવિભક્ત બનવું, અભેદ સાધવો, વિષય-કષાયથી વિરક્ત બનવું, સંસારથી અલિપ્ત થવું, અનાસક્તભાવની પરાકાષ્ઠાએ પહોંચવું, વીતરાગ અને સર્વજ્ઞ એવો સ્વસ્વભાવ સિદ્ધ કરવો.

ભાવ તેવા ભવ. અધમવૃત્તિના ભાવમાં અધમ ભવ તથા
ઉત્તમવૃત્તિના ભાવમાં ઉત્તમ ભવ મળે.

'માતા' એટલે માધુર્ય - પવિત્રતાનો સાગર.
'માતા' પર જે અક્ષરોમાં શ્રુતિઓ અને સ્મૃતિઓ
સંગ્રહાયેલી છે. અહીં તમામ મહાકાવ્યો ભર્યાં પડ્યાં છે.
તેમાં પુષ્પોની કોમળતા, ચંદ્રોની શીતળતા, સાગરોની
ગંભીરતા અને પૃથ્વીની ક્ષમાશીલતા ભરેલી છે.
સૃષ્ટિના તમામ દેવતાઓ માતાના સ્વરૂપમાં સાકાર
થઈ ઉઠે છે. માતા એટલે અપરંપાર ત્યાગ, અનંતસેવા.
અહીં આખે આખો સામવેદ ભર્યો પડ્યો છે.
બાળકો માટેના ઓસડીયામાં આખો આયુર્વેદ સમાયેલો છે,
અને માતાના ઉપદેશની જે વાતોમાં ઉપનિષદો સમાયા છે.
જે રીતે ઝાડ, પાન, ફળ, ફૂલ, મેના, પોપટ,
પશુ, પંખી, ચાંદ અને તારીઓની વાતોમાં આખું
સૃષ્ટિશાસ્ત્ર મળી રહે છે, તેમ માના વહાલમાં તમામ
કળા, વિદ્યા અને શાસ્ત્રોનો ઉગમ છે.
માતા એટલે બોધજનની, માતા એટલે વેદજનની,
માતા એટલે શાંતિ - તુષ્ટિ - પુષ્ટિ.
મા મારી ગુરૂ અને મા મારી કલ્પતરૂ.
o ભારતીય સંસ્કૃતિ એટલે...
ધર્મ, ભક્તિ અને જ્ઞાનનો જીવતો - જાગતો મહિમા.

- સાને ગુરૂજી

જ્યારે આપણા પગમાં કાંટો વાગે, ત્યારે
આપણા મોઢેથી 'આહ' શબ્દ નીકળી પડે છે,
આપણી આંખોમાં પાણી આવી જાય છે અને
હાથ ઝટ કાંટાને કાઢવા ત્વરાથી ત્યાં પહોંચી જાય છે,
આવી સહસંવેદનશીલતા એટલે એકાત્મતા.
ચારિત્રનિષ્ઠાની પરાકાષ્ઠા એટલે વીતરાગતા.
માનવતાનો પૂર્ણ વિકાસ વીતરાગ બનવામાં છે.
ચારિત્રનિષ્ઠા એ અંતઃપ્રેરણા છે.
ચારિત્રહીન હોવું એ કોઈને પણ ગમતું નથી.
મનુષ્યજાતિની નિર્બળતાઓને ખતમ કરવાનો એક જ ઉપાય સચ્ચારિત્ર છે. ચારિત્ર જાળવવા બધી જ વસ્તુ છોડી શકાય, પરન્તુ કશાયના બદલામાં ચારિત્ર આપી કે વેચી શકાય નહિ. ચારિત્રનું મહત્ત્વ વિશ્વની સર્વ સંપત્તિથી અધિક છે. શરીર વગેરે તમામે તમામ વસ્તુઓથી અધિક કોઈ હોય, તો તે સચ્ચારિત્ર છે.
ચારિત્રનિષ્ઠા માટે જિતેન્દ્રિય બનવું અનિવાર્ય છે.
ઇંદ્રિયલોલુપતાને કારણે મનુષ્ય ચારિત્રહીન થાય છે.
ભોગવી ચૂકેલા રસની યાદ અને માણ્યાં ન હોય,
એવા રસની ઇચ્છામાંથી ઇંદ્રિયોની લોલુપતા જન્મે છે.

જીવનમાં ઉત્પન્ન થતી નીરસતાને દબાવવા માટે કે ભૂલવા માટે મનુષ્ય ઇંદ્રિયલોલુપતાનો આશ્રય લે છે. જો કે એ નીરસતાને કાઢવા માટે નિત્ય - નવીન રસની જરૂરત હોય છે, કિન્તુ ચારિત્ર્યહીનતાની નહિ.

નિત્ય - નવીન રસની પ્રાપ્તિ પ્રીતિમાંથી - સ્નેહમાંથી થાય છે, સુખોપભોગમાંથી નહિ.

પ્રીતિની ઉત્પત્તિ ચાહરહિતતામાંથી ઉપરાંત નિરપેક્ષતાની વૃત્તિમાંથી, ઇચ્છાનિરોધ અને રાગરહિતતામાંથી થાય છે, રાગ કે ઇચ્છામાંથી નહિ. એવી નિરપેક્ષતા કે વિરક્તતા વિવેકમાંથી જન્મે છે અને એ વિવેક મનુષ્યમાત્રમાં હાજર હોય છે. એ વિદ્યમાન વિવેકના પ્રકાશમાં વસ્તુસ્થિતિને નિહાળવી. એમ કરવાથી આપણને આપણી નિર્બળતાઓ અને આપણા જ પાળેલાં દોષોની જાણકારી થાય છે. પોતાની નિર્બળતાઓના એ ભાનથી વેદના જન્મે છે. એ વેદનાને બળના દર્શનથી જો આપણે દબાવી ન દઈએ, તો આપણા દોષોને બાળી નાંખે છે અને નિર્દોષિતાને સ્થાપન કરવા સમર્થ બને છે. એ અનશ્વર નિર્દોષિતા આવી, એટલે તે દોષોને ફરી ઉત્પન્ન થવા નહિ દે, તેથી

નિર્દોષ બનવાની પાછળ ફરી એના એ દોષો અને એમાંથી
ફલિત થતી વેદનાની ઘટમાળમાંથી મુક્ત થવું, તે છે.

**વેદના અને દુઃખમાં ભેદ છે:**

વેદના એ આત્મમાત્રને જગાડનારી
એક જાતની પીડા છે, માનવમાત્રની વાસ્તવિક ભૂખ છે.

દુઃખનાં બે રૂપ છે:

એક તો સુખભોગની વાસનામાંથી તે જન્મે છે અને
બીજું બધી જ જાતના અભાવોને મટાડી દેવાની
અભિલાષામાંથી તે જન્મે છે. તે વેદના જાગ્રત થવાથી
એક આંતરિક ઊંડી માંગ ઊભી થાય છે તથા
એની પૂર્તિ પ્રાર્થનાથી થાય છે.

પ્રાણી વ્યથિત હૃદયથી અનંતને પુકારે તો
એની અહૈતુકી કૃપાથી પ્રાર્થીની પ્રાર્થનાપૂર્તિ થાય જ છે.
આ દૃષ્ટિએ પોતાને નિર્દોષ બનાવવામાં આ પ્રાર્થનાનું
સ્થાન મુખ્ય છે. એ પ્રાર્થના જીવંત ત્યારે જ બને,
કે જ્યારે ફરીવાર એની એ ભૂલ ન કરે અને
પ્રાયશ્ચિત્તની ભાવનાથી પ્રાર્થના કરે.

જેમ તરસ લાગવી, એ પાણી માગવા બરાબર છે,
તેમ આત્માની ઊંડી વેદના એજ પ્રાર્થના છે.

V. Imp.

પ્રાર્થનાનો અર્થ દીનતા કે પરાધીનતા નહિ પણ વાસ્તવિક આવશ્યકતા પ્રત્યે જાગૃતિ છે, આત્માના મૂળ શુદ્ધ સ્વરૂપની ભૂખ અથવા તેને માટેની પ્રીતિ છે.

## વિવેક અને ન્યાયનો પ્રયોગ

આત્મનિરીક્ષણની બીજી અનિવાર્ય શરત એ છે કે વિવેક અને ન્યાયનો પ્રયોગ આપણા ઉપર અને વિશ્વાસ, ક્ષમા અને પ્રેમનો ઉપયોગ બીજા પર કરીએ. વિવેકથી દોષનું ભાન અને ન્યાયથી નિર્દોષતાનું સ્થાપન. જે ન્યાય પોતાની જાત ઉપર લાગુ પાડવામાં આવે, તે જ ન્યાય સાર્થક લેખાય. ન્યાયનો અર્થ દંડ નહિ પણ સુધાર છે. પોતાની જાતને સુધારવી, એ જ પોતા પ્રત્યે ન્યાય કરવા બરાબર છે.

આપણામાં જેમ જેમ સુધારો થતો જશે, તેમ તેમ ક્રોધ એ ક્ષમામાં, અવિશ્વાસ એ વિશ્વાસમાં, વેર એ નિર્વૈરમાં અને ભેદ અભેદમાં પલટાતો જશે. જે પોતાની જાતને ન્યાય નહિ કરતો, તે બીજા પ્રત્યે પ્રેમ દાખવી શકતો નથી. પ્રેમનો સ્વીકાર કરવો હોય, તો પોતા પ્રતિ ન્યાય કરવો અનિવાર્ય છે. વાસ્તવિક ન્યાય કરવા માટે દોષનું યથાર્થ ભાન થવું જરૂરી છે.

આપણા દોષનું જ્ઞાન જેટલું આપણને થઈ શકે,
એટલું બીજાના દોષનું ન થાય.

કોઈ આજિત થાય છે કે વાસ્તવિક ન્યાય
પોતાના ઉપર જ થઈ શકે, બીજા ઉપર નહિ.
બીજાને પ્રેમ કરી શકાય અથવા ક્ષમા કરી શકાય.
ક્ષમા અને પ્રેમમાં જ પ્રદાનનું સામર્થ્ય છે.
એમાં નિર્વૈરતા અને અભિન્નતાનો લાભ છે.
નિર્વૈરતા નિર્ભય બનાવે છે, અભિન્નતા નીરસતાનો
અંત લાવી આત્માને સરસ બનાવે છે, એજ સૌનું
અભીષ્ટ છે, સૌનું ધ્યેય છે અને એજ સૌને પસંદ છે.
એ રીતે આત્મનિર્માણ માટે ઇંદ્રિયલોલુપતાને
જિતેન્દ્રિયતામાં, સ્વાર્થભાવને સેવાભાવમાં અને
વિષયચિન્તનને ભગવદ્‌ચિન્તનમાં પરિણત કરી
અસતને છોડી સતની ખોજ કરવી જોઈએ. સતની
ખોજ સતના અભિલાષીને સતથી અભિન્ન કરી દે છે.
વ્યર્થ ચિન્તનની આસક્તિ સતની ખોજને જાગ્રત થવા
દેતી નથી. સતની ખોજ કરવા માટે વ્યર્થ ચિન્તનને
સાર્થક ચિન્તનમાં અને વિષયાદિ વસ્તુના ચિન્તનને
ભગવદ્‌ના ચિન્તનમાં બદલી નાંખવું જોઈએ.

ભગવદ્ ચિન્તન માટે સ્વાર્થભાવને સેવાભાવમાં
અને ઈંદ્રિયલોલુપતાને જિતેન્દ્રિયતામાં પલટવા જોઈએ.

આ એક નિયમ છે કે સત્યની ખોજ
અસત્યને ખાઈને સત્યથી અભિન્ન કરી મૂકે છે.
સત્ય પોતે અસત્યનો પ્રકાશક છે - વિનાશક નહિ,
પરંતુ સત્યની ખોજ એવી વસ્તુ છે કે
સત્યના અભિલાષીને સત્યથી અભિન્ન બનાવી દે છે.
સત્ય એટલે શાશ્વત અને અસત્ય એટલે નશ્વર અથવા
સત્ય એટલે ત્રિકાલાબાધિત દ્રવ્ય અને
અસત્ય એટલે પ્રતિક્ષણ પલટાતું સ્વરૂપ.

ક્રોધરહિત બનવું હોય તો એ અનિવાર્ય છે કે આપણે
બીજાના કર્તવ્યને આપણો અધિકાર ન માનીએ.

હૃદયશાળ રહેવા માટે એ જરૂરી છે કે
આપણા પ્રત્યે દાખવાતી ઉદારતાને
આપણો ગુણ ન માનવો; કિન્તુ
જેણે ઉદારતા દાખવી છે, તેની મહાનતા સમજવી.
આથી હૃદયશાળતા સુરક્ષિત રહેશે. એ સુરક્ષિત રહેવાથી
સ્નેહની વૃદ્ધિ થશે અને એજ વિકાસનું મૂળ છે.

કોઈની નિર્બળતાને આપણે આપણું બળ ન માનીએ.

જ્ઞાનની નિર્બળતાને પોતાનું બળ માનવાની
ભૂલ કરનારમાં મિથ્યાભિમાનતા પુષ્ટ થાય છે અને
એજ હ્રાસનું અને વિનાશનું મૂળ છે.
વળી જીવનનિર્વાહ અને સચ્ચારિત્ર્યના વિકાસ માટે
કર્મશુદ્ધિનું પણ જીવનમાં મુખ્ય સ્થાન છે.
કર્મની ભિન્નતા અનિવાર્ય છે, કારણ
તેમાં યોગ્યતા અને માન્યતાનો ભેદ રહે છે પણ
સ્નેહમાં ભિન્નતા એ મહાન દોષ છે અને
એનો અંત આવ્યા વિના સચ્ચારિત્ર્યનો સંભવ નથી.
સ્નેહની ભિન્નતા નાશ કરવા માટે
સૌ તરફ એક જ કુટુંબની ભાવના કેળવવી જોઈએ
તથા સૌ પ્રત્યે સમાન સદ્ભાવ દાખવવો જોઈએ.
જેવો ભાવ તેવી જ પ્રવૃત્તિ થવાની અને
જેવી પ્રવૃત્તિ - તેવું જ આપણું કાર્યનું સ્વરૂપ બનવાનું.
Action forms habit & habit forms
nature. Nature forms character.
એટલે સદ્ભાવ સેવનારનું જીવન પવિત્રતાથી પરિપૂર્ણ
બની જવાનું, માટે બાહ્યભેદ ટાળવા છતાં આંતરિક એકતા
સુરક્ષિત રાખવી, એ ચારિત્ર્યવાન બનવા અત્યંત જરૂરી.

## હૃદય સદા અસીમ સ્નેહથી ભરેલું ક્યારે રહે?

જ્યારે આપણે આસપાસ હાજર સૌની
સક્રિય રીતે સેવા બજાવવા હંમેશાં તત્પર રહીએ.
સેવા સ્વાર્થને ખાઈને સ્નેહની વૃદ્ધિ કરવાની શક્તિ
ધરાવે છે, માટે સ્નેહને સુદૃઢ, વ્યાપક અને કાયમ
બનાવવા સારુ સુખનો નિર્મોહિતાપૂર્વક - કર્તવ્યબુદ્ધિથી
સદ્‌વ્યય કરતાં રહેવું, એનું જ નામ વાસ્તવિક સેવા.
સેવાની પરાકાષ્ઠા સ્વાવલંબી બનવાથી આવે અને
સ્વાવલંબી બનવા માટે આપણે
હિતભાવનાથી પરિપૂર્ણ માનસ બનાવવું જોઈએ.

### સુખ અને હિતમાં મોટો ફરક છે:

સુખની આસક્તિ નિર્બળ અને પરાધીન બનાવે છે,
જ્યારે હિતની ભાવના સ્વાધીન અને સબળ બનાવે છે.
સુખ આળસ - વિલાસ તરફ ખેંચી જાય છે, જ્યારે
હિત એ સંયમ અને સહિષ્ણુતા તરફ લઈ જાય છે.
સુખથી દુઃખ દબાઈ જાય છે, જ્યારે
હિતથી દુઃખ નાબૂદ થાય છે.
દુઃખનો મૂળથી નાશ એ સૌનું ઇષ્ટ છે, માટે
સર્વહિતકારી ભાવનાપૂર્વક દરેક પ્રવૃત્તિ કરવી જોઈએ.

વિવેકીબુદ્ધિ વાસનાને ખતમ કરવાની શક્તિ ધરાવે છે. વાસનાઓ જતાં જ હૃદય અનુરાગી - સ્નેહાળ બને છે.

એનો એક નિયમ છે કે: અનુરાગી હૃદય અભિમાનશૂન્ય બને છે. અનુરાગનો પ્રાદુર્ભાવ થતાં જ કોઈપણ પ્રકારની સ્વાર્થ ચાહના કે ઇચ્છા રહેતી નથી. ઇચ્છારહિત થવાથી અહંભાવ પણ ઓગળી જાય છે. જેનો અહંકાર ગળી ગયો, તેનું જીવન નિત્ય સૌંદર્યથી પરિપૂર્ણ બની જાય છે. એ રીતે શરીરને શ્રમવાન, મનને સંયમી, બુદ્ધિને વિવેકી અને હૃદયને અનુરાગી બનાવવાથી અહં અને અભિમાન ચાલ્યા જાય છે. વળી જીવનમાં સૌંદર્ય જાળવી રાખવું હોય, તો જીવનમાં સત્યને જ સૌથી ઊંચું - ઉત્કૃષ્ટ સ્થાન આપવું જોઈએ. અસત્યવાદિતા - આત્મહીનતા સૌંદર્યને ટકવા દેતાં નથી.

આત્મવિશુદ્ધિ માટે ધન કરતાં વસ્તુને, વસ્તુ કરતાં વ્યક્તિને, વ્યક્તિ કરતાં વિવેકને અને વિવેક કરતાં સત્યને વધુ મહત્ત્વ આપવું જોઈએ. વળી સુખ - દુઃખનો સદુપયોગ થવો જોઈએ.

સુખનો સદુપયોગ છે ઉદારતા અને
દુઃખનો સદુપયોગ છે વિરક્તિ.

ઉદારતાથી સુખભોગના બંધનથી મુક્ત થવાય છે,
વિરક્તિથી આત્માનુરક્તિ થાય છે અથવા
પરમ પ્રત્યે પ્રેમની સ્વયંભૂ જાગૃતિ થાય છે.
એ પ્રેમ જાગવાથી જીવન નિત્ય સૌંદર્યસંપન્ન બને છે,
તમામ અભાવોનો અભાવ થઈ જાય છે,
પરિપૂર્ણ બને છે તથા જડતા, પરાધીનતા,
શક્તિહીનતાદિ દોષોથી મુક્ત થઈ અનંત - નિત્ય
ચિન્મય પરમતત્ત્વ સાથે એકતાની અનુભૂતિ થાય છે.
સુખ - દુઃખનો સદુપયોગ એ જ સાધનાનું મૂળ છે,
પરન્તુ એમ કેવીરીતે બની શકે?
જ્યારે આપણે સુખ - દુઃખને જીવન ન માનીને
સાધનરૂપ માનીશું, ત્યારે માનવજીવનમાં
સુખ - દુઃખના ઉપભોગને કોઈ સ્થાન જ નથી.
સુખ - દુઃખનો ઉપભોગ તો પશુ - પંખી આદિ જેવી
અન્ય યોનિઓમાં પણ કરે જ છે.
માનવજીવન તો સુખનાં બંધનોથી અને
દુઃખનાં બંધનોથી મુક્ત બનીને
પવિત્ર પ્રેમ અને અમર - જીવનની પ્રાપ્તિ માટે છે.
આવું સાધનાયુક્ત જીવન જ માનવજીવન છે.
- સર્વ સેવા સંઘ, સુંદર માનવ - સુંદર સમાજ

આપત્તિ આવે, ત્યારે કાં તો મનુષ્ય દુઃખથી કંટાળીને
પોતાનું અને બીજાનું મન દુભવે છે અથવા તો
બીજાના દુઃખની પોતાના દુઃખ સાથે સરખામણી કરીને,
તેમના પ્રત્યે દયા તેમ જ સહાનુભૂતિ બતાવીને
પોતાનું દુઃખ ભૂલી જાય છે.

મૈત્રી એટલે ચેતો વિસ્તાર.

'ચેતો વિસ્તાર' એટલે...

વ્યાપક ચેતના સાથે વ્યક્તિગત ચેતના સમરસ થાય.
મૈત્રી કેળવાય એટલે સમષ્ટિનાં સુખ-દુઃખ
એ વ્યક્તિનાં સુખ-દુઃખ બની જાય. આવા મૈત્રી
અને કરુણામાંથી મુદિતા એટલે કે આનંદ જન્મે છે.
મૈત્રી, કરુણા અને મુદિતાના પાયામાં
જે અનાસક્ત ભાવ - તે ઉપેક્ષા બને છે.
આ ચારે ય ભાવ પરસ્પર આધારિત છે.
મનુષ્યના પ્રત્યેક પ્રશ્નનો ઉકેલ એક જ છે
અને તે છે ભલી લાગણી - ભલમનસાઈ.
એનું જ નામ મૈત્રી - કરુણા - મુદિતા - માધ્યસ્થ્ય છે.
મૈત્રી અને કરુણાની ભાવનાથી જ માનવનું અને
માનવસમાજનું આંતરિક રૂપાંતર કરી શકે છે.

આપણા માનવીને ભારતમાં ઈશ્વરપ્રેમી અને
સેવાભાવી સંતપુરુષ તરીકે ઓળખાવવામાં આવે છે.
એમનું ફરિયાદ છે કે : પૃથ્વીને શેષનાગે ધારણ કરી છે.
આ શેષનાગ તે બીજું કંઈ નહિ પણ મૈત્રીની,
કરુણાની, મુદિતાની અને ઉપેક્ષાની શેષ કે પ્રસાદી છે.
આ શેષ ઉપર જ, બીજા શબ્દોમાં
આ પ્રસાદી ઉપર જ વિશ્વ ટકી રહ્યું છે અને
કોઈ પણ ટેકા વગર પૃથ્વી અધ્ધર ટકી રહી છે.
પિંડ અને બ્રહ્માંડનું મધુર તાદાત્મ્ય
સાધવાના પ્રયાસો જ્યાં શુદ્ધ વિશ્વમાં થઈ રહ્યા છે,
ત્યાં શુદ્ધ શેષ જીવંત છે.

o

અવકાશી ખોજથી આત્મખોજ સુધી...
I see only one answer.
Man must rise from his present
ego-centered consciousness
to find Universal harmony,
staring within himself -
outer space to inner space.
- Edgar Dean Mitchell

જીવનમાં આત્મદર્શન અને ઉપયોગદર્શન બંને જરૂરી છે.
આત્મદર્શન ત્રણ વસ્તુઓ ટકેલ છે:
મૈત્રી, કરુણા અને મુદિતા.
કોઈને સુખી જોઈને સુખનો અનુભવ થવો તે મૈત્રી,
કોઈને દુઃખી જોઈને દુઃખનો અનુભવ થવો અને એને
માટે કાંઈક કરી છૂટવું, કરવાની પ્રેરણા થઈ તે કરુણા
અને કોઈનું પુરુષાર્થ જોઈને હૃદયમાં
આનંદનો અનુભવ થવો, એ મુદિતા છે.
એક સાથે રહેનારને આ બધું થવાનું જ.
સાથે રહીએ, ત્યારે ક્યારેક ભૂલચૂક પણ થાય,
એ માટે ઉપયોગબુદ્ધિ જોઈએ,
એનાથી મનની પ્રસન્નતા જળવાઈ રહે છે.
એકબીજાની નાની નાની ભૂલો તરફ ધ્યાન ન દેવું.
પોતાને સંપૂર્ણ માનવો, તે પણ એક વ્યાધિ છે અને
સમસ્ત દુર્બળતાઓનું કારણ છે. 'મારું મારું' કરનારો
મરી જાય છે, 'તારું તારું' કરનારો તરી જાય છે.

They are handicaps who do not
know how to use wisely their
hands in human service.

મોટા થવાની ગુરૂચાવી : મોટા થવું હોય તો સૌ પ્રથમ નાના થતાં શીખો. ઊંચું અને વિશાળ મકાન બાંધવા નીચામાં નીચા પાયાનો વિચાર સૌ પ્રથમ કરવો પડે છે.

પાયા વિના ભવ્ય ઈમારત શક્ય નથી.

જેટલું ઊંચું મકાન, તેટલો પાયો નીચો જવો જોઈએ. વિનય અને નમ્રતા - મોટા પુરુષોના જીવનના પાયામાં પૂરાયેલા બાબત છે. જ્યાં વિનય અને નમ્રતા નથી, ત્યાં મોટાઈ નથી પણ આડંબરનું પોલાણ છે. આપણા તમામ દુઃખો માટે કોઈ બાહ્ય વ્યક્તિ જવાબદાર છે, તેમ માનવામાં આપણને સુખદ સમાધાન મળે છે, તેથી આપણા દુઃખોના નિવારણ માટેની આપણી શક્તિનો ઉપયોગ કરવાને બદલે બાહ્ય સંજોગો અને મદદ ઉપર નિર્ભર રહીએ છીએ.

o

આ કેટલી કરૂણ કથની છે. મનુષ્યે પોતાનો આનંદ પોતે પ્રાપ્ત કરવો જોઈએ અને તે જ સાત્વિક આનંદ છે. માત્ર સાત્વિક દ્રષ્ટિએ સુખ હોય, તે જ લોકો આ જગતને સુખી બનાવી શકે. There is nothing that makes us feel so good as the idea that someone is an evil doer.

પ્રત્યેક ઇંદ્રિયનું મિલન ઈશ્વર સાથે ન થાય, ત્યાં સુધી અહંકાર છે, માનવની દુઃખ દેનાર અહંકાર છે, તેને મારવાનો છે. જ્યાં ઈશ્વરના સ્મરણમાં તન્મય બને છે, અભેદ સાધે છે, ત્યારે અહંકાર મરે છે.

વિપશ્યના = સમ્યગ્દર્શન. વસ્તુના ધર્મને દેખવો તે.

માત્ર દેખવું જ દેખવું. 'નિર્ગ્રન્થ' એટલે ગાંઠરહિત થવું.

ગાંઠ = પરિગ્રહ, મૂર્છા, પરમાં મારાપણાની ભાવના.

દ્રષ્ટા બનવું, કર્તા નહિ. રાગ કે દ્વેષ કરવા નહિ પણ સુખ - દુઃખની સંવેદનાઓના માત્ર સાક્ષીરૂપ બનવું. થવાવાળી સંવેદનાઓને અનાસક્તભાવે દેખતાં જવું.

કાંઈ કરવું જ હોય, તો

પ્રાણીમાત્રના કલ્યાણની કામના કરવી.

વિપશ્યના = દુઃખમુક્ત બનીને જીવન જીવવાની કળા.

મરણ સમયે પણ કેમ શાંત અને નિર્વિકાર રહેવું

તથા સમાધિપૂર્વકનું મરણ મેળવવું,

તેનું શિક્ષણ પણ વિપશ્યનાથી મળે છે.

આદર્શ મનુષ્ય = શરીરથી દૈત્ય - મનથી દેવ બને તે.

'સર્વં ખલ્વિદં બ્રહ્મ ।'

એના માટે ત્યાગી પુરુષો બધામાં બ્રહ્મદર્શન કરે છે.

तीव्रेण भक्तियोगेन यजेत् पुरुषं परम् ॥
તીવ્ર વૈરાગ્ય વિના બ્રહ્મદર્શન અશક્ય છે.
ભોગ કરતાં ત્યાગમાં અનંત સુખ છે.
માયા = અજ્ઞાન, તેના ત્રાસમાંથી છૂટવું હોય, તો પરમાત્માને શરણે જવું. મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ।

સંતપુરુષો એટલે સત્પુરુષો.

સત્ને માનનાર - પૂજનાર તે સંત.
Relative = સાંયોગિક = લૌકિક.
Real = અસંયોગી - લોકોત્તર - સ્વધર્મ.
વિનાશી સંયોગો સાથે રહેનારો નાશવંત બને છે, સંયોગોથી પર થઈ, તે સ્વમાં રહીને અવિનાશી બને છે.
અવળાં સંયોગોને અવળાં ન જોવા, પરન્તુ તેને સવળાં અને મીઠાં કરીને વિદાય કરવા, જેથી આવતા ભવે ગુંચ વગરના જ સંયોગ મળે.
જેનો વિયોગ અવશ્ય થવાનો, તેનું નામ સંયોગ છે.
તેમાં ઈષ્ટાનિષ્ટની કલ્પના જ અવિદ્યા યા ભ્રાંતિ છે.
સંયોગોને સીધા કરવાની જરૂર નથી, પરન્તુ આપણે સીધા થવાની જરૂર છે. 'સીધા થવું' એટલે સંયોગોમાં અનુકૂળ - પ્રતિકૂળપણાંની બુદ્ધિને છોડી દેવી.

'સાધુ થવું' એટલે સ્વસ્વરૂપમાં રહેવું,
જ્ઞાન - દર્શન ગુણોને જ પોતાના માનવા.
સંયોગ એટલે સર્જન, વિયોગ એટલે વિસર્જન.
તે બન્ને પોત-પોતાના કુદરતી ધર્મ અને વિજ્ઞાન છે.
સંયોગો સ્થૂળ પણ હોય અને સૂક્ષ્મ પણ હોય, પરંતુ
તે બધા સંયોગો પર છે, સ્વ નહીં.
સ્વ તો સદા ય શાશ્વત છે અને સંયોગો ક્ષણિક છે.
અનુકૂળ સંયોગો = ખોરાક, પ્રતિકૂળ સંયોગો = વ્યાયામ.
આત્મ માર્ગમાં છોડવાનો છે અહંકાર અને મમકાર
તથા ગ્રહણ કરવાનો છે શુદ્ધાત્મા.
અસ્તિત્વનું ભાન છે, વસ્તુત્વનું નહીં, તે કરાવવાનું છે.
જ્યાં પોતાનું અસ્તિત્વ છે, ત્યાં પોતાનું માનવું,
તે માન નહિ પણ ભાન છે.
આપણું તૈજસ શરીર એ ચુંબકીય શરીર છે,
એટલે પરમાણુઓનું ખેંચાણ થાય છે.
બધા કષાયો અને દોષોનો આધાર
એક જ છે અને તે આત્માનું અજ્ઞાન. તે ટળી જાય,
તો દોષો બધા આધાર વિનાના થઈ જાય છે.
પાયા વિનાનો મહેલ પછી વધુ વખત ટકતો નહીં.

## જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ

જગતની કોઈ પ્રિયમાં પ્રિય વસ્તુ હોય,
તો પહેલી યાદ આવે અને તે વસ્તુ છે શુદ્ધાત્મા.
એનું ભાન થઈ જાય તો અભાનનો અંત આવે છે
અને સંસારરૂપી મહેલ પળવારમાં નાશ પામે છે.
શુક્લધ્યાન = શુદ્ધાત્માનું લક્ષ અને તેની પ્રતીતિ.
'હું શુદ્ધાત્મા છું' એ જ્ઞાન છે,
'હું શુદ્ધાત્મા છું' એ (દર્શન) પ્રતીતિ અને
જ્ઞાતા - દ્રષ્ટાભાવમાં સ્થિર રહેવું, તે ચારિત્ર છે.
જ્યારે કશું થાય, ત્યારે હૃદય તપે,
તે તપતાં હૃદયને જોવું - જાણવું, તે આભ્યંતર તપ છે.
અનાદિ દેહાધ્યાસથી છૂટવા માટે તપ પણ જરૂરી છે.
'કલ્પ' એટલે કલ્પતરૂ.
'વિકલ્પ' એટલે હું અને 'સંકલ્પ' એટલે મારું.
વિકલ્પમાં વિ = વિરૂદ્ધ અને સંકલ્પમાં વિ = વિશિષ્ટ.
'હું શુદ્ધાત્મા' તે વિશિષ્ટ કલ્પ - સર્વ ઇચ્છાને પૂર્ણ
કરનાર કલ્પતરૂ છે. 'હું શરીર' એ વિરૂદ્ધ કલ્પ છે.
'જ્ઞાનાદિ ગુણો મારા' એ સમ્યક્ કલ્પ છે, જ્યારે
'દેહાદિ મારા' એ કલ્પિત કલ્પના છે.

સ્વરૂપનું ભાન ન હોય, ત્યાં સુધી
વિકલ્પ તૂટે નહિ અને નિર્વિકલ્પ થવાય નહિ.
નિર્વિકલ્પ સમાધિ વીતરાગ અને સર્વજ્ઞને હોય છે.
આધિ - વ્યાધિ - ઉપાધિમાં ય રહે, તે સાચી સમાધિ.
પાંચે ઈંદ્રિયો જાગ્રત રહે, સમાધિ રહે, તે સહજ સમાધિ.
બધી ક્રિયાને સાક્ષાત્કાર જુએ, તે સહજ સમાધિ.
આત્મામાં રહેવું તે જ સામાયિક અને તે જ સમાધિ.
સામાયિક તે આત્મા અને આત્મા એ સામાયિક.
પરધર્મ એટલે દેહધર્મ, સ્વધર્મ એટલે આત્મધર્મ.
સ્વસ્વરૂપ સમજાય, ત્યારે ખરો બ્રહ્મસંબંધ થયો ગણાય.
દૃશ્ય તે કૃષ્ણ નહિ, પરન્તુ દ્રષ્ટા એ કૃષ્ણ છે.
જે વિચારે કે: 'કર્તાહર્તા કૃષ્ણ છે, મારે ચિંતા શેની?'
એ કૃષ્ણનો ભક્ત છે. 'કૃષ્ણ' એટલે આકર્ષિત કરનાર.
વાસુદેવઃ સર્વમ્ | સર્વના ભોક્તા તે વાસુદેવ.
બાળકૃષ્ણ = બાળમંદિર, યોગેશ્વર કૃષ્ણ = રાજમંદિર.
ક્રોધ એટલે નાગ, તેનું દમન કરે, તે કાલિયદમન છે.
કર્મને ખેંચી કાઢે તે કૃષ્ણ. અર્થ એટલે અર્ક.
બધામાં અંતર આશય એવા કૃષ્ણ જોવા, તે અર્ક છે.
સર્વમાં વસનારો એક જ છે, એ ગીતાનો અર્ક છે.

ગીતાનું અંતિમ તાત્પર્ય છે કે :

સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥૧॥

દિવ્યચક્ષુનું દાન એટલે...

આત્મવત્સર્વભૂતેષુ યઃ પશ્યતિ સ પશ્યતિ । (પરિશિષ્ટ-૨૦)
આત્માને જાણવા નૈસ્ત્રૈગુણ્ય - ત્રિગુણાતીત થવું પડે.
કૃષ્ણનું સુદર્શન (ચક્ર) = સમ્યગ્ દર્શન = આત્મદર્શન.

સંન્યાસ અને સંપૂર્ણ સંન્યાસમાં શું ફેર ?

'સંન્યાસ' એટલે સમ્યગ્ ન્યાસ અર્થાત્
આત્માને મન - વચન - કાયામાંથી ખેંચી લઈ આત્મામાં
સમ્યક્ પ્રકારે ન્યાસ કરવો અને સ્થાપવો તે સંન્યાસ.
અધ્યાસ છોડવા માટે સંન્યાસ કરવાનો છે.
બધી ક્રિયામાં 'હું કરું છું' એ ભાન ન રહે અથવા
ફળની ઇચ્છા ન રહે, તે સંન્યાસ યોગ.
આત્મા શુદ્ધાત્મામાં જ વર્તે, તે સંપૂર્ણ સંન્યાસ છે.
કર્તૃત્વાભિમાન + ફળની આશંસા ન રહે, તે સંન્યાસ છે.
દેહમાં આસક્ત અને આત્મામાં અનાસક્ત -
એવી આપણી જે વર્તમાનની દશા છે, તેને
આત્મા જેમાં તન્મય નથી, તેનો ત્યાગ કર્યો ઇત્યાદિ.

'સ્થિતપ્રજ્ઞ' એટલે સ્વરૂપજ્ઞાન સહિત
પ્રજ્ઞામાં જે સ્થિર થયા છે, તે સ્થિતપ્રજ્ઞ છે એટલે
સાર શું - અસાર શું છે, તેને જાણી છે, તે સ્થિતપ્રજ્ઞ
આત્મહિત પરિણામવાળો છે, એમ ઈત્યાદિ. પ્રજ્ઞાનાં ફળ|
આવરણ તૂટે, તેમ રાગ જાય અને
દ્વેષ જાય, તેમ અજ્ઞાન ટળે.
આત્મસ્વરૂપ થયા વિના સાચી સહનશક્તિ ન આવે.
એક એક આત્મામાં આખા બ્રહ્માંડને
પ્રકાશિત કરવાની શક્તિ છે.
શ્રદ્ધા એ પ્રજ્ઞા છે અને વર્તન એ આત્મા છે.
પરાયું છે, તેને પોતાનું ન માનવા દે અને
પોતાનું છે, તેને કદિ પરાયું માનવા ન દે, તે પ્રજ્ઞા.
બંધ અજ્ઞાનથી છે અને મોક્ષ પ્રજ્ઞાથી છે.
આકુળતા વડે - ઉપયોગ વડે શું જાય?
રાગ, દ્વેષ, અજ્ઞાન, મલ, વિક્ષેપ અને આવરણ.
શુદ્ધ આત્મામાં યોગ - ક્ષેમ કરવાનું રાખવું છે.
'યોગ' એટલે શુદ્ધાત્મા સાથે જોડાણ અને
'ક્ષેમ' એટલે યોગ બાદ થતું રક્ષણ.
આત્મા સાથે બાંધી આપી, તેનું નામ બ્રહ્મસંબંધ.

'જિન' એટલે શુદ્ધ આત્મદશાની દશા,
જાણે અને જિનને જે ભજે, તે જૈન.
જ્યાં જૈનત્વ, ત્યાં કષાય નહિ અને
જ્યાં કષાય, ત્યાં જૈનત્વ નહિ.
કષાયરહિત થવું, તે જ વીતરાગનો ધર્મ.
<u>અણોરણીયાન્ મહતો મહીયાન્</u> । શ્રુતિઃ
આત્મા ગુરૂથી પણ ગુરૂ છે અને લઘુથી પણ લઘુ છે.
બન્ને સ્થળે તેમ લાગે છે : ગુરૂતમ અને લઘુતમ.
આત્મા અચળ છે, ચંચળ નહિ. ચંચળ છે, તે તો મન છે.
પરરમણતા જાય તો સ્વરમણતા આવે. આત્મરમણતા
એજ સાચી સ્વરમણતા - બાકી બધી પરરમણતા છે.
તેની જુદી અવસ્થાઓની રમણતામાંથી છોડાવી
આત્માની રમણતામાં જોડે છે.
અવસ્થા બદલાય છે, કિન્તુ આત્મા કાયમ છે.
અવસ્થાની રમણતામાં રાગ અને દ્વેષ છે, કિન્તુ
સ્વરૂપરમણતામાં તે મટી જાય છે.
રાગ-દ્વેષ મટવાથી વીતરાગ અને સર્વજ્ઞ થવાય છે.
પ્રકૃતિ રમણતામાંથી છૂટી સ્વરૂપરમણતામાં આવવું,
તે જ વીતરાગનો માર્ગ છે, મોક્ષમાર્ગ છે.

મોક્ષ કર્મક્ષયથી થાય, કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય.
આત્મજ્ઞાન ધ્યાનથી થાય, ધ્યાન સામ્યથી થાય અને
સામ્ય એ ધ્યાનથી નિષ્કંપ બને,
પુદ્ગલથી ભેદનો અનુભવ અને આત્માથી
અભેદનો અનુભવ, તે સામ્યને નિષ્કંપ બનાવે છે.
જ્યાં સુધી સ્વરૂપભાન નથી, ત્યાં સુધી જીવ પ્રકૃતિ
રૂપ છે. જે જે ક્રિયા કરાય છે, તે પ્રકૃતિના નાચ છે.
નાચે છે પ્રકૃતિ અને માને છે કે 'મેં કર્યું', તે ગર્વ.
જ્ઞાની ન મળે, ત્યાં સુધી ભક્તિ માંગવી અને
જ્ઞાની મળે, તો મોક્ષ માંગવો. અખો કહે છે કે:
'જો તું જીવ - તો કર્તા હરિ,
જો તું શિવ - તો વસ્તુ ખરી.'
'તું હી - તું હી' એ ભક્તિનું - 'અહમેવ સઃ' એ જ્ઞાનીનું
કથન છે. 'તું હી'માં વ્યાકુળતા - સ્વમાં સ્વસ્થતા હોય.
ભક્તિ કરતાં નિદિધ્યાસન વધે. નિદિધ્યાસનમાં એકત્વ જ
- ભક્તિમાં બે રૂપ રહે. ભક્તિ પોતાથી અધિકની કરે.
ગુરુ સાંભળ્યા બાદ જ સાચી ભક્તિ થાય.
'આરાધના' શબ્દમાં 'રાધા' શબ્દ છે,
એટલે જ્યાં રાધા હોય, ત્યાં કૃષ્ણ આવે જ.

ચિત્તને બાંધવા માટે માળા એ નવકારવાળી છે.

ભક્તિ = ગુણીના ગુણોનો વિનય – એક મોક્ષમાર્ગ છે.

'પહેલાં મુક્તિ – પછી સાચી ભક્તિ' એનો અર્થ છે:
હૃદયમાં નિશ્ચય બેઠો હોય, તો વ્યવહાર શુદ્ધ થાય.

ધ્યાન શું છે? ધ્યાન એક આત્મા છે.

'હું શુદ્ધાત્મા છું' એવું ધ્યાન તે જ ઉત્કૃષ્ટ ભક્તિ.
ધ્યાનીનું તે નિદિધ્યાસન છે અને ભક્તની છેલ્લી ભક્તિ
પણ તે જ છે કે 'હું શુદ્ધાત્મા છું' એવો અનુભવ કરવો.
ઉપયોગ એટલે જાગૃતિ અને જાગૃતિ એ જ ધ્યાન.
'હું શુદ્ધાત્મા છું' એવો ભાવ નહિ, લક્ષ્ય રહે તે ધ્યાન.
જ્યાં તું અને હું જુદા છે, ત્યાં સૂક્ષ્મ માયાનો અંશ છે.

'મારું – તારું' ગયું એટલે...

અભેદ થઈ ગયો અને માયા ગળી ગઈ.

ભગવાન એ નામ નહિ, પરન્તુ વિશેષણ છે.
જેને ભગ = ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે, તે ભગવાન છે.

કીર્તન ભક્તિ ક્યારે? ક્યારેય અપકીર્તિનો વિચાર ય ન
આવે, તે કીર્તન – ભક્તિ. તેમાં અચિંત્ય શક્તિ છે.
'મોક્ષ' એટલે મન – વચન – કાયાની ક્રિયાથી મુક્તિ.

'મોક્ષમાર્ગ' એટલે પ્રભુની આજ્ઞા.

આત્મદર્શન સ્વયંબોધ ન થાય, જ્ઞાનીનું નિમિત્ત જોઈએ.
જે મહાત્મા એક ક્ષણવાર પણ દેહનો માલિક ન રહે,
તે આખા બ્રહ્માંડનો માલિક છે.
અત્યારે મોક્ષ બંધ છે પણ મોક્ષમાર્ગ ખુલ્લો છે.
હાલ કાર્યમોક્ષ નહીં, પરન્તુ કારણમોક્ષ તો છે.
કારણમોક્ષ મળે, તો એકાવતારી થવાય.
બધા મોહ જિતાય છે પણ મનનો મોહ જિતાતો નથી.
વિષયના મોહ કરતાં પણ મનનો મોહ બળવાન છે.
'સાધુ થવું' એટલે... સાદા - સરળ થવું,
સાદું simple થવું તથા complexથી છૂટી જવું.
સ્વસ્વભાવમાં જે પરિણમે, તે ધર્મ અને
કષાયોને જે ઓછા કરે, તે ધર્મ.
જાપ કરવો એ વાણીનો - ધ્યાન કરવું એ મનનો
અને પૂજા - પાઠ કરવા, તે દેહનો ધર્મ છે.
દરેક વસ્તુ તેના પોતાના ધર્મમાં જ રહે છે.
કાનનો ધર્મ સાંભળવું, આંખનો ધર્મ દેખવું,
નાકનો ધર્મ સુંઘવું, જીભનો ધર્મ ચાખવું.
અંતઃકરણના ધર્મ જુદા તથા
મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારના ધર્મ જુદા જુદા.

મન - બુદ્ધિ - ચિત્ત - અહંકારના ધર્મ સાથે આત્માએ
તન્મયાકાર થવું, એ જ ભ્રાંતિ - વિપર્યાસ - ભૂલ અવિદ્યા.
પોતે આત્મા થવું હોય, તો કોઈના પક્ષપાતમાં પડ્યા
વિના નિષ્પક્ષપાતી રહેવું જોઈએ. પોતે છૂટો રહીને
બધાને જુએ - જાણે, ત્યારે જ ધર્મ થયો કહેવાય.

સાપેક્ષ અથવા Relative ધર્મ એટલે...
દેહાદિના ધર્મોને પોતાના ધર્મ માનવા તે.

સત્ય અથવા real ધર્મ એટલે...
આત્માર્થે આત્મા વડે આત્મામાં જ રહેવું તે.

સાપેક્ષ ધર્મ સોપાધિક - આત્મધર્મ નિરૂપાધિક ધર્મ છે.
જ્યાં પક્ષ ત્યાં મોક્ષ નહિ, જ્યાં મોક્ષ ત્યાં પક્ષ નહિ.
આત્મા ઉપર 3 કપડાં છે: મન - વચન અને કાયાના.
તે ત્રણેને કાઢે, તે સાચો દિગંબર.
મન, વચન અને કાયારૂપી કપડાં એ જ મોટામાં મોટો
પરિગ્રહ છે. એને કાઢવાનો છે, નહિ કે કેવળ દેહનાં કપડાં.
વસ્તુ સ્વગુણ - ધર્મમાં પરિણમે, તેને 'ધર્મ' કહેવાય.
સંસાર આખો દગો છે, એમાં કોઈ આપણો સગો નથી,
એ વૈરાગ્યનું સાચું સ્વરૂપ છે.
સંસાર જ એવો છે કે ખરે સમયે કોઈ સગું ન થાય.

## જીવનમાં શું છોડવું ? શું ગ્રહવું ?

દુનિયા બહારી દેખાવમાં તો રળીયામણી, કિન્તુ
અંદરથી ફરી ફરીને મરવાની અને જન્મવાની ફેક્ટરી.
રાગ અને દ્વેષ, અહંકાર અને મમકાર છોડવાનાં છે
અને શુદ્ધાત્માને ગ્રહણ કરવાનો છે.

ક્રમિક માર્ગ = step by step.
કંઈક છોડવું અને કંઈક ગ્રહણ કરવું.

## ગુરુતત્ત્વનો મહિમા

दुष्कृतं न गुरोर्ब्रूयात्, क्रुद्धं चैनं प्रसादयेत् ।
परिवादं न श्रृणुयात्, अन्येषामपि जल्पतां ॥

અર્થાત્: ગુરુની ભૂલો કે દોષો જોવા નહિ.
ગુરુ રોષ પામ્યાં હોય, તો તેમને પ્રસન્ન કરવા.
બીજા (ગુરુની ભૂલો વિષે) બોલતાં હોય,
તો પણ ગુરુની નિંદા ન સાંભળવી.

## અનુભવ સિદ્ધ સાચો ઉપદેશ.

'મિચ્છામિ દુક્કડં'નો સાચો અર્થ શું ?
કહ્યું છે કે : forget and forgive.
ભૂલી જાઓ અને જતું કરો.
ભૂલી જાઓ એટલે જતું થઈ જ જાય છે.

<u>વિદ્વત્તા એ પ્રયત્નસાધ્ય છે, જ્ઞાન એ કૃપાસાધ્ય છે.</u>

જ્ઞાન કૃતજ્ઞતા અને વિનમ્રયુક્ત છે.

પશુજીવન વૃત્તિપ્રધાન છે, માનવજીવન વિચારપ્રધાન છે અને દિવ્યજીવન વિવેકપ્રધાન છે અર્થાત્ અનુક્રમે

Instinct - Intellect - Intuition.

વિવેકમાં અંતર્મુખતા મુખ્ય છે.

દેહ - આત્માનું ભેદજ્ઞાન વૃત્તિને અંતર્મુખ બનાવે છે.

'દેહ એજ આત્મા'

આ બુદ્ધિ તમામ પાપોની જનેતા છે.

આત્મજ્ઞાન માટે ધ્યાન - ધ્યાન માટે સમતા જરૂરી છે.

સમતા એ સર્વ જીવો સાથે સમાનતાની ભાવનારૂપ છે અને 'પોતાના આત્માનું ધ્યાન સ્વરૂપતત્ત્વથી પરમાત્મતુલ્ય છે' એ ભાવનાની સાથે તાદાત્મ્યરૂપ છે.

<u>પ્રશ્ન</u> : સંસારનાં સુખ પુણ્યે આપ્યાં, તો તેને ભોગવવા જોઈએ કે નહિ? <u>ઉત્તર</u> : નહિ.

પુણ્યે આપેલી સામગ્રી ભોગવો નહિ પણ ત્યાગ કરો.

ટી.બી. દર્દ, તેમ પુણ્યે આપેલા સ્ત્રીને ય ન ભોગવાય,

જેમ ટાઈફોઈડ તાવમાં લગ્ન પ્રસંગે પુણ્યે મળેલાં,

પણ પાંચ પકવાન ખવાય નહિ,

ભયથી થયો હોય, તેણે પુણ્યે આપેલ બહુ મોટરકાર ભોગવાય નહિ, તેમ સંસારના રાગ-દ્વેષની અવસ્થામાં રહેલાં પુણ્યે આપ્યું - તે ભોગવવું, એમ માને તો તે આત્માનો વિનાશ કરવા બેઠું છે.

ભોગવાસનાનું પડ હોય ત્યાં શુદ્ધ આત્મદર્શન થાય નહિ અને આત્મદર્શન ન થાય, ત્યાં શુદ્ધ ધર્મ પામવો મુશ્કેલ.

દુ:ખને સમતાભાવે સહ્યાં વિના પાપ ખપતું નહિ. જીવને સુખ કે માન મળે, તો પુણ્ય ખપે છે અને દુ:ખ કે અપમાન મળે, તો પાપ ખપે છે.

દુ:ખ જો સહતાં આવડે તો પાપ પલાયન થઈ જાય.

ધર્મ કરવો છે, તેને સુખ સાથે મેળ ન હોય.

સંસારનું સુખ અને ધર્મ -

બંને સાથે કોઈ કાળે રહી શકતાં નહિ.

સુખ મેળવવાની લાલસા સમતાની વિરોધી છે, માટે સમતા મેળવવા સંસારનાં સુખની લાલસા છોડી અને મોક્ષની ઇચ્છા હોય તો ધર્મનું સેવન કરો.

મન = રૂપની સૃષ્ટિ, નામ = વસ્તુનો વિસ્તાર. રૂપની સૃષ્ટિને સ્વરૂપમાં પલટાવી નાંખવાની અને નામની સૃષ્ટિને અનામમાં વિલીન કરવાની પ્રક્રિયા પ્રભુના નામસ્મરણથી થાય છે.

નામસ્મરણના ચાર પગથિયાં

નામથી પ્રેમ, પ્રેમથી ભાવ, ભાવથી મહાભાવ અને
મહાભાવથી ભાવાતીત નિત્ય ધામમાં પ્રવેશ.

આપણે નામરૂપના બંધિયાર ઓરડામાં કેદ છીએ.
આ શરીર સાથે એટલા તો જડ થઈ ગયા છીએ કે જેનું
નામ સાંભળતાં જ આપણા કાન સરવા થઈ જાય છે,
એના રૂપની કે કુરૂપની ચર્ચા થતાં જ
આપણું મન ઊંચું - નીચું થઈ જાય છે.
જ્યારે જોઈએ ત્યારે આ નામરૂપની નગરીમાં આપણે
આપણું સ્વત્વ ગુમાવીને જીવીએ છીએ.
ઈંદ્રિયસુખનો આધાર બહારના વિષયો ઉપર અને
મનની પ્રસન્નતાનો આધાર બીજાના અભિપ્રાયો ઉપર
ત્યારે આપણું પોતાપણું ક્યાં રહ્યું?
ત્યારે સાચા સુખની આશા ક્યાં રહી?
'પરાધીન સપને હુ સુખ નાંહી'
ચારે બાજુના લોભ, પ્રલોભન, વાદ, પ્રતિવાદ -
તો આપણને ચોરધાડે લૂંટે છે.
આ પરિસ્થિતિમાંથી છૂટવાનો ઉપાય?
નિર્લેપ સત્યનો સંગ, સત્સંગ.

આવા સંગ માટે પ્રભુ તલસી ઉઠે,
ત્યારે આત્મવાન થઈ જાગી ઉઠવાનું.
પરોઢ ફાટે, ત્યારે આપણને સમજાવા લાગે કે
હરિનામના શબ્દનો તીરો ફગાવા દઈને
આપણે ક્ષુદ્ર વસ્તુઓમાં - નકામા વાતચીતોમાં
જીવન વેડફી નાંખીએ છીએ. 'સુરત ફરી વાટી ઘર સે.'
જે આપણું અસલ ઘર, મૂળ વતન, તેના ઉપર ધ્યાન
કેન્દ્રિત કર્યા વિના ક્યાંયે શાંતિ મળવાની નથી.

## એ ઘર ક્યાં આવ્યું?

આ નાશવંત શરીરમાં જ એ અવિનાશી પદ,
આ વિષાદનાં આંગણામાં જ એ આનંદનું નિત્યધામ
અને તેનું અનુસંધાન કરાવે છે પ્રભુ નામસ્મરણ!
એટલા માટે જ નામસ્મરણનો આટલો મહિમા છે.
'નામજપ મંગલ દિશિ દસહૂં.' પ્રભુનું નામ જપવાથી
જીવનની બધી જ દિશાઓ મંગળમય બની જાય છે.
નામ - નામીના અસ્તિત્વનો અનુભવ ક્યારે?
આપણું આ મુઠ્ઠીભર ખાકનું માળખું જ્યારે
અમૃતરસનો ભંડાર બની જાય, ત્યારે
નામ - નામીના અસ્તિત્વનો અનુભવ થાય છે.

આવા નામસ્મરણનું પાન કરીને જ સંતો સંસારના
વેર રૂપી ઝેરને પચાવીને વિરોધ વિસંવાદને મૂળમાંથી
મિટાવીને ગાઈ શક્યા છે કે : 'છૂટે ખાંડા ભરમ કા...'
નામસ્મરણના આ અભ્યાસથી 'આ હું શરીર' એવા
દેહની ભાવનાનો છેલ્લો અંશ પણ છેદાઈ જાય છે.
'મન વિ ભઈઉ પરગાસુ' મનમાં પ્રકાશ થઈ જાય છે
કે : 'હું ચિદાનંદમય અવિનાશી આત્મા છું.'
'કાટી બેરી પગહતે' એનો અહીં ભાવ થાય છે કે:
પગમાં જે જન્મ - મરણની બેડી પડી હતી,
તે સતગુરુએ કાપી નાંખી, બંદીવાનને મુક્ત કરી દીધો.
'બિસરુ સિમરત સંકટ છૂટ વિ, અનંદ મંગલ વિસરામ,
નાનક જપિએ સદા હરિ, નિમિષ ન બિસરઉ નામ...(૧)
ગુરુ કે સબદિ આરાધીએ, નામ રંગિ બૈરાગુ;
જીતે પંચ બૈરાઈઆ, નાનક સફલ મારૂ રાગુ' ...(૨)
ગુરુનાં વચનોની આરાધના કરતાં રહીએ,
જેનાથી હરિનામમાં પ્રેમ - વાસના પ્રત્યે વૈરાગ્ય જાગે.
રૂહમાં ઉત્સાહ જગાડવાને માટે 'મારૂ' નામનો રાગ
ગાવા - બજાવવામાં આવે છે પણ સાચો મારૂ રાગ તો
આંતરશત્રુઓને મારી હઠાવવામાં છે.

સોરઠ રાગ એવો મધુર છે કે જે કદી નીરસ થતો નથી.
રામનામનું ગુણગાન પણ એવું જ રસમધુર છે.

હે મિત્ર ! રામનામ ગાઈ લે,
હરિને સમરતાં તારી લાજ રહેશે,
હરિને સમરતાં તને જમ કાંઈ નહિ કરી શકે.

- જન્મભૂમિ, તા. ૨૯ ૬/૭૫, મકરન્દ દવે

પ્રભુ એ ભવાટવીમાં સાર્થવાહ, ભવસમુદ્રમાં નિર્યામક અને ભવવનમાં મહામાહણ અને મહાગોપ કહેવાય છે.

સાર્થવાહ દુઃખથી બચાવે છે,
દુષ્કૃતગર્હા સાર્થવાહના સ્થાને છે.

નિર્યામક દુર્ધ્યાનથી બચાવે છે, સુકૃતાનુમોદના શુભ ધ્યાનના સ્થાને છે અને તેથી દુર્ધ્યાનથી બચાય છે.

શરણાગમનરૂપી મહામાહણ અને મહાગોપ
દુર્ગતિનો નાશ કરે છે.

દુઃખ, દુઃખફળ રૂપી દુર્ધ્યાન અને દુર્ધ્યાનના મૂળ રૂપ દુર્ગતિથી બચાવનાર અનુક્રમે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને શરણાગમન છે, તેથી તે ત્રણેને પણ અનુક્રમે ભવાટવીમાં સાર્થવાહ, ભવસમુદ્રમાં નિર્યામક અને ભવવનમાં મહાગોપ અને મહામાહણની ઉપમા ઘટે છે.

શરણાગમનમાં અનાદિ કર્મનો સંબંધ નાશ કરવાની શક્તિ છે. કર્મના સંબંધથી ઉત્પન્ન થતાં ભવનો નાશ કરવાની શક્તિ દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનમાં છે.

ઇચ્છામિ સુક્કડં અને મિચ્છામિ દુક્કડંપૂર્વક શુદ્ધાત્મસ્વરૂપ એવા અરિહંતાદિના શરણાગમનમાં મોક્ષ આપવાનું સામર્થ્ય છે.

જીવ અનાદિ છે, ભવ અનાદિ છે અને એ ભવનું કારણ જીવ અને કર્મનો સંબંધ પણ અનાદિ છે.

એ સંબંધનો વિચ્છેદ કરનાર આરાધનાનાં ત્રણે પ્રકારોની વિદ્યમાનતા પણ અનાદિકાળથી છે. પરમેષ્ઠિ નમસ્કાર દ્વારા તે ત્રણે પ્રકારો સધાય છે.

દુષ્કૃતગર્હા - દુષ્કૃતવર્જન, સુકૃતાનુમોદના - સુકૃતસેવન, ચતુઃશરણ અને સ્વરૂપરમણ - તે અનુક્રમે જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞારૂપ છે.

નમસ્કારભાવ એ જ્ઞ પરિજ્ઞા અને સર્વ સાવદ્યના ત્યાગરૂપ પરિણામ તે પ્રત્યાખ્યાન પરિજ્ઞા. એકનું નામ નમસ્કાર અને બીજાનું નામ સામાયિક છે.

સામાયિક એ ધર્મનો રસ છે અને નમસ્કાર એ ધર્મના રસનો રસ છે.

પરમેષ્ઠિ નમસ્કાર એ

ભાવનિર્જરા અને આત્મહિત પરિજ્ઞાનો હેતુ છે.

હિતાહિત અને સારાસારને પરખવાનું કામ બુદ્ધિનું છે.

તેને 'આત્મહિત પરિજ્ઞા' પ્રગટ કરે છે.

આત્મહિત પરિજ્ઞાના બે પ્રકાર

'જ્ઞ પરિજ્ઞા' તથા 'પ્રત્યાખ્યાન પરિજ્ઞા'

'જ્ઞ પરિજ્ઞા' એટલે આત્મહિતને જાણવું તથા

'પ્રત્યાખ્યાન પરિજ્ઞા' એટલે આત્મહિતને કરવું.

આત્માનું હિતાહિત શેમાં છે, તે જાણીને

અહિતનો પરિહાર અને હિતનો અંગીકાર કરવો,

તેનું જ નામ 'આત્મહિત પરિજ્ઞા' છે.

'બોધિ દુર્લભ છે' તેનો અર્થ આત્મહિત પરિજ્ઞા દુર્લભ છે.

મોક્ષમાર્ગ ત્રણ પ્રકારનો છે, જેમાં

સુકૃતની અનુમોદના એટલે...

સારું થાય, ત્યારે ભગવાનનો ગુણ માનવો તે.

દુષ્કૃતની ગર્હા એટલે...

નરસું થાય, ત્યારે પોતાનો દોષ જોવો તે.

શરણાગમન એટલે... શુભાશુભ કર્મના ઉદયની પાછળ

કર્મનિરપેક્ષ પોતાનો શુદ્ધાત્મા જોવો તે.

પોતાનો દોષ જોવાથી = દોષથી મુક્ત થવાશે.
બીજાનો ગુણ કે ઉપકારને જોવાથી = ગુણયુક્ત થઈ જવાશે.
ઉપકારીના ઉપકારને ન જોવો એજ મોટો દોષ છે.
આ દોષ ઉપકારને જોવાથી જ ટળી શકે છે એટલે
શુભાશુભ બંનેનો સદુપયોગ કરાય, તો મોક્ષ હાથમાં છે.

શુભનો સદુપયોગ બીજાના ગુણ જોવામાં અને
અશુભનો સદુપયોગ પોતાના દોષ જોવામાં જે કરે, તે
ઉભયના આશ્રિત એવા પોતાના આત્માને સાચા
સ્વરૂપમાં ઓળખી શકે. આત્માને સાચા સ્વરૂપમાં
ઓળખીને તેમાં જ સ્થિર થવું, તે શરણાગમનરૂપ
ધર્મધ્યાન જ નહિ પણ શુક્લધ્યાનનું કારણ બને છે.

કર્મનો વિચાર ધર્મધ્યાનનું કારણ છે.
શુદ્ધાત્માનું ધ્યાન તે શુક્લધ્યાનનું કારણ છે.
ધર્મધ્યાનથી રૌદ્રધ્યાન મટે છે.
શુક્લધ્યાન વડે આર્તધ્યાનનો અંત આવે છે.

અપધ્યાન એટલે...

અર્થ વગર, હેતુ વગર જે ક્રિયા કરવામાં આવે તે.
રૌદ્રધ્યાન બીજાને પીડાકારી છે, જ્યારે
આર્તધ્યાન પોતાને જ પીડાકારી છે,

ક્રોધમાં બીજાને દુઃખ દેવાનો ભાવ છે,
માનમાં બીજાનો તિરસ્કાર છે,
માયામાં બીજાને ઠગીને પોતાને લાભ લેવાનો ભાવ છે
અને લોભમાં બીજાની પાસેથી લઈ લેવાનો ભાવ છે.
ક્રોધ થાય, એ એક પ્રકારનું ધ્યાન છે પણ જો
'તે કરવા જેવો છે' એમ માને,
તો તે રૌદ્રધ્યાન બની જાય છે.

**અશુભ ધ્યાનને શુભ ધ્યાનમાં ફેરવવાના ઉપાય**

(૧) ભૂલનો એકરાર કરવો, પસ્તાવો કરવો, ક્ષમા માગવી
તથા ફરી તેવી ભૂલ ન કરવાનો દૃઢ નિશ્ચય કરવો.
ફરી ભૂલ થાય, તો ફરી ક્ષમાપનાદિ કરવાં,
એ ઊંચામાં ઊંચું ધર્મધ્યાન છે. ધર્મધ્યાન મોક્ષનું
કારણ છે અને શુક્લ ધ્યાન મોક્ષની ઉપલબ્ધિ છે.
(૨) કોઈ આપણું અહિત કરે - અપમાન કરે,
ગજવું પણ કાપે, તો એમ વિચારવું કે:
તે આપણાં અશુભ કર્મના ઉદયે છે,
કરનાર જીવ તો માત્ર નિમિત્ત છે અને
એ નિમિત્તનો ઉપકાર માનવો કે
'તેણે મને એક કર્મથી મુક્ત કર્યો!'

(3) કષાયના ઉદયકાળે આવું નિમિત્ત નિર્દોષ દેખાય,
એના માટે કિંચિત્ પણ ભાવ ન જાગે અને
'આપણાં પોતાના જ કર્મના ઉદયનું ફળ છે'
એ ભાન કાયમ રહે, તો એ કર્મથી મુક્ત થવાય.
કર્મમુક્તિ એ ધર્મધ્યાનનું ફળ છે.

(૪) સંસારીના વાતાવરણમાં પણ જે જીવને જરાયે
ક્લેશ ન થાય, તેનું નામ કષાયમુક્તિ અથવા મોક્ષ.
વિષમ સંયોગોમાં સમતા રાખવા, એને માટે વિચારવું કે:
'કષાયથી મુક્ત થવાનો અમૂલ્ય અવસર - તક મળી છે.'
આ રીતે વિચારવાથી સંયમની શક્તિ વધતી જાય છે.

(૫) વિષમ સંયોગોમાં ધર્મધ્યાન રહે, તો 3 લાભ થાય:
(I) વેર ન બંધાય (II) કુદરતના નિયમનો સાક્ષાત્કાર થાય
અને (III) ધર્મધ્યાન કરવાની તક ન ગુમાવાય.

## લોકસંજ્ઞા અને શાસ્ત્રસંજ્ઞા

લોકસંજ્ઞા પણ એક પ્રકારે
લોકોને ગુરુ માનવાની ભાવનારૂપ છે.
શાસ્ત્રસંજ્ઞાથી લોકસંજ્ઞા મટે કે જે
Relative અર્થાત્ વ્યવહારમાં ધર્મધ્યાન છે તથા
Real નિશ્ચયમાં શુક્લધ્યાન છુપાયેલું છે.

સાચું સ્વરૂપજ્ઞાન પ્રગટે, ત્યારે
બહારમાં ધર્મધ્યાન અને અંતરમાં શુક્લધ્યાન વર્તે
તથા આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બહાર જ થઈ જાય.
શુદ્ધાત્માને વિશેષણ ન હોય, માટે 'નિર્વિશેષ' કહેવાય.
જેમ 'ભાગ્ય' શબ્દ ઉપરથી 'ભાગ્યવાન' શબ્દ આવ્યો છે,
તેમ 'ભગ' શબ્દ ઉપરથી 'ભગવાન' નામ આવ્યું છે.
કર્તા હોય, તેને ભોક્તા થવું જ પડે. જે નિમિત્તભાવમાં
જ માત્ર રહે, તે અકર્તા અને અભોક્તા પદને પામે.
આર્ત તથા રૌદ્રધ્યાન એ અધર્મધ્યાન છે, ધર્મધ્યાન એ
ભગવાનનું ધ્યાન છે અને શુક્લધ્યાન આત્મધ્યાન છે.
તાળી કૂંચીઓની એ કૂંચી છે કે : ભૂલને ભાંગવા માટે
ભૂલ કહેવી પડે અને બીજું ઉપરાણું ના લેવાય.
એનાથી ગમે તેવાં તાળાં ઉઘડી જાય. ભૂલને ભૂલ
તરીકે જાણતાં જ તે ભાગે, ઊભી ન રહે, ચાલવા માંડે.
એક તો ભૂલને 'ભૂલ' તરીકે જાણી નહિ, પાછો બીજું
ઉપરાણું લે, તેથી ભૂલને ઘરમાં જ જમાડવાનું થાય.
ભૂલનો પ્રતિકાર પણ બચાવ થાય, તો તે દશ ગણી
વધી જાય, અને જ્યાં સુધી તેનો સ્વીકાર ન થાય,
ત્યાં સુધી તેનો દશદશ ગુણી ગુણાકાર થતો જ રહે છે.

V.V. Imp.

જે ભોગવે, તેની ભૂલ.

પોતે ભોગવે અને અહીં ભૂલ બીજાની જુએ, તે જ મિથ્યાત્વ છે, એથી ભૂલને Extension મળે છે, તેને રહેવાની મુદતમાં વધારો કરી આપીએ છીએ.

એ નિયમ અફર છે કે : પોતાની ભૂલે જ પોતે બંધાય છે, બીજાની ભૂલે બીજો બંધાય નહિ.

આત્માની અંદર અનંત ભૂલો છે, તેમાંથી થોડી જ માત્ર દેખાય છે પણ જે દેખાય છે, તેને કબૂલ કરતો જાય અને તેથી પાછો ફરી જાય, તો બીજી ભૂલો એની મેળે દૂર થવા જ લાગે છે.

એક જ ભૂલ કબૂલ કરવામાં ન આવે, તો તે ભૂલ અનંત અવતાર બગાડી નાંખે છે અને કબૂલ કરવામાં આવે, તો અનંત ભવ સુધારી દે છે.

બે પ્રકારની ભૂલો : મૂળભૂત અને ગૌણ.

Blunder અને mistake.

મોટી સ્થૂળ ભૂલો પ્રતિક્રમણથી જાય,

નાની સૂક્ષ્મતમ ભૂલો તેને જોવાથી જાય.

અતિક્રમણની સાથે જ પ્રતિક્રમણ થવું જોઈએ.

દોષ દેખાયા વિના પ્રતિક્રમણ કેમ થાય?

આપણે પ્રભુ પાસે માગીએ છીએ કે:

'હું તો દોષ અનંતનું ભાજન કરુણાળ,
દીઠા નહીં નિજ દોષ, તો તરીએ કોણ ઉપાય?'

જે દોષો સ્થૂળ હોય તે બુદ્ધિથી દેખાય,
સૂક્ષ્મ દોષ જ્ઞાની જોઈ શકે નહિ, પોતે જ જુએ તો
દેખાય, સૂક્ષ્મતમ દોષ દેખવામાત્રથી દૂર થઈ જાય.

મોટામાં મોટો દોષ = સ્વચ્છંદતા - સ્વમતિએ ચાલવું.
શિષ્ટ મતિને આધીન કરાય, તો જ તે દોષ જાય.

ભૂલને ઓળખતો થશે એટલે ભૂલ ભાંગે.
અનાદિકાળથી જીવને પોતાની ભૂલ અને જ્ઞાનીનો
ગુણ દેખાયો નથી. ભૂલ જ્ઞાનીમાં અને ગુણ પોતામાં,
એ કલ્પનામાં જ હંમેશાં રાચતો રહ્યો છે,
તેથી તેનામાં પાત્રતા વિકસી નથી.

પાત્રતાને વિકસાવવાનો ઉપાય એક જ છે કે:
ભૂલ પોતાની જોવી, ગુણ જ્ઞાનીના જોવા. ભૂલ જોવાથી
નમ્રતા અને ગુણ જોવાથી કૃતજ્ઞતા ગુણ કેળવાય છે.
જેમ જેમ નિષ્પક્ષતા અને ન્યાયીપણું વધે, તેમ તેમ
પોતાના દોષ દેખાય. સંપૂર્ણ નિષ્પક્ષપાતીપણું આવે,
ત્યારે પોતે પોતાના બધા જ દોષો જોઈ શકે છે.

'સમ્યક્ત્વમોહનીય કર્મ'નો અર્થ છે:

દોષોને નિરંતર જોવા અને તેનાથી પાછા ફરવાનો ધર્મ.
તે જ જિનધર્મ છે. મોક્ષમાર્ગમાં મોટામાં મોટા અંતરાયો
સ્વચ્છંદ - અભિમાન છે. મોક્ષે જતા જ્ઞાન સિવાય વસ્તુ
નડતી નથી, માત્ર પોતાની આડાઈ જ આડે આવે છે.
પોતાની ભૂલ લાગે, તે 'ભગવાન' કહેવાય.
મોક્ષ એટલે નિર્દોષતા.

જ્ઞાન દોષોને દોષ ગણતાં નથી. સ્વરૂપનું અજ્ઞાન
એજ મોટામાં મોટો દોષ છે, સ્વરૂપનું ભાન થાય,
પછી જ્ઞાન દોષો આપોઆપ ચાલ્યા જાય છે.
સ્વરૂપજ્ઞાનની પ્રાપ્તિ પછી પોતે નિષ્પક્ષપાતી બને છે.
મન - વચન - કાયા ઉપર પક્ષપાત ન રહે,
તેથી તેમની ભૂલો સ્પષ્ટ દેખાય.
'હું શુદ્ધાત્મા છું, બાકીનું બધું સ્વરૂપ મારું નથી'
એ સમજાય, પછી જ નિષ્પક્ષપાતી થવાય.
નિષ્પક્ષપાતી થાય = પોતાના બધા જ દોષો દેખાય.
પોતાના દોષો દેખાવાનું શરૂ થાય અને
મનનો ઉપયોગ અંતર તરફ જ રહે,
એટલે જ્ઞાન જીવોના દોષો ન દેખાય.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨)**

દૂધમાં ઘી ને ફૂલમાં સુગંધ સાર છે, તેમ લોકમાં ચૈતન્ય અને તેમાં કૈવલ્ય ઉત્તમ છે. (૧) લોક જીવ અને અજીવમય છે. એનો કર્તા પરમેશ્વર છે. તે સિદ્ધ, શુદ્ધ, સનાતન સ્વરૂપને સ્વયં ધારણ કરે છે. (૨) ઓંકાર સિદ્ધનો વાચક છે, અર્હં પણ સિદ્ધનો વાચક છે. સર્વ સંગથી મુક્ત, સિદ્ધ અને કેવલ વડે જણાતો હોવાથી તે અર્હં જ તાત્ત્વિક લોકો વડે 'પરમેષ્ઠિ' કહેવાય છે. (૩) -અર્હદ્ ગીતા

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૦)**

આ ભગવાનની કૃપાથી સર્વ દુઃખોનો ક્ષય થાય છે અને પ્રસન્ન ચિત્તવાળી બુદ્ધિ જલ્દી વિકાસ પામે છે. (૧) ઉપયોગરહિતને બુદ્ધિ અર્થાત્ જ્ઞાન નથી, ભાવના નથી અને ભાવનારહિતને શાંતિ નથી. અશાંતને સુખ ક્યાંથી? (૨)

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૭)**

છ જીવનિકાયને હિતકારી પરમાત્મતત્ત્વ ધ્યાન કરવા યોગ્ય ધ્યેય છે. સકલસત્ત્વહિતાશય સ્વરૂપ પોતાના આત્માનો પરિણામ તે 'ધ્યાન' છે. સમસ્ત જીવરાશિ પ્રત્યે સ્નેહનો પરિણામ તે ધ્યાતાનું લક્ષણ છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૮)**

બીજી વ્યક્તિમાં ગુણ ન હોય તો પણ આર્ય ગુણ બોલે અને દુર્જન બીજામાં દોષ ન હોવા છતાં દોષ બોલે. તો ગુણ કે દોષ બંને ન હોવા છતાં આર્ય ઉર્ધ્વગતિ અને દુર્જન અધોગતિ પામે છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૪૦)**

મૂર્ચ્છા એટલે મમત્વ પરિણામ. લોભ એ હિંસાનો પર્યાય છે.
પરિગ્રહનું પ્રમાણ કરવું અને તેનાથી અધિકમાં નિઃસ્પૃહતા કેળવવી.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૬૫ - ૪૫)**

અભયસ્વરૂપ ચારિત્ર જેના ચિત્તમાં પરિણામ પામ્યું છે, એવા અખંડજ્ઞાનરૂપી રાજ્યવાળા સાધુને ભય ક્યાંથી? - જ્ઞાનસાર

૦ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ - આ ૬ જીવનાં લક્ષણો છે.

- નવતત્ત્વ ૫

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૬૬)**

જે આત્મસ્વરૂપની ભાવના વિના પરમેષ્ઠિની સેવા (નમસ્કાર) કરે છે, તે પુણ્ય બાંધે છે, પરંતુ કર્મની નિર્જરા કરતો નથી. (૧) અરિહંતાદિ પ્રત્યે શ્રેષ્ઠ ભક્તિ, સર્વ જીવો પ્રત્યે કરૂણા અને પવિત્ર ચારિત્ર પ્રત્યે રાગ - આ પુણ્યબંધના કારણો છે. (૨) ઉત્તમ મહાત્માઓ પ્રત્યે નિંદાનો ભાવ, સર્વ જીવો પ્રત્યે નિષ્કરૂણા, નિન્દિત આચરણ પ્રત્યે રાગ - આ પાપબંધને કરનાર છે. (૩)

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૭૦)**

પ્રાયઃ કરીને દુર્જનોને સંપત્તિ પણ અંતે દુઃખદાયી છે અને મહાત્માઓને વિપત્તિ પણ સુખદાયી હોય છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૭૯)**

લય એટલે ભાવથી અરિહંતાદિ ચાર શરણ રૂપ ચિત્તનો નિવેશ. પરમ લય એટલે આત્મામાં જ આત્માને લીન જૂએ તે. લય એટલે ભાવથી શુભધ્યાનપૂર્વકના અનુષ્ઠાનો વડે કર્મોનો નાશ કરવો. પરમ લય એટલે ઉપશમ અથવા ક્ષપકશ્રેણી.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૮૦)**

રાગ-દ્વેષ વિના માધ્યસ્થનું આલંબન લેવું તે સમાધિ. કાષ્ઠા ધ્યાન દ્વારા મનની એકાગ્રતા કેળવીને ઉચ્છ્વાસાદિનો પણ નિરોધ કરવો તે સમાધિ.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૯૩)**

તે બ્રહ્મા વિવિધ પ્રજાને સર્જન કરવાની ઈચ્છાવાળા શરીરથી છૂટા થયા, આથી જ સૌ પ્રથમ તેમણે બીજનું સર્જન કર્યું. તે સૂર્યની કાંતિ જેવું સોનાનું ઈંડુ થયું. તેમાં જગતના પિતામહ બ્રહ્મા સ્વયં ઉત્પન્ન થયા.

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૦૨)

અરિહંત, સિદ્ધ, પ્રવચન, આચાર્ય, સ્થવિર, બહુશ્રુત (ઉપાધ્યાય), તપસ્વી (સાધુ) - આ સૌ પ્રત્યે વાત્સલ્ય (ભક્તિ) તથા સતત જ્ઞાન ઉપયોગ, દર્શન, વિનય, આવશ્યક (ચારિત્ર), બ્રહ્મચર્ય, ક્રિયા, તપ, ગૌતમ, જિન, સંયમ, અપૂર્વજ્ઞાન, શ્રુતભક્તિ, પ્રવચન(તીર્થ) પ્રભાવના, આ ૨૦ કારણોથી જીવ તીર્થંકરપણું મેળવે છે.

### પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૦૩)

અવિચ્યુતિ, સ્મૃતિ અને વાસના - આ ત્રણ પ્રકારે ધારણા હોય છે. બુદ્ધિ અપાયરૂપ છે. (મતિજ્ઞાનનો અપાય ભેદ છે, એ રૂપ છે). અપાય એટલે નિશ્ચય, ઈહા એટલે વિચારણા, મતિ એટલે અવગ્રહ, ઉહ એટલે વિતર્ક.

### પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૦૪)

વિનયનું ફળ સેવા છે. સેવાનું ફળ શ્રુતજ્ઞાન છે. જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિનું ફળ આશ્રવનો રોધ યાને સંવર છે. સંવરનું ફળ તપ છે. (૧) તપનું ફળ નિર્જરા છે. નિર્જરાથી ક્રિયાની નિવૃત્તિ થાય છે. ક્રિયાની નિવૃત્તિથી અયોગીપણું પ્રાપ્ત થાય છે. (૨) યોગનિરોધથી સંસારની પરંપરાનો ક્ષય થાય છે અને સંસારના ક્ષયથી મોક્ષ થાય છે. માટે બધાં જ કલ્યાણનું સ્થાન 'વિનય' છે. (૩)

### પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૧૧)

મોક્ષમાં ગયેલા ભગવાન પણ ગુણના આરોપથી મારા વિશુદ્ધ ચિત્તમાં સાક્ષાત્ અનુભવાય છે. બહુ દૂર રહેલો પણ સૂર્ય, કિરણો દ્વારા દર્પણમાં સંગૃહિત થઈને ઘરમાં પ્રકાશ આપે છે. ૦ અથવા લોકવ્યાપિ સમયે કલારહિત જ આ તત્ત્વનું ધ્યાન કરવાથી સિદ્ધ થાય છે અર્થાત્ નિષ્ઠિત અર્થવાળા થાય છે.

### પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૧૩)

(૧) બ્રહ્મ એક જ અર્થાત્ અદ્વિતીય છે. (૨) બ્રહ્મ જ સત્ય છે, જગત મિથ્યા છે. જીવ બ્રહ્મ જ છે, બીજું કાંઈ નથી. (૩) આ સર્વ બ્રહ્મ જ છે. (૪) બ્રહ્મ સત્ય, જ્ઞાન, અનન્ત છે. (૫) આ આત્મા બ્રહ્મ છે. (૬) બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ થાય છે. (૭) બ્રહ્મ સત્ય, શિવ, સુંદર છે. (૮) આ આત્મા પ્રગટ કરવા યોગ્ય છે. (૯) આત્મા શાન્ત, અજર, અમર, અમૃત, અભય અને પર છે.

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૧૪)

આગ્રહરહિત અર્થાત્ માધ્યસ્થ ભાવવાન વક્તાથી તત્ત્વનો બોધ થાય છે અને મધ્યસ્થ, બુદ્ધિમાન, જિજ્ઞાસુ શ્રોતા સાંભળવાને પાત્ર છે.

૦ કોઈ જીવને હણવો નહીં.

૦ જ્ઞાતપુત્ર શ્રી મહાવીર ભગવાને મૂર્ચ્છાને પરિગ્રહ કહેલ છે.

૦ સ્યાદ્વાદથી સિદ્ધિ થાય છે.

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૪૪)

(૧) ઉપયોગ એ લક્ષણ છે. (૨) ઉપયોગ એ ધર્મ છે. જીવ જેના દ્વારા વસ્તુનો બોધ કરવા માટે વ્યાપાર કરે, તે ઉપયોગ. (૩) જ્ઞાન-દર્શનનું પ્રવર્તવું અર્થાત્ વિષયને અભિમુખ થવું - સમીપ જવું, તે યોગ અને નિત્ય સંબંધ કરવો તે ઉપયોગ. (૪) ઉપયોગ એટલે ભાવ. (૫) વિવક્ષિત કાર્યમાં મનને સ્થાપન કરવું, મનને વાપરવું તે ઉપયોગ. (૬) ભાવેન્દ્રિયનો બીજો પ્રકાર ઉપયોગ છે. (૭) ઉપયોગ આંતરશ્રુત પરિણામ છે. (૮) ઉપયોગ એ ચૈતન્યશક્તિ છે. (૯) સાવધાનતા એટલે ઉપયોગ. શ્રોતાની અભિમુખતા એટલે ઉપયોગ. (૧૦) સ્વાધ્યાયમાં જાગરૂકતા એ ઉપયોગ. (૧૧) વસ્તુનિમિત્તક ભાવ તે ઉપયોગ.

## પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૬૫)

પુરૂષોને અદ્વૈતની વાસના ઈશ્વરના અનુગ્રહથી જ થાય છે. એક જ દેવ સર્વ જીવોમાં ગુપ્તપણે રહેલો છે. જાણવા માટે બીજો કોઈ માર્ગ નથી. જ્ઞાન વિના મુક્તિ નથી. જ્ઞાનથી જ કૈવલ્ય પ્રાપ્ત થાય છે.

## પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૮૯)

બધું છોડીને મારૂં શરણું સ્વીકાર. હું તને બધા પાપોથી છોડાવીશ, એમાં શંકા નથી.

૦ બધા જીવોને પોતાના આત્મા જેવા જે જૂએ છે, તે દ્રષ્ટા છે.

# મયુર ઉપરથી ઉતર્યા જાણે મા શારદા...

મને સદા કલ્પના થાય છે કે પૂજ્ય પંન્યાસજી મહારાજે ઈ.સ.૧૯૩૨માં જ્યારે સૌ પ્રથમ વાર રોજનીશી લખવા કલમ સાહી હશે, ત્યારે દેવી સરસ્વતી સ્વયં જ મયુર ઉપરથી ઉતરીને જાણે તેમની અનુપ્રેક્ષાઓને હસ્તાક્ષરોમાં નિવસિત કરાવવા આવી પહોંચ્યાં હશે ...અને ૨૯ એપ્રિલ, ૧૯૮૦ની રાત્રે તેમની વિદાયવેળાએ થઈ ગયાં હશે તેઓ જાણે નિરાલંબા દેવી શારદા! શુદ્ધ ચૈતન્યનો વિરહ તેમને ય લાગ્યો હશે અવશ્ય કે હવે સ્મૃતિશેષ એવા તેમની ચક્ષુપૂજા કરવા ચહું, તો યે તે કઈ રીતે કરું?


આ હસ્તાક્ષરો સાથેની અમારી યાત્રા એટલે જાણે નિત્ય અમૃતક્રિયા કર્યાનો આનંદ! આ ૬૦મા સોપાન પર્યંત તે અનુભવ સતતપણે વૃદ્ધિ જ પામતો રહ્યો છે, કેમકે ચિદ્શક્તિના વિલાસનો ઉલ્લાસ તો વધતો જ રહેતો હોય છે ને? આઠે પહોરનાં આનંદનાં અધિષ્ઠાન રૂપ આ હસ્તાક્ષર કાર્યના ભાવિમાં થનારા વિરહની કલ્પના પણ આંખોને ભીની કરી દે છે, કિન્તુ આજ સુધીનાં આ ૭૨ મહિનાનાં સમયખંડને ગુરૂદક્ષિણા રૂપે વાવ્યાંનો સંતોષ પણ જીવનમાં ઉજાસ ઉજાસ પથરાવી દે છે.

જેઓના દિવ્ય આશીષસ્રોતથી જ આ કાર્ય અસ્ખલિતપણે ચાલી રહ્યું છે, તેવા વાગ્મિતાની છોળો અનવરત વહાવનાર પૂજ્ય ગુરૂમહારાજ તત્ત્વની સૂક્ષ્માતિસૂક્ષ્મતમ શ્રુતિને ય સુણી અને માર્મિકપણે આલેખી શકતાં હશે, તેથી જ આપણી માટે ખૂલી શકી છે તેમનાં દ્વારા મોક્ષપંથે જવાની આ ભવ્ય-રમ્ય ભીતર કેડી!

અક્ષરઆરાધનાની તેઓની આ આધ્યાત્મિક અભિવ્યક્તિને જૈનશાસનનાં ક્રોડો વંદન!


**ભારતી દિપક મહેતા**

॥ शुभम् भवतु ॥




ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૪ - ૧૯૭૫ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં ૮ પ્રકારની સિદ્ધિઓ




પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in